# વચનામૃત મૌક્તિકો

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૬૪

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ; તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :**

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ- સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્‌ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# વચનામૃત મૌક્તિકો

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૬૪

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •


શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
❋ પ્રકાશન સમિતિ ❋

*: પ્રેરક - માર્ગદર્શક :*
❋ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ❋


©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

*પ્રથમ આવૃત્તિ*
પ્રત : ૨૦૦૦
૨૦૦૭, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૩, મહા વદ ચૌદશ

*સેવા મૂલ્ય* : રૂ.૧૦/-

*પ્રકાશક*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦


*મુદ્રક*
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના
સ્વામી અને સદા સાકાર
દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ
**શ્રી સ્વામિનારાયણ ભગવાનના**
ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ
મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની
સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા
—આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ
પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ
**અનાદિ મહામુક્તરાજ**
**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના**
ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજીક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'**નું
સ્થાપન કરનાર કરૂણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના**
ચરણકમળમાં શતકોટિ વંદન!

●

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત -સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના ,આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક

દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્‌ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

# નિવેદન

શ્રીમુખવાણી વચનામૃત ગ્રંથ તો અધ્યાત્મનો મહાસાગર છે. રોજબરોજના વ્યસ્ત જીવનમાં આ ગ્રંથનો અભ્યાસ કરવો એ ઘણું કપરું કામ છે. એમાં રહેલા મહત્ત્વના વિષય મુદ્દાઓનો સાર કાઢી સંક્ષિપ્તમાં રજૂ કરવામાં આવે તો નિત્ય વાંચનમાં સરળતા રહે. એ હેતુને ધ્યાનમાં રાખી એ અગાધ અધ્યાત્મ મહાસાગરમાંથી કેટલા અમૂલ્ય મોતીઓ એકત્રિત કરી 'વચનામૃત મૌક્તિકો'રૂપે આ સંસ્થાના રજત જયંતી પ્રસંગના ઉપલક્ષે સાનંદ પ્રકાશિત કરીએ છીએ. આ નિત્ય મનનીય લઘુ પુસ્તિકા સત્સંગમાં બહોળો પ્રતિસાદ પામી સર્વોપયોગી બની રહે એવી અમને આશા છે.

અંતમાં સર્વાવતારી શ્રીહરિ, પરમ કૃપાળુ બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ તથા આપણા સૌના લાડીલા અ. મુ. પૂજ્ય શ્રી નારાયણભાઈની કૃપાવર્ષા આ પ્રકાશન કાર્યમાં ઉપયોગી થનાર તેમજ વાંચકવૃંદ ઉપર સદૈવ વરસતી રહો એજ અભ્યર્થના!

સં. ૨૦૬૩, મહા વદ ચૌદશ<br>
ઈ. સ. ૨૦૦૭, ૧૬ ફેબ્રુઆરી

પ્રકાશન સમિતિ<br>
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પ્રાપ્તિ શ્રીજીમહારાજની | ૧ |
| ૨. | ભગવાનની પ્રસન્નતા | ૩ |
| ૩. | દિવ્ય અક્ષરધામ | ૮ |
| ૪. | મૂર્તિમાં અખંડ વૃત્તિ | ૧૦ |
| ૫. | ભગવાન ભજતાં આવરણરૂપ માયા | ૧૬ |
| ૬. | એકાંતિક ભક્ત | ૧૯ |
| ૭. | અનન્ય ભક્ત | ૨૪ |
| ૮. | સંત સમાગમ તથા માહાત્મ્ય | ૨૯ |
| ૯. | મુક્ત સ્થિતિ | ૩૯ |
| ૧૦. | ભગવાનની ભક્તિ | ૪૫ |
| ૧૫. | દ્રોહ - અવગુણ | ૫૨ |
| ૧૨. | સવાસનિક-નિર્વાસનિક તથા નિષ્કામીપણું | ૬૨ |
| ૧૩. | ધર્મ-નિયમ | ૭૦ |
| ૧૪. | ધ્યાન | ૭૫ |
| ૧૫. | પક્ષ | ૭૯ |
| ૧૬. | ત્યાગ - વૈરાગ્ય | ૮૧ |
| ૧૭. | પાપી, વિમુખ તથા આસુરી મતીવાળા | ૮૬ |
| ૧૮. | કામાદિક શત્રુ | ૮૯ |
| ૧૯. | અલૌકિક મૂર્તિ મહારાજની | ૯૮ |
| ૨૦. | મૂર્તિનું દિવ્ય સુખ | ૧૧૦ |
| ૨૧. | પ્રાપ્તિ અક્ષરધામની | ૧૧૬ |
| ૨૨. | માહાત્મ્ય શ્રીજીમહારાજનું | ૧૧૯ |
| ૨૩. | શ્રીજીમહારાજનો નિશ્ચય | ૧૨૬ |
| ૨૪. | શ્રીજીમહારાજની ઉપાસના | ૧૩૩ |
| ૨૫. | સ્વરૂપનિષ્ઠા | ૧૩૫ |
| ૨૬. | કલ્યાણ તથા પરમપદની પ્રાપ્તિ | ૧૩૯ |
| ૨૭. | ભગવાનને વિષે પ્રીતિ | ૧૪૬ |
| ૨૮. | સત્સંગ અને કુસંગ | ૧૫૬ |
| ૨૯. | પંચવિષય | ૧૬૦ |
| ૩૦. | દેશ-કાળાદિક | ૧૬૪ |
| ૩૧. | આજ્ઞા | ૧૬૬ |

સર્વજીવહિતાવહ
બ્રહ્મયજ્ઞના
૨૫
વર્ષ
*રજત પર્વે અમૃત સમિપે*
૧૯૮૧ - ૨૦૦૬

# વચનામૃત
# મૌક્તિકો

# ૧ પ્રાપ્તિ શ્રીજીમહારાજની

૧. પ્રત્યક્ષ ભગવાનને વિષે જે દૃઢ નિષ્ઠા રાખે છે, ને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે, ને બીજું કાંઈ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બળાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે ને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે માટે જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ. (પ્ર.૯)

૨. જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહિ; તેની તો ભગવાન રક્ષા કરે છે. અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં ચાલતાં દેહ મૂકે છે પણ તેનું કલ્યાણ થાતું નથી ને મરીને યમપુરીમાં જાય છે. (પ્ર.૧૪)

૩. પરમેશ્વરનાં દર્શન તો એક દૃષ્ટિએ કરવાં પણ ચપળ દૃષ્ટિએ ન કરવાં અને પરમેશ્વરનાં દર્શન દૃષ્ટિને નિયમમાં રાખીને કરે છે તેને એ દર્શન નવીનનાં નવીન રહે છે અને પરમેશ્વરે જે જે વચન કહ્યાં હોય તે પણ એને નવીનનાં નવીન રહે છે (સા.૨)

૪. મુને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું માટે હું તો કૃતાર્થ થયો છું એવી

રીતે વિચારીને આનંદમાં રહેવું, પણ જેને તમોગુણ - રજોગુણ વર્તતા હોય તેને ધ્યાન-ધારણાને અર્થે આગ્રહ કરવો નહિ અને જેવું બની આવે તેવું ભજન-સ્મરણ કરવું ને દેહે કરીને ભગવાનની તથા સંતની પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી ને પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂર્ણકામ માનવું. (સા.૯)

૫. જેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે અને ગૃહસ્થાશ્રમી છે તો પણ તે નિર્ગુણ કહેવાય અને ત્યાગી હોય તે પણ નિર્ગુણ કહેવાય, માટે ભગવાનને પામ્યાનો જે માર્ગ તે જ નિર્ગુણ માર્ગ છે અને તે જે જે ભગવાન સંબંધી ક્રિયા કરે તે સર્વે નિર્ગુણ છે. અને જેને ભગવાનનો સંબંધ થયો છે તેના ભાગ્યનો પાર આવે નહિ અને તે ભગવાનનો સંબંધ એક જન્મને પુણ્યે કરીને થાતો નથી. (મ.૮)

૬. જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે, અને જ્યારે આવો સંત - સમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે, માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે. (છે.૨)

# ૨ ભગવાનની પ્રસન્નતા

૭. પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તેને વિષે અચળ નિષ્ઠા તથા આત્મનિષ્ઠાની અતિશે દઢતા તથા એક ભગવાન વિના બીજા સર્વે પદાર્થને વિષે અરુચિ તથા ભગવાનને વિષે માહાત્મ્યે સહિત એવી નિષ્કામ ભક્તિ, એ ચાર સાધને કરીને ભગવાનની અતિશે પ્રસન્નતા થાય છે. (પ્ર.૨૧)

૮. ભગવાનનો જે દઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. તેણે કરીને ભગવાન રાજી થાય છે ને તે આશરો અતિ દઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહિ. (પ્ર.૩૩)

૯. જેને ભગવાનને રાજી કરવા હોય તેને તો દેહના સુખને ઈચ્છવું નહિ, અને દર્શનનો પણ લોભ રાખવો નહિ ને ભગવાન જેમ કહે તેમ કરવું, એ જ ભગવાનને રાજી થયાનું સાધન છે. (પ્ર.૭૮)

૧૦. પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ્ય આવવા દઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે, એમાં લેશ માત્ર સંશય નહિ. (પ્ર.૭૮)

૧૧. જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા ને મત્સર એટલાં વાનાએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે. (કા.૬)

૧૨. અગિયારે ઈન્દ્રિયોના જુદા જુદા આહાર છે તે સર્વે આહારનો ત્યાગ કરે તેનું નામ એકાદશી વ્રત કહેવાય પણ અગિયારે ઈન્દ્રિયો કુમાર્ગે દોડે અને પોતપોતાના અન્નને ખાય તે એકાદશીનું વ્રત શાસ્ત્ર પ્રમાણે ન કહેવાય. માટે એકાદશીનું વ્રત કરવું ત્યારે તો અગિયારે ઈન્દ્રિયોને આહાર કરવા દેવા નહિ એવું વ્રત પંદર દિવસમાં એકવાર આવે છે તે ખબરદાર થઈને કરવું તો તેને ઉપર ભગવાન પ્રસન્ન થાય છે પણ તે વિના જે ઢોરલાંઘણ, તેણે કરીને ભગવાન પ્રસન્ન થાતા નથી. (મ.૮)

૧૩. સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે અને જે ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય ને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ અને બરોબરિયાપણું કરે નહિ એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે. (મ.૨૫)

૧૪. અમારી જે પ્રકૃતિ છે તે કહીએ છીએ જે, અમારો દયાળુ સ્વભાવ છે, તો પણ જે હરિભક્તનો દ્રોહી હોય તેનો તો અમારે અભાવ આવે છે અને હરિભક્તનું ઘસાતું જો કોઈ બોલ્યો હોય અને એને જો હું સાંભળું તો તે સાથે હું બોલવાને ઘણો ઈચ્છું

પણ બોલવાનું મન જ થાય નહિ, અને જે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશે રાજીપો થઈ જાય છે. (મ.૨૮)

૧૫. ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બણી આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને થાતું નથી. (મ.૪૦)

૧૬. ભગવાનનો દ્રોહ તેને જે ન કરે તેણે સંપૂર્ણ ભગવાનની પૂજા કરી અને તે વિના તો ચંદન-પુષ્પાદિકે કરીને પૂજે છે તો પણ ભગવાનનો દ્રોહી છે, માટે ભગવાનને જગતના કર્તા-હર્તા જાણે ને મૂર્તિમાન જાણે તે ઉપર જ ભગવાન રાજી થાય છે. (વ.૨)

૧૭. આપણે જ્યારે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઈચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી, માટે ભગવાનની ઈચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જાવું નહિ ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું. (છે.૧૩)

૧૮. જ્યારે ભગવાન ને ભગવાનના ભક્ત તે પોતાની ઉપર રાજી થાય ત્યારે તે ભક્તને એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મારી ઉપર ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થયા, અને શિક્ષાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્ત પોતાને વઢે ત્યારે પણ એમ વિચારવું જે મારાં મોટાં ભાગ્ય જે મુંને ભગવાન ને ભગવાનના ભક્ત વઢ્યા, જેણે કરીને મારામાં અવગુણ હશે

તે જાશે. એવી રીતે વઢે તો પણ રાજી થાવું, પણ વઢે ત્યારે મનમાં શોક ન કરવો. ને કચવાવું નહિ, ને પોતાના જીવને અતિ પાપી ન માનવો ને રાજી રહેવું. (છે.૨૩)

૧૯. ભગવાન સંબંધી ભક્તિ, ઉપાસના, સેવા, શ્રદ્ધા, ધર્મનિષ્ઠા એ આદિક જે જે કરવું તેમાં બીજા ફળની ઈચ્છા ન રાખવી, એમ સત્‌શાસ્ત્રમાં કહ્યું છે તે તો સાચું, પણ એટલી તો ઈચ્છા રાખવી જે એણે કરીને મારી ઉપર ભગવાનની પ્રસન્નતા થાય એટલી ઈચ્છા રાખવી. અને એવી ઈચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય. માટે ભગવાનની ભક્તિ આદિક જે ગુણ તેણે કરીને ભગવત્ પ્રસન્નતા રૂપ ફળને ઈચ્છવું, અને જો એ વિના બીજી ઈચ્છા રાખે તો ચતુર્ધા મુક્તિ આદિક ફળની પ્રાપ્તિ થાય. (છે.૨૫)

૨૦. ભગવાનની જે પ્રસન્નતા તે ઘણા ઉપચારે કરીને જે ભક્તિ કરે તેની જ ઉપર થાય ને ગરીબ ઉપર ન થાય એમ નથી. ગરીબ હોય ને શ્રદ્ધા સહિત જળ, પત્ર, ફળ, ફૂલ ભગવાનને અર્પણ કરે તો એટલામાં પણ રાજી થાય. કેમ જે ભગવાન તો અતિ મોટા છે. તે જેમ કોઈક રાજા હોય તેના નામનો એક શ્લોક જ કોઈક કરી લાવે તો તેને ગામ આપે તેમ ભગવાન તુરત રાજી થાય છે. (છે.૨૫)

૨૧. ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે ને પોતાના દેહથી વ્યતિરેક જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે ને ધર્મમાં દૃઢ

રહ્યો હોય, ને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય અને આવી રીતનો પોતે હોય તો પણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાને મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ, એવો જે હોય તે અમને બહુ ગમે. (છે.૨૯)

૨૨. ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક કર્મયોગે કરીને શૂળીએ ચડાવ્યો હોય ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે આ ભગવાન મુંને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક. એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે. એવો જે નિષ્કામી ભક્ત તેની ઉપર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે. (છે.૨૮)

૨૩. જે ભગવાન તેને અર્થે જે તપને કરતો હોય તથા યોગને સાધતો હોય તથા પંચવિષયના અભાવને કરતો હોય તથા વૈરાગ્યવાન હોય, ઈત્યાદિક જે જે સાધન તે ભગવાનની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તે ગમે. અને એવાને દેખીને અમારું મન રાજી થાય છે જે એને શાબાશ છે જે આવી રીતે વર્તે છે. (છે.૩૦)

# ૩ દિવ્ય અક્ષરધામ

૨૪. ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે ને અખંડ છે. તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે, જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત ને મનુષ્ય, પશુ, પક્ષી આદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે ને દેહ મૂક્યા પછી એ તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે. (પ્ર.૧૨)

૨૫. ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે ને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે માટે એવું અચળ અખંડ સુખ ભક્તજનને પમાડવાને અર્થે ભગવાન જે તે મનુષ્ય એવા જે પોતાના ભક્તજન તેની સર્વે સેવાને અંગીકાર કરે છે, માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સોતું પૃથ્વી ઉપર વિરાજમાન છે. (પ્ર.૭૧)

૨૬. ભગવાન જે પુરુષોત્તમ તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન રહે છે ને તે સત્ય સંકલ્પ છે ને અક્ષરધામને વિષે રહ્યા થકા જ જે જે બ્રહ્માંડમાં જે જે રૂપ પ્રકાશ્યાં જોઈએ તેવા તેવા રૂપને પ્રકાશ કરે છે. જેમ એ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા, તે જેટલી ગોપાંગનાઓ હતી તેટલા રૂપે થયા, તેમ જ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા પ્રકાશે છે અને પોતે તો સદાય અક્ષરધામમાં રહે છે અને જ્યાં આ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. (મ.૪૨)

૨૭. જે ભગવાન શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે તે તો રાજાધિરાજ છે, અને અખંડ મૂર્તિ છે અને પોતાનું અક્ષરધામરૂપી જે તખત તેને વિષે સદા વિરાજમાન છે, અને તે અક્ષરધામને આશ્રિત અનંતકોટી બ્રહ્માંડ રહ્યાં છે. (મ.૬૪)

૨૮. અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય ધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે. (છે.૨૧)

# ૪ મૂર્તિમાં અખંડ વૃત્તિ

૨૯. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ સાધન કઠણ નથી. અને જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી. (પ્ર.૧)

૩૦. જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી, ને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેને સાથે હેત રાખવું ને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિને ભૂલી જવાય તો પણ ભગવાને જે જે સ્થાનકને વિષે લીલા કરી હોય તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે ને તે જીવ મોટી પદવીને પામે ને તેનું ઘણું રૂડું થાય. (પ્ર.૩)

૩૧. મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિ વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં, તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે, ને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે, તથા વાજિંત્ર વજાડે છે, પણ તેણે કરીને

તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામ-રટણ કરવું તથા નારાયણ-ધૂન્ય કરવી ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું. (પ્ર.૨૨)

૩૨. ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે સર્વે કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે. (પ્ર.૨૩)

૩૩. જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ દેખાય છે તે મૂર્તિને વિષે અખંડ વૃત્તિ રહે તેણે કરીને એવી સ્થિતિ થાય છે. ને જેને જેવો ભગવાનનો મહિમા સમજાણો હોય તેના હૃદયમાં તેટલો જ પ્રકાશ થાય છે, ને તેટલો જ તેને પ્રણવ ને નાદ સંભળાય છે, ને જેટલો જેને ભગવાનનો નિશ્ચય ને મહિમા સમજાય છે તેને તેટલા ભૂંડા ઘાટ બંધ થઈ જાય છે. ને જ્યારે ભગવાનનો નિશ્ચય યથાર્થ થાય છે, ને યથાર્થ મહિમા સમજાય છે ત્યારે તેને ભૂંડા ઘાટ માત્ર ટળી જાય છે. (પ્ર.૨૪)

૩૪. ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન વિના બીજે રહે જ નહિ અને તેને તો એ જ ફિકર રહે છે, જે મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી તે તો ઘણું કઠણ પડશે, માટે પરમેશ્વરના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ કઠણ છે અને જે જગતના જીવ છે તેને પરમેશ્વરમાં વૃત્તિ રાખવી તે ઘણી કઠણ છે, માટે જેને પરમેશ્વરમાં વૃત્તિ ન રહે તે

પરમેશ્વરનો ભક્ત નહિ અને તે સત્સંગમાં આવતો હોય તો એ ધીરે ધીરે સંતની વાર્તા સાંભળતાં સાંભળતાં પરમેશ્વરનો ભક્ત થાશે. (પ્ર.૪૯)

૩૫. પૂર્વ જન્મનો કોઈક શુભ સંસ્કાર બળિષ્ઠ હોય તેને ભગવાનની મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે અથવા ભય, કામ ને સ્નેહ એ ત્રણ જેને વિષે અખંડ હોય તેને ભગવાન વિના બીજું પદાર્થ હોય તે પણ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય છે તો ભગવાન દેખાય એમાં શું કહેવું ? એ તો દેખાય જ. (પ્ર.૭૮)

૩૬. પૂર્વે ચોરાશી લાખ જાતનાં મારે માબાપ તથા સ્ત્રી-છોકરાં થયાં હતાં તેવાં ને તેવાં જ આ દેહનાં પણ છે ને કેટલાક જન્મની મા-બોન-દીકરીઓ તે કેટલીક રઝળતી હશે તેની જેમ મારે મમતા નથી તેમ આ દેહનાં સંબંધી તેની પણ મારે મમતા ન રાખવી, એવી રીતે વિચાર કરીને સર્વમાંથી પ્રીતિ તોડીને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે અખંડ ભગવાનમાં વૃત્તિ રહે. (કા.૭)

૩૭. મારે તો અખંડ ભગવાનનું ચિંતવન કરીને એકાંતિક ભક્ત થાવું છે અને જો કામ, ક્રોધ-લોભાદિક વિકારને વિષે મારી વૃત્તિ જાશે તો મારે ભગવાનના ચિંતવનમાં એટલો વિક્ષેપ થાશે એમ જાણીને કુમાર્ગ થકી અતિશે જ ડરતો રહે અને અધર્મને વિષે કોઈ કાળે પ્રવર્તે જ નહિ, એવી રીતે સમજે તો ભગવાનનું માહાત્મ્ય અતિશે સમજતો હોય તો પણ ધર્મમાંથી કોઈ કાળે

પડે નહિ અને ભગવાનનું જે અખંડ ચિંતવન થાવું તે કાંઈ થોડી વાત નથી ને ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જો દેહ મૂકે તો તે અતિ મોટી પદવીને પામે છે. (મ.૪)

૩૮. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટી સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી અને જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. (મ.૪)

૩૯. એક તો જેના ચિત્તનો ચોંટવાનો સ્વભાવ હોય તે જ્યાં ચોંટાડે ત્યાં ચોંટી જાય તે જેમ પુત્ર-કળત્રાદિકમાં ચોંટે છે તેમ પરમેશ્વરમાં પણ ચોંટે માટે એક તો એ ઉપાય છે. અને બીજો ઉપાય એ છે જે અતિશે શૂરવીરપણું, તે શૂરવીરપણું જેના હૈયામાં હોય ને તેને જો ભગવાન વિના બીજો ઘાટ થાય તો પોતે શૂરવીર ભક્ત છે માટે તેના હૃદયમાં અતિશે વિચાર ઊપજે તે વિચારે કરીને ઘાટ માત્ર ટાળીને અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખે છે. અને ત્રીજો ઉપાય તે ભય છે તે જેના હૃદયને વિષે જન્મ, મૃત્યુ ને નરકચોરાશી તેની બીક અતિશે રહેતી હોય તે બીકે કરીને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે. અને ચોથો ઉપાય તે વૈરાગ્ય છે, તે જે પુરુષ વૈરાગ્યવાન હોય તે સાંખ્ય શાસ્ત્રને જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને જુદો સમજીને તે આત્મા વિના બીજા સર્વ માયિક પદાર્થને અસત્ય જાણીને પછી તે આત્માને વિષે પરમાત્માને ધારીને તેનુ અખંડે

ચિંતવન કરે અને એ ચાર ઉપાય વિના તો જે ઉપર ભગવાન કૃપા કરે તેની તો વાત ન કહેવાય, પણ તે વિના બીજા તો અનંત ઉપાય કરે તો પણ ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહે નહિ અને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહેવી તે તો ઘણું ભારે કામ છે તે જેને અનેક જન્મનાં સુકૃત ઉદે થયાં હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે ને બીજાને તો અખંડ વૃત્તિ રાખવી મહા દુર્લભ છે. (મ.૩૯)

૪૦. ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે તે જ માયા છે. અને આ જીવને પોતાનો જે દેહ ને દેહનાં સગાં-સંબંધી ને દેહનું ભરણ-પોષણ કરનારો એટલાને વિષે તો જેવું પંચવિષયમાં જીવને અતિશે હેત છે તે થકી પણ વિશેષે હેત છે. માટે જેને દેહ ને દેહનાં સગાં સંબંધી ને દેહનું ભરણ-પોષણ કરનારા એમાંથી સ્નેહ તૂટ્યો તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને જ ભગવાનને વિષે હેત થાય છે અને જ્યારે ભગવાનને વિષે હેત થયું ત્યારે તેની ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે ને જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહી ત્યારે તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી; તે તો કૃતાર્થ થયો છે. (મ.૩૯)

૪૧. બ્રહ્મવેત્તા સંતનો સંગ ને શ્રી વાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર દર્શન ને ચિંતવન તે તો અતિશે દુર્લભ છે, માટે જેમ વિષયી જનને પંચવિષયનું ચિંતવન અંતઃકરણમાં થયા કરે છે તેમ જેના

અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે એથી ઉપરાંત મનુષ્ય દેહનો બીજો લાભ નથી, અને એ તો સર્વે હરિભક્તમાં મુખિયો છે. (મ.૪૮)

૪૨. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતો હોય તેને અતિશે પવિત્રપણે રહેવું. જેમ દેવને પૂજવાને તત્પર થાય તે દેવ સરખો પવિત્ર થઈને જો દેવની પૂજા કરે ત્યારે તેની જ પૂજાને દેવ અંગીકાર કરે છે, તેમ પરમેશ્વરને વિષે વૃત્તિ રાખતો હોય તેને પણ સાંખ્ય શાસ્ત્રની રીતે કરીને સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારું જાણીને કેવળ આત્મારૂપ થઈને પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃત્તિ રાખવી, એમ વૃત્તિ રાખતાં રાખતાં જ્યારે એ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ જ ધ્યાન કરનારા યોગીની નિદ્રા કહી છે. (વ.૮)

# (૫) ભગવાન ભજતાં આવરણરૂપ માયા

૪૩. ભગવાનનો ભક્ત હોય, તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતે જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ. (પ્ર.૧)

૪૪. સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે ને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહેજે હેત થાય છે તે હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે, માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે. ને ભગવાનને સર્વ સુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે. (પ્ર.૩૪)

૪૫. માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અતિ બંધન કરનારી છે ને અતિ દુઃખદાયી છે અને જે ભગવાનના ભક્ત છે તેને તો એ માયા અતિશે સુખદાયી છે અને માયાનાં કાર્ય જે ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે સર્વે ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે માટે ભગવાનના ભક્તને તો માયા દુઃખદાયી નથી; પરમ સુખદાયી છે. (લો.૧૦)

૪૬. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણે દેહ થકી નોખો એવો જે આ દેહને વિષે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને ને તેને વિષે ભગવાનની મૂર્તિને ધારીને, ને જાતિ, વર્ણ, આશ્રમ, તેના

માનને મૂકીને, ને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે તે વિના બીજો ઉપાય કોઈ નથી. (મ.૩૨)

૪૭. તમે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ તે રહેવા દેવો નથી. અને માયાના ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો, દશ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત, પંચવિષય ને ચૌદ ઈન્દ્રિયોના દેવતા એમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી ને એ સર્વે માયિક ઉપાધિ થકી રહિત સત્તામાત્ર એવો જે આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ રહેવા દેવો નથી. (મ.૪૫)

૪૮. પ્રત્યક્ષ ભગવાનની જે મૂર્તિ ને બીજા જે માયિક આકાર એ બેયને વિષે તો ઘણો ફેર છે, પણ જે અજ્ઞાની છે ને અતિશે મૂર્ખ છે તે તો ભગવાનને ને માયિક આકારને સરખા જાણે છે કેમ જે માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારના જે ચિંતવન કરનારા છે તે તો અનંતકોટી કલ્પ સુધી નરક ચોરાશીને વિષે ભમે છે. (મ.૪૯)

૪૯. મનુષ્યને મૂઆ ટાણે પથારી ઉપર સુવાર્યું હોય ત્યારે તે મનુષ્યમાંથી સૌને પોતાના સ્વાર્થની વાસના ટળી જાય છે અને તે મરનારાને પણ સંસારથકી મન ઉદાસ થઈ જાય છે તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું

સદા વર્તે છે. અને જેટલું માયિક પદાર્થ માત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છના સરખું જણાયા કરે છે, પણ એમ વિક્તિ નથી જણાતી જે આ સારું પદાર્થ છે ને આ ભૂંડું પદાર્થ છે. (મ.૫૫)

૫૦. ભગવાનનું સ્વરૂપ જ એવું છે, જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે, પણ ભગવાનને એમ બીક નથી જે રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં, ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે, અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો ચોવીશ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે. (વ.૭)

૫૧. મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થાતા માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે, પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી; એ તો અનાદિ જીવ જ છે, તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય, ત્યારે ભગવાનની માયાને તરે. (છે.૧૦)

૫૨. દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ એ જ માયા છે. તે એ માયાને ટાળવી ને એ માયાને જેણે ટાળી તે માયાને તર્યો કહેવાય, ને એ માયાને ટાળીને ભગવાનમાં પ્રીતિ કરવી. (છે.૩૯)

# ૬ એકાંતિક ભક્ત

૫૩. જેને ભગવાન વિના બીજી કોઈ વાસના ન હોય ને પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય તે એકાંતિક ભક્ત કહેવાય. (પ્ર.૧૧)

૫૪. સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે, ત્યારે તેને દિવસે દિવસે સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે, અને સર્વે હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે, ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે શુભ વાસના વૃદ્ધિ પામી છે, ને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થાતો જાય, ને અતિશે મોપ્યપને પામી જાય છે. (પ્ર.૨૮)

૫૫. જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય, તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે, તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યૌવન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે, તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે, એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય, ત્યારે જાણીએ જે વાસના જીતાણી, અને

વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે, અને વાસના જરાકે રહી જાય તો સમાધિવાળો હોય અને નાડી-પ્રાણ તણાતાં હોય તો ય પણ વાસના સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે, માટે વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત છે. (પ્ર.૬૦)

૫૬. જે એકાંતિક સંત છે તે તો ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે ને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ જે અનંતકોટી મુક્ત અને અક્ષરધામ એ સર્વેના આત્મા જાણે છે, માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય ને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે, એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે પણ ભગવાન તો સદા મૂર્તિમાન જ છે, એવી રીતે જે સમજે તેને એકાંતિક ભક્ત કહીએ. (પ્ર.૬૬)

૫૭. જો એને સંત તથા પરમેશ્વરના વચનને વિષે અતિશે શ્રદ્ધા હોય અને અતિ દૃઢ વિશ્વાસ હોય તો ગમે તેવાં તામસી કર્મ હોય પણ તેનો નાશ થઈ જાય અને કળિયુગના ધર્મ મટીને સત્યયુગના ધર્મ હોય તે વર્તે, માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય. (સા.૯)

૫૮. જેને આત્મનિષ્ઠા છે ને વૈરાગ્ય છે ને ભગવાનમાં પ્રીતિ પણ સાધારણ જેવી છે તે તો એમ જાણે છે જે, મારા જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન છે, એમ જાણીને

ઉપરથી તો ભગવાનની મૂર્તિનાં દર્શન-સ્પર્શાદિકને વિષે આતુરતા જેવું નથી જણાતું ને શાન્તપણા જેવું જણાય છે, તો પણ એની પ્રીતિનાં મૂળ ઊંડાં છે તે કોઈ કુસંગને યોગે કરીને પણ એની પ્રીતિ ઓછી થાય એવી નથી માટે એ ભક્ત શ્રેષ્ઠ છે ને એકાંતિક છે. (સા.૧૫)

૫૯. એકાંતિકપણું એમાં આવે એ અતિશે દુર્લભ છે તે એકાંતિકપણું તે શું તો ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય એ ત્રણે યુક્ત જે ભગવાનની ભક્તિ કરવી તેને એકાંતિકપણું કહીએ. (લો.૬)

૬૦. તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે આ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય ને તેને માયાની નિવૃત્તી થઈ કહેવાય ને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. (પં.૭)

૬૧. જે પોતાને બ્રહ્મરૂપ માનીને, સ્વધર્માદિક અંગે યુક્ત જે ભક્તિ તેણે યુક્ત થકો પરબ્રહ્મ એવા જે શ્રી પુરુષોત્તમ તેમનું

ધ્યાન, સ્મરણ ને ઉપાસના તેને કર્યા કરે અને દેહે કરીને જેટલાં ઈશ્વરે વર્તમાન કહ્યાં હોય તેમાં ફેર પડવા દે નહિ, એવો હોય તે એકાંતિક ભક્ત જાણવો. (મ.૨૧)

૬૨. જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના કોઈ પદાર્થની વાસના રાખે નહિ. (મ.૨૨)

૬૩. ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી; એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. (મ.૪૬)

૬૪. પરિપક્વ ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યો છે, માટે તેને તો પરમેશ્વર વિના બીજું સર્વે તુચ્છ જણાણું છે તે સારુ કોઈ પદાર્થમાં તે મોહ પામતો નથી; માટે આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ભગવાનને વિષે ભક્તિ એ ત્રણેય ભેળાં હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય અને એવો જે હોય તે તો ભગવાનનો જ્ઞાની ભક્ત કહેવાય, એકાંતિક ભક્ત કહેવાય, અનન્ય ભક્ત કહેવાય. (મ.૬૫)

૬૫. જો દૈવ ઈચ્છાએ કરીને સમાધિ થાય તો પણ સંકલ્પ-વિકલ્પ મટે નહિ અને સમાધિમાં જે જે દેખાય તેથી નવું નવું જોવાને ઈચ્છે પણ મનના વિકલ્પ મટે નહિ એવો હોય તેને

સમાધિ છે તો પણ સવિકલ્પ છે ને સમાધિ ન હોય તો પણ સવિકલ્પ છે, માટે એવો હોય તે ગુણાતીત એકાંતિક ભક્ત ન કહેવાય. અને જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી તો ય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે. (વ.૧)

૬૬. આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી, અને એ જો કોઈક કાળે દેહ ધરે તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને આધીન થકો દેહને નથી ધરતો માટે બ્રહ્મરૂપ થઈને પરમેશ્વરને ભજે તે જ શ્રેષ્ઠ છે. અને આ વાર્તા છે તે જે પરમેશ્વરનો અનન્ય ભક્ત છે અને એકાંતિક ભક્તના લક્ષણે યુક્ત છે તેને જ સમજાય છે. (અ.૨)

૬૭. જેને વિષે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ. (છે.૩૩)

## ૭ અનન્ય ભક્ત

૬૮. જે સ્વધર્મમાં રહીને પરમેશ્વરને ભજતો હોય તેને આત્મજ્ઞાન પણ દૃઢ જોઈએ, ને ભગવાનને વિષે પ્રીતિ પણ દૃઢ જોઈએ, અને વૈરાગ્ય પણ સુધો દૃઢ જોઈએ, ને એ ત્રણે અંગની જેને દૃઢતા હોય તેને પૂરો હરિભક્ત જાણવો ને તેમાં કાંઈ ન્યૂનતા હોય તેટલી ખોટ્ય જાણીને તેને ટાળી નાખવી. (પ્ર.૧૯)

૬૯. પાકા હરિભક્તનું શું લક્ષણ છે તો સારા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પંચવિષય તેનો જેમ દુ:ખદાયક વસ્તુનો સહેજે અભાવ રહે છે, તેમ જેને સહેજે અભાવ રહે છે ને એક પરમેશ્વરના સ્વરૂપને વિષે અચળ નિષ્ઠા વર્તે છે તેને પાકો હરિભક્ત જાણવો. (પ્ર.૫૮)

૭૦. સિદ્ધિઓ તો જેને પરિપક્વ ભગવાનનો નિશ્ચય હોય તેને જ આવે છે ને બીજાને તો સિદ્ધિઓ ઘણી દુર્લભ છે અને એ સિદ્ધિઓને પણ એ ભક્તની પરીક્ષા લેવા સારુ ભગવાન જ પ્રેરે છે જે, એને હું ઉપર ઘણું હેત છે કે સિદ્ધિઓ ઉપર ઘણું હેત છે ? એવી રીતે ભગવાન પોતાના ભક્તની પરીક્ષા જુએ છે. પછી જો એ પાકો ભક્ત હોય ને ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છે ને નિર્વાસનિક એવો એકાંતિક ભક્ત હોય તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે (પ્ર.૬૧)

૭૧. ભગવાનનાં ચરિત્ર તો સર્વે કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે, અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે. (પ્ર.૭૨)

૭૨. અંતકાળે એ ત્રણ અવસ્થા થકી પર ને બ્રહ્મરૂપ એવો પોતાના જીવાત્માને સાક્ષાત્કાર માનતો થકો જે દેહ મૂકે તે તો જેવી ઈશ્વરને સામર્થી હોય તેવી સામર્થી જણાવીને દેહ મૂકે છે ને એમ બ્રહ્મરૂપ થઈને ને સામર્થી જણાવીને દેહ મૂકવો તે ભગવાનના ભક્તને જ થાય છે, પણ બીજા વિમુખ જીવને એમ થાય જ નહિ. (પ્ર.૭૭)

૭૩. વિમુખ તો સારી રીતે દેહ મૂકે અથવા ભૂંડી રીતે દેહ મૂકે પણ નરકે જ જાય, અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને દેહ મૂકે, અથવા શૂન્ય મૂન્ય રહીને દેહ મૂકે પણ તેનું કલ્યાણ જ છે, પણ એમાં કાંઈ સંશય નથી. (પ્ર.૭૭)

૭૪. જે ભગવાનના ભક્ત હશે ને ભગવાન સંગાથે જ દૃઢ પ્રીતિ હશે તેને પણ રમણિક જે પંચવિષય તેને વિષે તો આનંદ ઊપજે જ નહિ અને દેહને રાખ્યા સારુ તો જેવા તેવા જે શબ્દાદિક વિષય તેણે કરીને ગુદરાણ કરે પણ રમણિક વિષય થકી તો તત્કાળ ઉદાસ થઈ જાય અને એવા જે હોય તે જ ભગવાનના પરિપૂર્ણ ભક્ત કહેવાય. (કા.૯)

૭૫. ઈન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય. (લો.૭)

૭૬. દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય. પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય, ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો. (મ.૧૦)

૭૭. જેનો બાળકપણાથી જ એવો સ્વભાવ હોય જે કોઈની છાયામાં તો દબાય જ નહિ, અને એ જ્યાં બેઠો હોય ત્યાં કોણેય હાંસી-મશ્કરી થાય નહિ, અને તેને કોણેય હળવું વેણ પણ કહેવાય નહિ, એવાં જેનાં લક્ષણ હોય તે કોઈ દિવસ ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન ને ભગવાનની ભક્તિ તેમાંથી પડે જ નહિ. (મ.૧૫)

૭૮. ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતા હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને જો ભક્તિને વિષે સહાયરૂપ થાતા હોય તો તો એ ઠીક છે એમ સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય. (મ.૨૬)

૭૯. પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યાં હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે, અને બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશે દઢપણે હોય તેમાં કોઈ સંશય નાખે તો સંશય પડે નહિ ને પોતાનું મન સંશય નાખે તો ય પણ સંશય પડે નહિ, એવો ભગવાનનો અડગ નિશ્ચય હોય, અને ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો તે જેમ માબાપ દીકરા, દીકરી તેનો પક્ષ રાખે છે, ને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, ને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો એ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય. (મ.૬૧)

૮૦. જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે, અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે તું પરમહંસ થા, તો તે તત્કાળ પરમહંસ થાય, એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભાને આગળ બેસે અથવા વાંસે બેસે, પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. (મ.૬૧)

૮૧. ભગવાનનો દઢ આશ્રય તે જેને હોય તેને મહા પ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે, અને જે જે પોતાને સુખ જોઈતું

હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય ને તે જ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય. (વ.૫)

૮૨. આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભગવત્ નિષ્ઠાર્થી જાણવો ને એ ભક્ત અતિ શ્રેષ્ઠ છે ને અતિ ઉત્તમ છે. (અશ્લા.૧)

૮૩. પોતાના દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા અન્ન ખાવા ન મળે, વસ્ત્ર ન મળે, ઈત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ તે આવી પડે તો પણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમ, ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચ માત્ર પણ મોળો ન પડે; રતિવા સરસ થાય તેને ખરો ભક્ત કહીએ. (છે.૨૫)

## (૮) સંત સમાગમ તથા માહાત્મ્ય

૮૪. સંતનો સમાગમ મળ્યો છે તે તો મુને પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ મળ્યો છે ને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્ન તુલ્ય છે, અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે, એમ સમજે, અને ગમે તેવું ભારે દુઃખ આવી પડે પણ તેણે કરીને પાછો પડે નહિ એવો જે ગૃહસ્થ તે અતિ શ્રેષ્ઠ છે, અને સૌ કરતાં ભગવાનના ભક્ત થાવું એ ઘણું કઠણ છે, અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો ઘણો દુર્લભ છે. (પ્ર.૧૪)

૮૫. જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમ જ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે; અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન ને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે, તેમ જ એમને સ્પર્શે કરીને પણ મતિ ઉત્તમ થાય છે. (પ્ર.૧૮)

૮૬. દિવસે દિવસે ભગવાનનું અતિશે માહાત્મ્ય જણાય તેને અર્થે સાધુનો સંગ નિરંતર રાખવો. (પ્ર.૨૧)

૮૭. અતિશે જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે ને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય ને ગમે

તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય ને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય. (પ્ર.૫૮)

૮૮. મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે ને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર, ઈર્ષ્યા એ સર્વેનો ત્યાગ કરે અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળે ભાવે રહે, પણ દેહે કરીને સર્વેને નમતો રહે તો એને ઉપર મોટા સંત રાજી થાય છે. (પ્ર.૫૮)

૮૯. મોટા પુરુષને અતિશે નિઃષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વે વિકારથી રહિત થઈ જાય ને પાકો હરિભક્ત થાય. (પ્ર.૫૮)

૯૦. પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે ને એમ જાણે જે, એ સર્વે ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું, એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે ને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે ને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે. (પ્ર.૫૮)

૯૧. જે ભક્ત એમ સમજે જે, આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક ને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં વિરાજમાન છે ત્યાં જ એ સર્વે ધામ છે, અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે, તે મારું અતિ બડું ભાગ્ય છે, એવી રીતે સમજે તો આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતો રહે. (પ્ર.૭૮)

૯૨. જ્યારે મનોમયચક્રની ધારા જે ઇન્દ્રિયો તે બૂઠી થઈ જાય ત્યારે ગમે તેવો શ્રેષ્ઠ વિષય હોય, તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહિ, અને થોથાની પેઠે ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી હઠે એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમયચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઇચ્છવું ને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું. (સા.૭)

૯૩. જેને કલ્યાણને ઇચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું જ નહિ, અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો તો નિશ્ચે જ એ જીવનું કલ્યાણ થાય, એમાં કાંઈ સંશય નથી. (સા.૧૦)

૯૪. મારા ચૈતન્યને વિષે આ ભગવાન સદાય વિરાજમાન છે તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને વિષે ભગવાન રહ્યા છે ને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે, અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ સમજે તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુ માત્ર છેટે નથી અને એવી રીતનો જે સંત હોય તે તો જેવા શ્વેતદ્વિપમાં મુક્ત છે તે સરખો છે અને એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મુને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું. (સા.૧૦)

૯૫. શાસ્ત્રે કરીને તો ભગવાન તથા સંત તેનું માહાત્મ્ય સમજવું. અને સંતથી એમ શીખવું જે, જે રીતે સંત ઈન્દ્રિયોને જીત્યાની યુક્તિ બતાવે જે આ રીતે નેત્રની દૃષ્ટિ નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્ય વાર્તા ન સાંભળવી ઈત્યાદિક જે યુક્તિ તે સંતથી શીખવી અને તે સંતે શિખાવી જે યુક્તિ તેને પોતાને વિચારે કરીને પોતાના કલ્યાણને અર્થે સવળી સમજીને માનવી ને તેમ વર્તવા લાગવું, એમ ત્રણે વાનાએ કરીને ઈન્દ્રિયો-અંતઃકરણ જિતાય છે. (લો.૫)

૯૬. જેનાં સંત વખાણ કરે છે તેને શ્રદ્ધા છે માટે ધર્મ પાળ્યાને વિષે તેનો વધારો છે ને તેને સંતની સેવા કરવાને વિષે તથા ભગવાનની વાત સાંભળવાને વિષે પણ શ્રદ્ધા છે ને સંતનો વિશ્વાસ છે માટે એ વધી ગયો; અને જે આવા સમાગમમાં રહ્યો થકો વધ્યો નહિ તે શ્રદ્ધા રહિત છે એમ જાણવું. (લો.૮)

૯૭. ભગવાન ને ભગવાનના સંતનો સંગ તે તો મહાદુર્લભ છે અને એ દુર્લભ વસ્તુની પ્રાપ્તિને વિષે એ સ્ત્રી જ પરમ વિઘ્નરૂપ છે, એવું જાણીને જે હૈયામાં દોષની દૃઢતા થઈ છે તેણે કરીને ગમે તેવી રૂપવાન સ્ત્રી દેખાઈ જાય તો પણ વિકાર થાય નહિ. (લો.૧૦)

૯૮. જ્ઞાનીને સર્વ પદાર્થ માત્ર તુચ્છ થઈ જાય છે ને એવા જ્ઞાનને વિષે એની વિશાળ દૃષ્ટિ થાય છે અને એવી રીતે જે સમજ્યો છે તે સુખિયો છે તથા જે વિશ્વાસી હોય કહેતાં એમ

સમજતો હોય જે, આવા મોટા સંત તથા ભગવાન જે વાત કહે છે તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય નથી એમ સમજીને તે ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવા લાગે એ બે જણ સુખિયા છે ને એ વિના જે બીજા છે તે સુખિયા નથી. (લો.૧૦)

૯૯. મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિ-નિષેધમાં વિશેષ જણાતું નથી પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે. (મ.૬)

૧૦૦. ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે અને ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી; એ જ પરમ કલ્યાણ છે. (મ.૫૯)

૧૦૧. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી, માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે તેવું હેત રાખવું તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (મ.૫૯)

૧૦૨. બત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ- વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે, તેટલાં સર્વે તે સંતના સંગમાં આવી જાય છે. (વ.૪)

૧૦૩. પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેમને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશે પ્રીતિ થાય ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ, અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમા પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ એ રીતિ છે, માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે, અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થાવાનું પણ એ જ સાધન છે. (વ.૧૧)

૧૦૪. કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે, ને વર્ણાશ્રમના જે ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે, અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે, માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે, ત્યારે સમાધિ થઈ જાય છે. (વ.૧૪)

૧૦૫. આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. (વ.૧૯)

૧૦૬. જ્યારે સર્વે કર્મ અને માયા તેના નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન વા ભગવાનના મળેલ

સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તે સર્વેને ઉલંઘાય છે, શા સારુ જે ત્યાં કર્મની તો ગતિ જ નથી. (જે.૧)

૧૦૭. તમ જેવા સંત જે ધર્મ-નિયમે યુક્ત તેની તો વાત જ નોખી છે, તે કહીએ છીએ જે, તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય, ને અંતે મોક્ષને પામે છે, અને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરશે તેનાં કોટી જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ પરમ કલ્યાણ થાશે, અને તમે જે જે નદી-તળાવને વિષે પગ બોળો છો તે તે સર્વે તીર્થરૂપ થાય છે, અને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વેનું રૂડું જ થાય છે, અને તમારાં કોઈક ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેના પાપનો ક્ષય થાય છે, ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. (જે.૪)

૧૦૮. અષ્ટાંગ યોગ તથા સાંખ્ય વિચાર, તથા શાસ્ત્ર પઠન તથા તપ, ત્યાગ, યજ્ઞ ને વ્રતાદિકે કરીને હું તેવો વશ થાતો નથી જેવો સત્સંગે કરીને વશ થાઉં છું, માટે અમને તો એમ ભાસે છે જે, પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે. અને આજે પણ જેને જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે. (છે.૨)

૧૦૯. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે, તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. (છે.૭)

૧૧૦. દેહે કરીને સર્વે સંતને પગે લાગવું, અને કોઈક સંત માંદા હોય તો તેનું માથું દાબવું, પગ દાબવા ને ખાધા-પીધાની ખબર રાખવી અને પોતાની પાસે પોતાને મનગમતી વહાલી વસ્તુ આવે તો તે સંતને આપીને પછી પોતાના કામમાં વાપરવી. એવી રીતે દેહે કરીને જો વર્તે, તો અંતરમાં ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અખંડ રહે. (છે.૧૪)

૧૧૧. ઈન્દ્રિયો-અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ, ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે, ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય, ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા, કેમ જે એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે, માટે જેને કલ્યાણનો ખપ હોય એવા જે પુરુષ તેને એવા સંતની સેવા કરવી. (છે.૨૬)

૧૧૨. ભગવાનની ને સંતની એવી રીતે મોટાઈ જાણતો હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ રહે જ નહિ ને તેને આગળ દાસાનુદાસ થઈને વર્તે ને ગમે તેટલું અપમાન કરે તો પણ તેના સંગને મૂકીને છેટે જવાને ઈચ્છે જ નહિ. (છે.૨૮)

૧૧૩. કલ્યાણનું અસાધારણ સાધન તો એ છે જે પુરુષોત્તમ ભગવાનને બ્રહ્મજ્યોતિના સમૂહને વિષે અનાદિ સાકાર મૂર્તિ સમજવા, ને તેના જ સર્વે અવતાર છે એમ સમજીને તે પ્રત્યક્ષ ભગવાનનો જે તે ભાવે કરીને આશ્રય કરવો, ને ધર્મે સહિત તે ભગવાનની ભક્તિ કરવી, ને તેવી ભક્તિએ યુક્ત જે સાધુ તેનો સંગ કરવો એ કલ્યાણનું અસાધારણ સાધન છે. (છે.૩૬)

૧૧૪. એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જીહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારે થાય જ નહિ, માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા ને નિવૃત્તિપર થાવું ને બરોબરિયાની સોબત ન રાખવી ને દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વરતવું ને વિષયના સંબંધથી તો છેટે જ રહેવું. (છે. ૩૮)

૧૧૫. મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માગ્યું છે જે અહંમમત્વરૂપ માયા થકી રક્ષા કરજો, ને તમારે વિષે પ્રીતિ થાજો, ને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થાજો, ને એ સાધુને વિષે હેત ને મમત્વ થાજો, માટે આપણે પણ એમ કરવું ને એમ માગવું, ને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો. (છે.૩૯)

# (૯) મુક્ત સ્થિતિ

૧૧૬. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે, તે તો પોતાના સ્વરૂપને અતિશે ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે. ને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. અને નારદ-સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને રહે છે. (પ્ર.૨૦)

૧૧૭. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે. અને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થી યુક્ત થકો પણ અન્ય જીવના માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થી છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ; એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા. (પ્ર.૨૭)

૧૧૮. ભગવાનના ભક્ત છે તે ભગવાનની કથા-કીર્તન-શ્રવણાદિક એવો જે ચારો તેને ચરીને પોતાનો માળો જે ભગવાનનું સ્વરૂપ તેમાં જઈને વિરામ કરે છે. અને વળી પશુ-પક્ષી સર્વે જીવ જેમ પોતપોતાનો ચારો કરીને પોતપોતાને સ્થાનકે

જઈને વિરામ કરે છે તેમ મનુષ્ય પણ જે જે કાર્ય હોય તેને અર્થે દેશ-વિદેશ જાય છે પણ પોતાને ઘેર આવે છે ત્યારે નિરાંત કરીને બેસે છે. (પ્ર.૩૨)

૧૧૯. ભગવાનને પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે તે તો જેમ નાવમાં બેસીને સમુદ્ર તરવાને ઈચ્છે એવા ડાહ્યા છે, અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂરમાં રહે છે; અને એવી નિષ્ઠા જેને ન હોય ને તેણે બીજાં સાધન જો કર્યાં હોય તો તે બીજા દેવતાના લોકમાં રહે છે અને જે એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે, અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે એવા એ મોટા છે. (પ્ર.૩૭)

૧૨૦. પુરુષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે તેને જે આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે, તે તો એ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે, ને અનંત ઐશ્વર્યને પામે છે. અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે, તે તો બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે તે પાછો કોઈ દિવસ નીસરતો નથી ને કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. (પ્ર.૬૪)

૧૨૧. અંજન જે માયા તે થકી જે રહિત થયો તે ભગવાનના તુલ્યપણાને પામે છે કહેતાં જેમ ભગવાન શુભ-અશુભ કર્મે કરીને

બંધાતા નથી તેમ તે મુક્ત પણ શુભ-અશુભ કર્મે કરીને બંધાય નહિ, અને જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોખાં રહ્યાં થકાં ભગવાનની સેવામાં રહે છે, તેમ તે ભક્ત પણ અતિશે હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભર્ગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. (સા.૧૧)

૧૨૨. જ્યારે ભજનનો કરનારો જીવ રૂપે હતો ત્યારે એ જીવમાં ખદ્યોત જેટલો પ્રકાશ હતો પછી જેમ જેમ ભગવાનનું ભજન કરતાં કરતાં આવરણ ટળતું ગયું તેમ તેમ દીવા જેવો થયો, પછી મશાલ જેવો થયો, પછી અગ્નિની જ્વાળા જેવો થયો, પછી દાવાનળ જેવો થયો, પછી વીજળી જેવો થયો, પછી ચંદ્રમા જેવો થયો, પછી સૂર્ય જેવો થયો, પછી પ્રલયકાળના અગ્નિ જેવો થયો, પછી મહાતેજ જેવો થયો, એવી રીતે પ્રકાશ પણ વૃદ્ધિને પામ્યો અને સામર્થી પણ વૃદ્ધિને પામી અને સુખ પંણ વૃદ્ધિને પામ્યું, એવી રીતે ખદ્યોતથી કરીને મહાતેજ પર્યંત આદ્ય, મધ્ય ને અંત જે ભેદ કહ્યા તે સર્વે મુક્તના ભેદ છે તે જેમ જેમ અધિક સ્થિતિને પામતા ગયા ને ભગવાનનો મહિમા અધિક જાણતા ગયા તેમ તેમ મુક્તપણામાં વિશેષપણું આવતું ગયું. (સા.૧૭)

૧૨૩. સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો અને એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે. (મ.૮)

૧૨૪. જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ, એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભાગવત સંત જાણવા. (મ.૨૩)

૧૨૫. જેને ભગવાનના ભક્તનો સંગ છે ને ભગવાનનો રાજીપો છે, ને તે જો મર્ત્યલોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે, કેમ જે, જે સંતની સેવા કરે છે ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જાઈને જ નિવાસ કરશે અને જો ભગવાનના ધામમાં છે ને ભગવાનનો રાજીપો નથી ને ભગવાનના ભક્ત ઉપર ઈર્ષ્યા છે તો તે ભક્ત ભગવાનના ધામમાંથી પણ જરૂર હેઠો પડશે, માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે, અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. (મ.૨૮)

૧૨૬. જ્યારે જીવને અંત સમો આવે છે ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થાય છે, પછી ભગવાન કે ભગવાનના સંતનું જ્યારે દર્શન થાય છે ત્યારે સર્વે દુઃખનો નાશ થઈ જાય છે, એવો ભગવાનનો ને ભગવાનના ભક્તનો મહિમા મોટો છે,

અને ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે; એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ. (મ.૬૩)

૧૨૭. જેને ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને જીવતે તો ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકાં જ દિવસ ને રાત્રિ વીતે છે. અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવાત્મા તેનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય છે, અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે, અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે, અને દેહ મૂકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે. (મ.૬૬)

૧૨૮. જેમ ભગવાન કાળ, કર્મ ને માયા થકી રહિત છે, તેમ જ ભગવાનના ભક્ત પણ કાળ, કર્મ ને માયા થકી રહિત થાય છે, ને અખંડ ભગવાનની સેવાને વિષે રહે છે એવી દેહ મૂક્યા કેડે પ્રાપ્તિ થાય છે. (મ.૬૬)

૧૨૯. મોટા પુરુષ છે ને સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે. એવી રીતે એ ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. તે વીજળીના અગ્નિ જેવા તો ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો પોતે ભગવાન છે એમ જાણવું. (વ.૩)

૧૩૦. ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત, તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે, તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. (વ.પ)

૧૩૧. માયામય એવાં જે ત્રણ શરીર તેની ભાવનાએ રહિત કેવળ આત્મસત્તા રૂપે રહીને જે ભક્ત પરમેશ્વરની મૂર્તિનું ચિંતવન કરતો હોય તેને ભગવાનના ચિંતવનને બળે કરીને જ્યારે ઉપશમ અવસ્થા વર્તે ત્યારે એ ભક્તને ઉપશમને બળે કરીને પંચવિષય જન્મ-મરણના હેતુ ન થાય. (અ.૩)

૧૩૨. એક તો ભગવાનનું અતિશે માહાત્મ્ય સમજતો હોય અને બીજું ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, ચાકરી, દર્શન કરવું તેમાં અતિશે વેગવાન શ્રદ્ધા વર્તતી હોય એવો જે ભગવાનનો ભક્ત તેને એ ઉપશમ દશા આવે છે. (અ.૩)

# ૧૦ ભગવાનની ભક્તિ

૧૩૨. આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહિ, ને આ દેહનાં સંબંધીને પોતાના સંબંધી માનવાં નહિ, કેમ જે ચોરાશી લાખ જાત્યના દેહ ધર્યા તેનો સંબંધ રહ્યો નહિ, તો આ દેહનો સંબંધ પણ નહિ જ રહે. તે માટે દેહગેહાદિક સર્વે પદાર્થને અસત્ય જાણીને તથા દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તેથી જુદું પોતાનું સ્વરૂપ જાણીને તથા પોતાના ધર્મમાં રહીને, ભગવાનની નિષ્કામ ભક્તિ કરવી. (પ્ર.૨૧)

૧૩૩. ભગવાનનો નિશ્ચય તથા ભગવાનનું માહાત્મ્ય તથા વૈરાગ્યે સહિત આત્મજ્ઞાન એ ત્રણની અતિશે દઢતા રાખવી ને પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે મુને સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ મળ્યા છે ને તેની આજ્ઞામાં રહીને હું તેનું ભજન કરું છું, માટે હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી. (પ્ર.૨૫)

૧૩૪. જ્યારે કેવળ ભગવાનનું જ ચિંતવન રહે છે ત્યારે ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવને પામી જાય છે, ત્યારે એ ભક્તને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. પછી એવા શૂન્યને વિષે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં પ્રકાશ થઈ આવે છે, ને તે પ્રકાશમાં ભગવાનની મૂર્તિ દેખાય છે માટે

એવી રીતે કેવળ ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ હોય એ પતિવ્રતાની ભક્તિ છે. (પ્ર.૨૬)

૧૩૫ પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડો કાળ વર્તતો હોય ત્યાંથી આઘું-પાછું ખસી નીસરવું. અને સંગ પણ પ્રભુના ભક્ત ને પંચવર્તમાને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની તે ભક્તિનું બળ અતિશે વૃદ્ધિ પામે. (પ્ર.૨૯)

૧૩૬. અમારે તો કોઈ સગાં-સંબંધી સાથે હેત નથી તથા અમારી સેવા કરતો હોય ને તેના હૃદયમાં જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો તે ઉપર હેત કરીએ તો ય પણ ન થાય ને જો નારદજી જેવો ગુણવાન હોય ને તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે. (પ્ર.૩૭)

૧૩૭. ભગવાનને વિષે પ્રેમે કરીને અતિ રોમાંચિત ગાત્ર થઈને તથા ગદ્ગદ કંઠ થઈને જો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અથવા એવી રીતે જે ભગવાનની માનસી પૂજા કરે છે તો એ બેય શ્રેષ્ઠ છે અને પ્રેમે કરીને રોમાંચિત ગાત્ર ને ગદ્ગદ કંઠ થયા વિના કેવળ શુષ્ક મને કરીને પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે છે તો ય ન્યૂન છે ને માનસી પૂજા કરે છે તો ય ન્યૂન છે. (સા.૩)

૧૩૮. ભગવાનના ભક્તને તો સદા અતિ પ્રસન્ન રહેવું અને પ્રસન્ન મને કરીને ભગવાનનું ભજન કરવું પણ ગમે તેવો ભૂંડો દેશકાળ હોય તો પણ હૈયામાં લેશમાત્ર મૂંઝવણ આવવા દેવી નહિ. (લો.૪)

૧૩૯. અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ તે જેને હોય તેના દોષ માત્ર ટળી જાય છે ને તેને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ એ ન હોય તો પણ એ સર્વે આવે છે માટે એ સાધન સર્વમાં મોટું છે. (લો.૧૬)

૧૪૦. સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા એ સર્વે ક્ષેત્ર છે તે ક્ષેત્રને પોતાના આત્માથી પૃથક્ જાણે છે જે, એ મારે વિષે કોઈ દિવસ હોય નહિ હું તો એનો જાણનારો છું ને અતિ શુદ્ધ છું, અરૂપ છું, અલિંગ છું, ચૈતન્ય છું અને એ ક્ષેત્ર તો અતિ મલિન છે, જડ છે, નાશવંત છે એમ દૃઢપણે સમજીને એ સર્વથી વૈરાગ્ય પામીને સ્વધર્મે સહિત જે ભગવાનને વિષે ભક્તિ કરવી તેને એકાંતિકની ભક્તિ કહીએ અને એને જ્ઞાની કહીએ. (પં.૩)

૧૪૧. અતિશે ત્યાગ રાખીને ને અતિશે દયા રાખીને મૂઠી વાળીને બેસી રહે તેણે ભગવાનની ભક્તિ થાતી નથી, અને જ્યારે ભક્તિએ રહિત થાય ત્યારે ભગવાનની ઉપાસનાનો નાશ થઈ જાય એટલે પછવાડેથી અંધ પરંપરા ચાલે તે સારુ અમે મંદિર કરાવ્યાં છે તે અખંડ ભગવાનની ઉપાસના રાખ્યા સારુ કરાવ્યાં છે. અને જે ઉપાસક હોય તે પોતાના ધર્મમાંથી ભ્રષ્ટ થાય જ નહિ, માટે પોતપોતાના ધર્મમાં રહીને ભગવાનની ભક્તિ ઉપાસના કરવી. (મ.૨૭)

૧૪૪. ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય તથા આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી; અને જો અતિશે આત્મનિષ્ઠા ને વૈરાગ્ય ન હોય, ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય અને માયાને તરે માટે જીવને કલ્યાણનું કારણ તો ભગવાનની ભક્તિ જ છે. (મ.૩૨)

૧૪૩. જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને તે સેવા કરવી તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી. (મ.૪૧)

૧૪૪. શ્રદ્ધાએ સહિત સેવા-ચાકરી કરે તે અમને ગમે અને શ્રદ્ધા વિના તો કોઈ જમ્યાનું લાવે તો તે જમ્યાનું ગમે નહિ ને વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવું ગમે નહિ અને પૂજા લાવે તો પૂજા ગમે નહિ અને શ્રદ્ધાએ કરીને કરે તે અતિશે ગમે અને શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતો હોય ને બીજો કોઈક તેમાં ભક્તિ કરવા આવે તેની ઉપર ઈર્ષ્યા કરે તો તે અમને ન ગમે માટે શ્રદ્ધાએ સહિત ને ઈર્ષ્યાએ રહિત જે ભક્તિ કરે તે અમને અતિશે ગમે છે. (મ.૫૨)

૧૪૫. સારો દિવસ પ્રવૃત્તિ માર્ગમાં રહીને ગમે તેવી ક્રિયા કરી હોય ને ભગવાનનું ભજન કરવા બેસે તે સમે એ ભજનના કરનારાનાં ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ એ સર્વે એકાગ્ર થઈને

જો ભજનમાં જોડાય, તે એવી રીતે એક ઘડી કે અર્ધ ઘડી પણ જો ભગવાનના ભજનમાં જોડાય તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય છે. (મ.૬૨)

૧૪૬. અતિશે આત્મનિષ્ઠા જે શુકજીની પેઠે જે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું. અને બીજું પતિવ્રતાનું અંગ જે ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું. અને ત્રીજું દાસપણાનું અંગ જે હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું. એ ત્રણ અંગ વિના કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ થાતું નથી, અને અમે તો એ ત્રણે અંગને દૃઢ કરીને રાખીએ છીએ, અને એ ત્રણ અંગમાંથી જેને એકે અંગ દૃઢપણે હોય તો તે કૃતાર્થ થાય છે. (મ.૬૨)

૧૪૭. જો માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, ધર્મ ને વૈરાગ્ય એ સામાન્યપણે હોય તો પણ કોઈ દિવસ એ ધર્મમાંથી પડે નહિ કેમ જે જે ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે તે ભગવાનની આજ્ઞા હુંથી કેમ લોપાય ? એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે. (વ.૩)

૧૪૮. જ્યારે વર્તમાનથી બહાર સંકલ્પ થાય તથા કોઈ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય, ત્યારે નરનારાયણ સ્વામિનારાયણ એમ વારંવાર પોકારીને નામ ઉચ્ચારણ કરવું. અને બીજું માહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ

પ્રકારની ભક્તિ કર્યા કરે ત્યારે ભગવાન તેના હૃદયમાં વાસ કરીને દુષ્ટ વાસનાને નાશ પમાડે છે. (જે.૩)

૧૪૯. નિર્માન આદિક વર્તમાનમાં કોઈ દિવસ ચૂક પડવા દેશો મા; અતિ કુશળ રહેવું, અને દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું જાણવું, અને શ્રી પુરુષોત્તમ એવા જે નરનારાયણ તેમની નિરંતર ખટકે સહિત ભક્તિ કરવી ને ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનના પ્રગટ દર્શનના સુખ તુલ્ય છે. (જે.૩)

૧૫૦. માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તેમાં તો કોઈ જાતનું વિઘ્ન આવે નહિ. અને માહાત્મ્ય જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરીને જો ભક્તિ કરે તો તેમાં વિઘ્ન આવે છે. (છે.૫)

૧૫૧. મોટા પુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે. (છે.૫)

૧૫૨. ભગવાનનો ભક્ત હોય ને ભગવાનની કથા, કીર્તન, શ્રવણાદિક જે નવધા ભક્તિ તેને જો હરિભક્ત ઉપર ઈર્ષ્યાએ કરીને કરે તો તે ભક્તિએ કરીને ભગવાન અતિશે રાજી થાતા નથી અને ઈર્ષ્યાનો ત્યાગ કરીને કેવળ પોતાના કલ્યાણને અર્થે ભક્તિ કરે, પણ લોકને દેખાડ્યા સારુ ન કરે, તો તે ભક્તિએ કરીને ભગવાન પ્રસન્ન થાય છે. (છે.૬)

૧૫૩. વૈરાગ્ય, સ્વધર્મ, તપ ને નિયમ એ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જીતાય છે, અને ભગવાનની માહાત્મ્યે સહિત જે નવધા ભક્તિ તેણે કરીને મન જીતાય છે. (છે.૧૧)

૧૫૪. ભક્ષ, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય પોતાના મનમાં ખાવાને ગમતાં હોય તેવાં ભગવાનને અર્થે ચિંતવવાં, અને તેવાં ભગવાનને ન ભાવતાં હોય તો પણ પોતાને ગમતાં જ ભોજન ભગવાનને અર્થે ચિંતવવાં. અને બીજા જે ધુપ, દીપ, આરતી એ આદિક ઉપચાર તે યથાયોગ્ય ભગવાનને અર્પણ કરવા. એવી રીતે ત્રણે ઋતુમાં ભિન્ન ભિન્ન પૂજા કરે તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે ને તેના જીવને બહુ સમાસ થાય છે. (છે.૨૩)

૧૫૫. ભગવાનની કથા-વાર્તામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય. અને જો કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે એમાં મોટા ગુણ નહિ આવે. અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે, માટે જો શ્રવણ ભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થાશે. (છે.૨૪)

૧૫૬. જે ભગવાનના ભક્તને સ્ત્રી, ધન, દેહાભિમાન ને સ્વભાવ એ ચાર વાનામાં કાચપ હોય, ને તે ભગવાનની ભક્તિ કરતો હોય તો પણ એની ભક્તિનો વિશ્વાસ નહિ, એની ભક્તિમાં જરૂર વિઘ્ન આવે. (છે.૩૩)

# (૧૧) દ્રોહ - અવગુણ

૧૫૭. જે સાધુને સંગે કરીને ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે, ત્યારે તે સ્વભાવને મૂકી શકતો નથી, ને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી. (પ્ર.૧)

૧૫૮. જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે, ને વિચારીને તેને ત્યાગ કરી દે, અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય, તો તેને ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ અને ભગવાન ને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તે વચનને વિષે સંશય કરે નહિ. (પ્ર.૧૬)

૧૫૯. અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે ને અમે કૃતાર્થ થયા છીએ એમ સમજીને પ્રત્યક્ષ ભગવાનની આજ્ઞામાં રહ્યા થકા ભગવાનની ભક્તિ કરે છે. માટે એવા જે હરિભક્ત તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ, અને જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે. (પ્ર.૩૧)

૧૬૦. એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચાર વાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહિ, તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહિ, અને એ ચાર વાનાં માંહેલું એક જો રાખે તો જેમ જય-વિજય ઘણાય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠ લોકમાંથી પડી ગયા, ને આસુરી બુદ્ધિ થઈ તેમ તેની પણ આસુરી બુદ્ધિ થાય અને જ્યારે આસુરી બુદ્ધિ થાય ત્યારે ભગવાન તથા ભગવાનના ભક્તના જે ગુણ હોય તે દોષ સરખા ભાસે છે. (પ્ર.૩૫)

૧૬૧. જ્યારે પરમેશ્વરની બાંધેલ જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો, પણ કોઈ વર્તમાનમાં તો ફેર ન હોય ને તેની સ્વાભાવિક પ્રકૃતિ ઠીક ન જણાતી હોય તેને જોઈને તે સાધુમાં બીજા ઘણાક ગુણ હોય તેનો ત્યાગ કરીને જો એકલા અવગુણને જ ગ્રહણ કરે તો તેના જ્ઞાન-વૈરાગ્યાદિક જે શુભ ગુણ તે ઘટી જાય છે, માટે વર્તમાનમાં ફેર હોય તો જ અવગુણ લેવો પણ અમથો ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ, ને જો અવગુણ લે નહિ તો તેને શુભ ગુણની દિવસ દિવસ પ્રત્યે વૃદ્ધિ થાતી જાય છે. (પ્ર.૫૩)

૧૬૨. દેશ, કાળ, ક્રિયા ને સંગ અતિ પવિત્ર છે અને તેમાં પણ જો એની બુદ્ધિ મલિન થઈ જાય છે તો એને પૂર્વ જન્મનું તથા આ જન્મનું કોઈ મોટું પાપ છે તે નડે છે અથવા કોઈ

મોટા ભગવાનના ભક્તનો દ્રોહ થઈ ગયો છે તે એને નડે છે, કેમ જે દેશ, કાળ, ક્રિયા ને સંગ રૂડા છે, તો ય પણ એનું અંતર ભૂંડું થઈ જાય છે. માટે હવે જો મોટા પુરુષની સેવામાં ખબરદાર થઈને રહે તો એનાં પાપ બળીને ભસ્મ થઈ જાય અને જો અતિ પાપીનો સંગ થાય તો પાપનો વધારો થાય અને કાંઈક સુકૃત હોય તે પણ નાશ પામે. (પ્ર.૫૫)

૧૬૩. બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા, માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહિ. (પ્ર.૭૧)

૧૬૪. મોટા પુરુષને વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વે દોષ થકી રહિત થાય છે અને જે મોટા પુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે પછી એ સત્પુરુષને વિષે દોષ બુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે. તો ય પણ દુઃખિયો મટે નહિ. (પ્ર.૭૩)

૧૬૫. ભગવાનના ભક્ત સંગાથે વૈરબુદ્ધિ રાખે તેનું તો કલ્યાણ ન થાય, અને જેમ જેમ વૈર કરતો જાય તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય, અને દેહ મૂકે ત્યારે પંચ મહાપાપના કરનારા જે નરકના કુંડમાં પડે તે પણ તે જ કુંડમાં પડે છે, તે માટે

ભગવાનના ભક્તમાં જેને હેત હોય, તો સંબંધી હોય અથવા બીજો કોઈ હોય તે સર્વનું કલ્યાણ થાય છે. (પ્ર.૭૫)

૧૬૬. મોટા સંતને દુઃખવ્યા હોય અથવા કોઈ ગરીબને દુઃખવ્યા હોય અથવા માબાપની ચાકરી ન કરી હોય તે માટે એમણે શાપ દીધો હોય તેણે કરીને એની બુદ્ધિ એવી છે. (કા.૨)

૧૬૭. જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં પશુપક્ષી તથા વૃક્ષવેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે તો જે મનુષ્ય હોય અને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું, માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય તો તે સત્સંગી છે તો પણ તેને અર્ધો સત્સંગી જાણવો. (કા.૯)

૧૬૮. જેમ મનુષ્યના હાથ, પગ, નાક, કાન, આંખ, આંગળીઓ એ આદિક જે અંગ તે કપાય તો પણ એ મનુષ્ય મૂઓ કહેવાય નહિ અને જ્યારે ધડમાંથી માથું કપાઈ જાય ત્યારે તેને મૂઓ કહેવાય. તેમ હરિજનનો જેને અવગુણ આવે તેનું તો માથું કપાણું અને બીજા વર્તમાનમાં કદાચિત્ ફેર પડે તો અંગ કપાણું કહેવાય પણ તે જીવે ખરો, કહેતાં તે સત્સંગમાં ટકે ખરો ને જેને સંતનો

અવગુણ આવ્યો તે તો નિશ્ચે સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ જ થાય એ એનું માથું કપાણું જાણવું. (લો.૧)

૧૬૯. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, મેં અતિ મોટું પાપ કર્યું જે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો, એવા વિચારમાંથી અતિશે દાઝ હૈયામાં થાય તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહિ તથા રાત્રીને વિષે નિદ્રા પણ આવે નહિ અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહિ ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશે ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુ:ખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે, એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય પણ એ વિના બીજો કોઈ એવો ઉપાય નથી કહ્યો; એ જ એક ઉપાય છે. (લો.૧)

૧૭૦. ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનના ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (મ.૧૧)

૧૭૧. ભગવાનનો ભક્ત હોય તેને તો સૌથી વિશેષ પોતામાં જ અવગુણ ભાસે, અને જે બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે. (મ.૨૬)

૧૭૨. જેનું રૂડું થાય છે, તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે, અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. (મ.૨૮)

૧૭૩. ભગવાનના ભક્તનો મને, વચને ને દેહે કરીને જે કાંઈક જાણ્યે-અજાણ્યે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુ:ખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થાતું નથી. (મ.૪૦)

૧૭૪. જેને આ દેહે કરીને પરમ સુખિયા થાવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થાવું હોય તેને ભગવાનના ભક્તનો મને-વચને-દેહે કરીને દ્રોહ ન કરવો, અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. (મ.૪૦)

૧૭૫. પૂર્વે મોટા પુરુષનો સંગ હશે અથવા ભગવાનનું દર્શન થયું હશે તેને તો પોતાના જ અવગુણ ભાસે પણ બીજા હરિભક્તના અવગુણ ભાસે જ નહિ ને એવાં જેનાં લક્ષણ હોય તેને દૈવી જીવ જાણવા. અને જે આસુરી જીવ હોય તેને તો પોતામાં એકે અવગુણ ભાસે નહિ અને બીજા જે હરિભક્ત હોય તેને વિષે જ કેવળ અવગુણ ભાસે એવી જેની બુદ્ધિ હોય તેને આસુરી જીવ જાણવો. (મ.૪૪)

૧૭૬. પંચ મહાપાપે યુક્ત હોય ને તેને જો ભગવાન ને ભગવાનના સંતને વિષે અવગુણ ન આવ્યો હોય, તો એનાં પાપ નાશ થઈ જાય ને એનો ભગવાનના ધામમાં નિવાસ થાય, માટે પંચ મહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે. (મ.૪૬)

૧૭૭. જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી. (મ.૬૩)

૧૭૮. પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાતો નથી. માટે ભગવાનના ભક્તની જે સેવા-ચાકરી કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી, ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ નથી, માટે જેને પોતાના જીવને બળવાન કરવો હોય તેને તો ભગવાન કે ભગવાનના ભક્તને મન-કર્મ-વચને શુદ્ધ ભાવે કરીને સેવવા. (મ.૬૩)

૧૭૯. આ સર્વે જગતના કર્તા-હર્તા ભગવાન છે તેને કર્તા-હર્તા ન સમજીએ ને વિશ્વના કર્તા-હર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ, અથવા કર્મને જાણીએ, અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે, કેમ જે ભગવાન સર્વના કર્તા-હર્તા છે, તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ ને માયા તેને જગતના કર્તા-હર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે. (વ.૨)

૧૭૦. એક તો ભગવાન, ને બીજા ભગવાનના ભક્ત, ને ત્રીજા બ્રાહ્મણ, ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશે બીએ છીએ જે રખે એમનો દ્રોહ થઈ જાય નહિ ને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય, પણ જીવ નાશ પામે નહિ, અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે. (વ.૧૧)

૧૮૧. વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે તેને સર્વે લોક ધર્મવાળો જાણે, પણ ભગવાન ને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું જે પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાખે છે, માટે સત્પુરુષના દ્રોહનો કરનારો તે તો પંચ મહાપાપનો કરનારો તેથી વધુ પાપી છે, શા માટે જે પંચ મહાપાપ કર્યાં હોય તે તો સત્પુરુષને આશરે જઈને છૂટાય છે, પણ સત્પુરુષનો દ્રોહ કરે તેને તો કોઈ ઠેકાણે છૂટ્યાનો ઉપાય નથી. (વ.૧૪)

૧૮૨. જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહિ, અને અનંત બ્રહ્મહત્યા કરી હોય, અને અનંત બાળહત્યા કરી હોય, ને અનંત સ્ત્રીહત્યા કરી હોય ને અનંત ગૌહત્યા કરી હોય ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય, ને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાનો ઉપાય પણ કહ્યો છે, પણ

ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી. (છે.૧૨)

૧૮૩. આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ગણો દ્રોહ કરે તો પણ મનમાં સંતોષ ન થાય. (છે.૧૪)

૧૮૪. ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તો પણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તો પણ એ હરિજનનો અવગુણ લેવો નહિ, અને હરિભક્તનો તો અવગુણ જ્યારે મોટા વર્તમાનમાં ચૂકી જાય ત્યારે લેવો, ને બીજા અલ્પ દોષ હોય તે સારું ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ. (છે.૨૧)

૧૮૫. દ્રોહ કર્યાની સાધન દશામાં હોય ને એમ જાણે જે ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશે નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિષે દોષ જુએ, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તો પણ તે નાશ પામે છે. (છે.૨૨)

૧૮૬. જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે. માટે જેને પોતાનું રૂડું ઈચ્છવું તેને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહિ ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું. (છે.૨૨)

## (૧૨) સવાસનિક-નિર્વાસનિક તથા નિષ્કામીપણું

૧૮૭. પૂર્વે જે વિષય ભોગવ્યા હોય, દીઠા હોય ને સાંભળ્યા હોય તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ અને વળી જે વિષય ભોગવ્યામાં ન આવ્યા હોય ને તેની જે અંતઃકરણને વિષે ઈચ્છા વર્તે તેને પણ વાસના કહીએ. (પ્ર.૧૧)

૧૮૮. જો ભગવાન વિના બીજા પદાર્થની વાસના રહી ગઈ હોય ને તેનો દેહ પડે ને તેને ભગવાનના ધામમાં જાતે જો માર્ગમાં સિદ્ધિઓ દેખાય તો તે ભગવાનને મૂકીને તે સિદ્ધિઓમાં લોભાઈ જાય તો તેને મોટું વિઘ્ન થાય. માટે સર્વે પદાર્થની વાસના ટાળીને ભગવાનને ભજવા. (પ્ર.૨૧)

૧૮૯. ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે ચિત્તનો નિરોધ ક્યારે થાય છે તો જ્યારે સર્વે ઠેકાણેથી વૃત્તિ તૂટીને એક ભગવાનને વિષે વૃત્તિ જોડાય ને તે ભગવાનને વિષે વૃત્તિ ક્યારે જોડાય તો જ્યારે સર્વ ઠેકાણેથી વાસના તૂટીને એક ભગવાનના સ્વરૂપની વાસના થાય ત્યારે તે વૃત્તિ કોઈની હઠાવી ભગવાનનાં સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. (પ્ર.૨૫)

૧૯૦. દશ ઈન્દ્રિયો ને અગિયારમું મન તેમને પોતપોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવાં તેને એકાદશીનું વ્રત કર્યું કહેવાય, ને એવું વ્રત તો ભગવાનના ભક્તને નિરંતર કર્યા કરવું. (પ્ર.૩૮)

૧૯૧. જેનું મન નિર્વાસનિક ન હોય ને દેહે કરીને તો વ્રત-તપ કરે તો પણ તેનું અતિશે સારું થાતું નથી, માટે જે ભગવાનનો ભક્ત હોય તેને પોતપોતાના ધર્મમાં રહીને, ને ભગવાનનું માહાત્મ્ય સમજીને પોતાના મનને નિર્વાસનિક કરવાનો નિત્યે અભ્યાસ રાખવો. (પ્ર.૩૮)

૧૯૨. જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તેને અશુભ વાસના તો ન હોય ને શુભ વાસના રહી હોય જે, હું નારદ, સનકાદિક ને શુકજી તે જેવો થાઉં અથવા નરનારાયણના આશ્રમમાં જઈને તે આશ્રમમાં મુનિ ભેળો રહીને તપ કરું અથવા શ્વેતદ્વીપમાં જઈને તપ કરીને શ્વેતમુક્ત જેવો થાઉં, એવી રીતનો જેને વિકલ્પ રહેતો હોય તેને સવિકલ્પ સમાધિવાળો કહીએ. અને જેને એવી રીતનો વિકલ્પ ન હોય ને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જે નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહીએ. (પ્ર.૪૦)

૧૯૩. જે ભગવાનનો ભક્ત થઈને એ ચાર પ્રકારની મુક્તિની ઈચ્છા રાખે તો તે સકામ ભક્ત કહેવાય ને જે ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે તે નિષ્કામ ભક્ત કહેવાય. (પ્ર.૪૩)

૧૯૪. જે ભગવાનના નિષ્કામ ભક્ત છે તે સેવા જે ભગવાનની પરિચર્યા કરવી તે જો એ ચતુર્ધા મુક્તિમાં ન હોય તો એને ઈચ્છે જ નહિ ને એક સેવાને જ ઈચ્છે અને એવા જે નિષ્કામ

ભક્ત તેમને ભગવાન પોતાની સેવામાં રાખે છે ને એ ભક્ત નથી ઈચ્છતા તો પણ બળાત્કારે ભગવાન એને પોતાના ઐશ્વર્ય-સુખને પમાડે છે. (પ્ર.૪૩)

૧૯૫. ભગવાનનો નિશ્ચય તો છે તો ય પણ પોતાને વિષે દેહાત્મબુદ્ધિ વર્તે છે તે માટે એને ભગવાન વિના બીજી કામના રહી જાય છે તે માટે જ્ઞાનીને બરોબર થાતા નથી, તે સારુ ભગવાનના ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી ખોટ્ય છે. (પ્ર.૫૬)

૧૯૬. એક તો આત્મનિષ્ઠાની દઢતા જોઈએ અને બીજું પંચવિષયનું તુચ્છપણું જાણ્યું જોઈએ અને ત્રીજું ભગવાનનું અતિશે માહાત્મ્ય જાણ્યું જોઈએ જે, ભગવાન વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે, માટે એવા ભગવાનને પામીને તુચ્છ વિષયના સુખમાં હું શું પ્રીતિ રાખું ? એવી રીતે ભગવાનના મહિમાનો વિચાર કરે અને વળી એમ વિચાર કરે જે, ભગવાનને ભજતાં થકાં પણ જો કાંઈક ખોટ રહી જાશે ને કદાપિ જો ભગવાનના ધામમાં નહિ જવાય ને ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકને વિષે ભગવાન મૂકશે તો ય પણ આ લોકના કરતાં તો ત્યાં કોટી ગણાં વધુ સુખ છે, એવો વિચાર કરીને પણ આ સંસારના તુચ્છ સુખ થકી વાસનાએ રહિત થાવું. અને એવી રીતે ભગવાનનો મહિમા જાણીને વાસનાએ રહિત થાય છે. (પ્ર.૬૦)

૧૯૭. કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે. એ તો જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને અતિશે પંચ વિષયમાંથી નિર્વાસનિક થયો હોય અને તે નિર્વાસનિકપણાની અતિશે ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનને પ્રતાપે કરીને નિષ્કામી થાય છે. (પ્ર.૭૩)

૧૯૮. જેને આત્મનિષ્ઠા હોય અને તે આત્માને વિષે પરમેશ્વરની મૂર્તિને ધારીને તેની ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈ ગયો હોય, તો ય પણ ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ, માટે આત્મનિષ્ઠા ને ભગવાનની મૂર્તિનો મહિમા સમજ્યા થકી કોઈ પદાર્થને વિષે વાસના રહેતી નથી. (પ્ર.૭૩)

૧૯૯. જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તો પણ ઘણું થાશે તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થાશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને ને નિર્વાસનિક થઈને અંતે ભગવાનના ધામને પામશો પણ વિમુખ જીવની પેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને ભગવાનનો ભક્ત હોય તેણે વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો. (સા.૪)

૨૦૦. જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે

આવે છે અને જો માહાત્મ્યે સહિત ભક્તિ જેના હૃદયમાં નથી તો શમ-દમાદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તે તેના હૃદયમાં છે તો ય પણ નહિ જેવા જ છે, કેમ જે અંતે નાશ પામી જાશે. માટે એક માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત્ત થઈ જાય અને કલ્યાણકારી જે ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે, તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટળ્યાનું મહા મોટું અચળ સાધન છે. (સા.૫)

૨૦૧. જો ખબરદાર થઈને મંડે તો આ ને આ દેહે જ સર્વે કસર મટી જાય અથવા દેહપર્યંત કસર ન મટી હોય ને અંત સમે જ નિર્વાસનિક થાય ને ભગવાનને વિષે અતિશે પ્રીતિ થાય તો અંતકાળે પણ ભગવાનની કૃપા થાય ને ભગવાનના ધામને પામે, માટે એક દેહે અથવા અનંત દેહે અથવા અંતસમે એક ઘડી મૃત્યુ આડી રહી હોય ત્યારે પણ જો અતિશે ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી. (સા.૧૧)

૨૦૨. આત્મનિષ્ઠારૂપ એવું જે જ્ઞાન તથા પ્રકૃતિનાં કાર્ય એવાં જે પદાર્થમાત્ર તેને વિષે અનાસક્તિરૂપ એવો જે વૈરાગ્ય તથા બ્રહ્મચર્યાદિકરૂપ જે ધર્મ તથા માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ એ ચાર વાનાં જેમાં સંપૂર્ણ હોય તેની વાસના નિર્મૂળ થઈ જાય છે અને એ ચારમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી વાસના નિર્મૂળ થાતી નથી. (લો.૧૬)

૨૦૩. ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણ માત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણને જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે. (મ.૨૫)

૨૦૪. એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ. અને અમે અહીંયાં ટક્યા છીએ તે પણ અહીંયાંના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જાઈએ તો પણ તેની પાસે જ છાએ અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચપ છે ને તે જો અમ પાસે રહે છે તો ય પણ તે લાખ ગાઉ છેટે છે અને અમને નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. (મ.૩૩)

૨૦૫. જે મોટેરો હોય તેને વિષે નિષ્કામરૂપ ધર્મ છે તે અવશ્ય જોઈએ ને બીજી વાતમાં તો કાંઈક કાચપ હોય તો ચાલે પણ એની તો દૃઢતા અતિશે જોઈએ કેમ જે એ મોટેરો છે તેની સારપે સર્વેની સારપ કહેવાય. (મ.૩૯)

૨૦૬. અશુભ વાસના ટાળીને જ મરવું પણ અશુભ વાસના સોતા મરવું નહિ અને આ દેહમાંથી નીસરીને નારદ, સનકાદિક, શુકજી જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે એવી વાસના રાખવી. (મ.૪૭)

૨૦૭. ભગવાન ને ભગવાનના ભક્ત વિના કોઈને વિષે પ્રીતિ રાખવી નથી, અને જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી, શા માટે જે જેને અમારા જેવો અંતરનો દઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ, માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વહાલા છે. (મ.૫૦)

૨૦૮. જીવને સ્ત્રીઆદિક જે પદાર્થ છે તેને ભોગવ્યાની તૃષ્ણા ટળતી નથી, ને સ્ત્રીઆદિકનું જે સુખ છે તેનું અતિશે દુર્લભપણું જાણે છે, ને તેનું અતિ માહાત્મ્ય જાણીને તેમાં પ્રીતિ કરે છે તે પ્રીતિં કોઈ રીતે ટાળી ટળતી નથી. એ પાપે કરીને પરમેશ્વરમાં દઢ પ્રીતિ થાતી નથી. (છે.૧૪)

૨૦૯. જીવ જેવો જાગ્રત અવસ્થામાં રહે છે તેવો જ સ્વપ્ન અવસ્થાને વિષે રહે છે, કેમ જે જાગ્રત અવસ્થામાં જેવી વાસના હોય તેવી જ સ્વપ્ન અવસ્થામાં સ્ફુરે છે. (છે.૧૮)

૨૧૦. જીવને જ્યારે સત્પુરુષનો સંગ થાય છે ત્યારે જેમ જેમ સમાગમ કરતો જાય તેમ તેમ પૂર્વ કર્મ સંબંધી જે વાસના તે જૂની થાતી જાય છે, પછી એને જન્મ-મરણ ભોગવાવે એવી તે વાસના રહે નહિ. (છે.૧૮)

૨૧૧. ભગવાનનો જે ભક્ત હોય તેને ભગવાન સંબંધી ને વિષય સંબંધી જે સંકલ્પ તે જ્યાં સુધી તુલ્યપણે વર્તતા હોય

ત્યાં સુધી એમ જાણવું જે વાસના બળવાન છે, અને જ્યારે ભગવાન સંબંધી જે સંકલ્પ તે વિષય સબંધી સંકલ્પને હઠાવી દે ત્યારે એમ જાણવું જે વાસના જીર્ણ થઈ ગઈ છે. (છે.૧૮)

૨૧૨. ભગવાનની ભક્તિ હોય તો જેમ ભગવાનમાં હેત કરે તેમ બીજા પદાર્થમા પણ હેત થઈ જાય, માટે આત્મનિષ્ઠા સહિત ભક્તિ કરવી એ જ વાસના ટાળ્યાનો ઉપાય છે. (છે.૨૦)

# ⑬ ધર્મ-નિયમ

૨૧૩. જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું મોટું વચન લોપી શકે નહિ, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેવો આપત્કાળ આવે તો ય પણ એ ધર્મથકી પડે જ નહિ, માટે જેને વચનમાં દઢતા છે તેનો જ ધર્મ દઢ રહે અને તેનો જ સત્સંગ પણ દઢ રહે. (પ્ર.૫૪)

૨૧૪. હિંસાયુક્ત જે ધર્મ છે તે તો ધર્મ, અર્થ ને કામ પર છે અને અહિંસામય જે ધર્મ છે તે મોક્ષ પરાયણ છે અને એ સાધુનો ધર્મ છે ને હિંસામય જે ધર્મ છે તે તો વ્યાવહારિક છે, પણ કલ્યાણને અર્થે નથી અને જે અહિંસારૂપ ધર્મ છે તે તો કેવળ કલ્યાણને અર્થે છે, માટે ગૃહસ્થ અથવા ત્યાગી એ સર્વેને અહિંસારૂપ જે ધર્મ તે જ કલ્યાણને અર્થે કહ્યો છે. (પ્ર.૬૯)

૨૧૫. જે કોઈ પંચવર્તમાનરૂપ જે ધર્મ તેને મૂકીને જ્ઞાનનું કે ભક્તિનું બળ લેશે તે ગુરુદ્રોહી, વચનદ્રોહી છે. અને એવી ધર્મભંગ વાત જે કોઈ કરતો હોય, તેને વિમુખ કહેવો. (પ્ર.૭૭)

૨૧૬. ભગવાનના ભક્તને પ્રતિવ્રતાનો ધર્મ ભગવાનને વિષે રાખવો અને પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જાવું નહિ; અતિશે શૂરવીર થઈને જવાબ દેવો પણ પાજીપલાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહિ. (મ.૫)

૨૧૭. પુરુષોત્તમ ભગવાન તેના જે અવતાર તે ધર્મના સ્થાપનને અર્થે તથા બ્રહ્મચર્ય-અહિંસાદિક ધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર ગુણે સંપન્ન એવા જે પોતાના એકાંતિક ભક્ત તેને દર્શન દેવાને અર્થે ને તેમની રક્ષા કરવાને અર્થે તથા અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે દેવ-મનુષ્યાદિકને વિષે થાય છે. (મ.૧૯)

૨૧૮. સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે એવી તો આશા જ રાખવી નહિ, તે આ વાર્તા તે એમ જ છે પણ એમાં કાંઈ સંશય રાખવો નહિ તે માટે ધર્મમાં તો ક્યારે રહેવાય તો પરમહંસ હોય તથા બ્રહ્મચારી હોય ને તે જો પોતપોતાના બ્રહ્મચર્યાદિક નિયમ કહ્યા છે તેમાં રહે તો એને ધર્મમાં રહેવાય, અને સ્ત્રી હોય ને તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં વર્તે તો તેને ધર્મમાં રહેવાય, અને બીજા જે સત્સંગી ગૃહસ્થ હોય તે પણ જો પોતપોતાના નિયમ કહ્યા છે તેમાં રહે ને યુવાન અવસ્થાવાળી જે પોતાની મા, બોન ને દીકરી તે ભેળે પણ એકાંતમાં ન બેસે ને તેની સામું પણ દૃષ્ટિ માંડીને ન જુએ તો એને ધર્મમાં રહેવાય. (મ.૩૫)

૨૧૯. ગમે તેવો નિર્ગુણ હોય ને આત્મસત્તારૂપે રહેતો હોય ને જો તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો તેને જરૂર અંતરમાં દુઃખ થાય, માટે મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થાતો નથી, માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના

ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમણે ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. (મ.૫૧)

૨૨૦. સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય, અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. (મ.૫૮)

૨૨૧. ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી એને સર્વ ક્રિયાને વિષે બરકત થાતી નથી. અને ભગવાનને તો એનું સારું જ કરવું છે જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિત જનનું કાંટે કરીને ટાળતા હશે. અને અમે તો એમ જાણીએ છીએ જે સત્સંગીને તો એક વીંછીની પીડા થાતી હોય તો અમને હજાર ગણી થાઓ, પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખિયા રહો, એમ અમે રામાનંદ સ્વામી આગળ બોલ્યા હતા, માટે અમારી તો નજર એવી છે જે સર્વેનું સારું થાઓ. (જે.૫)

૨૨૨. ધર્મ ને ભક્તિ તો બે નથી; એક જ છે. અને જે ધર્મ સ્થાપનને અર્થે ભગવાનના અવતાર થાય છે તે પણ એ જ

ધર્મના સ્થાપનને અર્થે થાય છે, અને જે કેવળ વર્ણાશ્રમના ધર્મ છે તે તો ભાગવત ધર્મ થકી અતિશે ગૌણ છે, અને ભાગવત ધર્મે કરીને તો જીવ જે તે ભગવાનની માયાને તરીને પુરુપોત્તમના ધામને પામે છે. (છે.૨૧)

૨૨૩. ભગવાનનાં જે જે નાનાં મોટાં વચન તેની ઉપર નિરંતર જેની દૃષ્ટિ રહે, પણ વચન બહાર પગ દેવો પડે તેમાં અતિ કઠણ પડે અને તે વચનથી આગળ પગ માંડીને અધિક પણ ન વર્તે અને ઓછો પણ ન વર્તે તેને જાણીએ જે એ ધર્મમાંથી આપત્કાળે પણ નહિ પડે. (છે.૨૪)

૨૨૪. જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય, ને આસ્તિકપણું હોય જે, આ લોકમાં જે સારું-નરસું કર્મ કરે છે તેનું જે સારું-નરસું ફળ તેને જરૂર પરલોકમાં ભોગવે છે એવી દૃઢ મતિ જેને હોય, તથા લાજ હોય જે ભૂંડું કરશું તો આ લોકમાં માણસ આગળ શું મુખ દેખાડશું ? એવો જે હોય, તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રી આદિક તે બંધન કરી શકે નહિ. (છે.૨૬)

૨૨૫. આત્મનિષ્ઠા પણ યથાર્થ હોય તથા ભગવાનનું માહાત્મ્ય પણ સારી પેઠે સમજે અને નિષ્કામપણું, નિર્લોભપણું, નિઃસ્વાદપણું, નિઃસ્નેહપણું, નિર્માનપણું એ આદિક જે ધર્મ તેને ભગવાનની પ્રસન્નતાને અર્થે સમજીને દૃઢપણે પાળે ને એમ સમજે જે હું એ ધર્મને પાળીશ તો મારી ઉપર ભગવાન બહુ રાજી થાશે,

ને જો મુંને કોઈ રીતે ધર્મમાંથી કાંઈક ભંગ પડશે તો ભગવાનનો મારી ઉપર બહુ કુરાજીપો થાશે. એવી રીતે જેના અંતરમાં દઢ ગ્રંથી હોય તે ભક્ત ધર્મમાંથી કોઈ દિવસ પડે જ નહિ. અને એવો જે હોય તેને કોઈ માયિક પદાર્થ બંધન કરી શકે નહિ. (છે.૨૬)

૨૨૬. જે તીવ્ર વૈરાગ્યવાળા હોય તે ધર્મમાં રહે, તથા તેની સાથે જેણે પોતાના જીવને હેતે કરીને બાંધી રાખ્યો હોય તે ધર્મમાં રહે, તથા જે સત્સંગનો યોગ રાખે ને ભગવાનને અંતર્યામી જાણીને પોતપોતાના નિયમ કહ્યા છે તે પ્રમાણે વર્તે તો ધર્મમાં રહે, અને એ વિના બીજાનું તો કાંઈ ઠીક રહે નહિ. (છે.૨૯)

# ⑭ ધ્યાન

૨૨૭. ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહિ, એવી રીતના જે આગ્રહવાળા છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે ને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે. (પ્ર.૫)

૨૨૮. જે ભગવાનનો ભક્ત હોય તેને ખાતાં-પીતાં, ના'તાં-ધોતાં, ચાલતાં-બેઠતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું, અને જ્યારે અંતરમાં કાંઈ વિક્ષેપ ન હોય ત્યારે તો ભગવાનનું ચિંતવન કરવું, ને ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું, અને જો અંતરમાં સંકલ્પ-વિકલ્પનો વિક્ષેપ થાય તો દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા, વિષય એ સર્વેથી પોતાનું સ્વરૂપ જુદું સમજવું, ને જ્યારે સંકલ્પનો વિરામ થાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. (પ્ર.૨૧)

૨૨૯. જે સમે સત્ત્વગુણ વર્તતો હોય તે સમે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહિ, ને શૂન્ય સરખુ વર્તે, તેમાં ભગવાનનું ધ્યાન ન કરવું. અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘાટ-સંકલ્પ ઘણા થાય, માટે તે સમે પણ ભગવાનનું ધ્યાન કરવું નહિ. ને તે સમે તો એમ જાણવું જે, હું તો સંકલ્પ થકી જુદો છું ને આત્મા છું

ને એ સંકલ્પનો જાણનારો છું, ને મારે વિષે અંતર્યામીરૂપે આ પુરુષોત્તમ ભગવાન સદા કાળ વિરાજે છે. અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. (પ્ર.૩૨)

૨૩૦. બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ સર્વે દેહના ભાવ છે તે આત્માને વિષે માનવા જ નહિ; અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ એ જે સર્વે આત્માના ભાવ છે તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહિ; એ ગુણ તો આત્માને વિષે જ સમજવા, ને એવો જે વિચાર તે જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી મૂકવો નહિ, જેમ રાજા હોય તે જ્યાં સુધી શત્રુનું બળ હોય ત્યાં સુધી રાજગાદીએ બેસીને સુખ ભોગવે નહિ અને જ્યારે શત્રુ માત્રનો નાશ થઈ જાય ત્યારે પોતાના રાજ્યના જે વૈભવ છે તેને ભોગવે છે, તેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યાં સુધી મન ને ઈન્દ્રિયોરૂપી શત્રુ પીડતા હોય ત્યાં સુધી પૂર્વે કહ્યો એવો જે વિચાર તે દઢપણે રાખવો અને જ્યારે મન-ઈન્દ્રિયોના ઘાટ સર્વે શમી જાય ત્યારે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવું. (સા.૧૨)

૨૩૧. પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે જેમ આંબલીનું બીજ હોય ને તે બીજની છાલ બીજ સાથે અતિ દઢ ચોંટી ગઈ હોય પછી તેને જ્યારે અગ્નિમાં શેકે ત્યારે તે છાલ દાઝીને ખોખા જેવી થઈ જાય ને પછી હાથમાં લેઈને ચોળે તો જુદી થઈ જાય તેમ ભગવાનનું

ધ્યાન ને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે ને તે વિના બીજા કોટી ઉપાય કરે તો ય પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થાતો નથી. (કા.૧૨)

૨૩૨. જેવી ભગવાનની મૂર્તિ પોતાને મળી હોય તેનું જ ધ્યાન કરવું અને પૂર્વે ભગવાનના અવતાર થઈ ગયા તે મૂર્તિનું ધ્યાન ન કરવું અને પોતાને ભગવાનની જે મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની પેઠે ટેક રાખવી. (લો.૧૧)

૨૩૩. પોતાને મળી જે મૂર્તિ તેને મૂકીને તેના જ પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે તો તે ભગવાન વિના બીજા જે દેવ-મનુષ્યાદિક આકાર છે તેનું પણ ધ્યાન કરે માટે પતિવ્રતાના જેવી ટેક કહી છે પણ ભગવાનની મૂર્તિઓને વિષે ભેદ નથી, આવી રીતે સત્પુરુષની સમજણ છે. માટે સત્‌શાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું, પણ અસત્‌પુરુષ થકી સત્‌શાસ્ત્રનું કોઈ દિવસ શ્રવણ કરવું નહિ. (લો.૧૧)

૨૩૪. ભગવાન જે મનુષ્ય દેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્ય સ્વરૂપે ભાસે છે ને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે. (મ.૧૩)

૨૩૫. ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે

છે ને પતિવ્રતાપણું જાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે. (મ.૧૯)

૨૩૬. ભગવાનનું જ ધ્યાન કરવું અને તે વિના બીજા કોઈ દેવનું ધ્યાન ન કરવું. બીજું જે સાધુ સિદ્ધગતિને પામ્યા હોય ને સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. અને સર્વને પોતપોતાના વર્ણાશ્રમધર્મને વિષે દૃઢપણે વર્તવું. (મ.૧૯)

૨૩૭. ભગવાનની મૂર્તિને અંતરમાં કે બહાર ધારી હોય, અને તે સમે કોઈક વ્યવહાર સંબંધી વિક્ષેપ આડો આવે તો તે વિક્ષેપનું મૂર્તિને ધારવાપણે કરીને જ સમાધાન કરે, પણ વિક્ષેપને વિષે પણ પોતાની યોગકળાનો ત્યાગ ન કરે એવી રીતની યોગકળાએ યુક્ત એ યોગી વર્તે છે. (વ.૪)

૨૩૮. પ્રાણાયામવાળાનો કાંઈ મેળ નથી, એ તો જો એવા ધ્યાનનો અભ્યાસ કરે ને તે પરમેશ્વરનો એકાંતિક ભક્ત હોય તો તેને જ એ ધ્યાન સિદ્ધ થાય છે. પણ બીજા જીવ થકી તો એ માર્ગને વિપે ચલાતું જ નથી, માટે એ ધ્યાનના જે અધિકારી છે તેને તો કહ્યું એવું જે ધ્યાન તે થકી બીજો તત્કાળ સિદ્ધ થયાનો ઉપાય નથી. (અ.૧)

## (૧૫) પક્ષ

૨૩૯. જેને સત્સંગનો અતિ દૃઢ પક્ષ હોય તે જ્યારે કોઈ સત્સંગનું ઘસાતું બોલે ત્યારે ખમી શકે જ નહિ, જેમ પોતાના કુટુંબી હોય ને તે સાથે કચવાણ થઈ હોય તો પણ જ્યારે તેનું કોઈ ઘસાતું બોલે ત્યારે ખમાય નહિ. એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે. (પ્ર.૭૮)

૨૪૦. વિમુખનો પક્ષ કોઈએ રાખ્યો નથી અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજા જન્મે જાતો જરૂર વિમુખ થાશે, માટે જે ભગવાનના ભક્ત હોય તેને જરૂર ભગવદિનો પક્ષ રાખ્યો જોઈએ અને વિમુખનો પક્ષ ત્યાગ્યો જોઈએ. (મ.૫)

૨૪૧. ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય. પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુઃખિયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતો હોય ને તે ભગવાનના ભક્ત આડો જઈને જો મરે કે ઘાયલ થાય, તો શાસ્ત્રમાં એમ કહ્યું છે જે તેનાં બ્રહ્મહત્યાદિક જે પંચમહાપાપ તે સર્વે મટી જાય છે એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે. (મ.૬૦)

૨૪૨. પોતાનાં સગાં વહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો, અને ભગવાનના ભક્ત સાથે કોઈ રીતનો વિક્ષેપ થાય તો જળમાં લીટાની પેઠે ફેર એક થઈ જાય પણ આંટી રાખે નહિ, તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય. (મ.૬૦)

૨૪૩. કોઈક ભગવાનના ભક્તને ક્રૂર દૃષ્ટિએ કરીને જોતો હોય ને તે જો પોતાનો સગો-વહાલો હોય તો પણ જાણીએ જે તેની આંખ ફોડી નાખીએ, અને હાથે કરીને જો ભગવાનના ભક્તને દુબે તો તે હાથને કાપી નાખીએ એવો તેનો અભાવ આવે છે, પણ ત્યાં દયા નથી રહેતી; અને એવો જેને ભગવાનનો ને ભગવાનના ભક્તનો પક્ષ હોય તેને જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય. (મ.૬૦)

૨૪૪. ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ, અને તે પક્ષ રાખતાં થકાં આબરુ વધો અથવા ઘટો અથવા માન થાઓ કે અપમાન થાઓ અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહિ, ને એમનો અભાવ આવવા દેવો નહિ. (છે.૭)

# (૧૬) ત્યાગ - વૈરાગ્ય

૨૪૫. ત્યાગી તો તે ખરો જે જેણે સંસાર મૂક્યો ને પાછી તે સંસારની વાસના રહે જ નહિ, અને ગૃહસ્થ તો વાસનાવાળા ત્યાગી કરતાં ઘણો શ્રેષ્ઠ છે. (પ્ર.૧૪)

૨૪૬. ત્યાગી થઈને સારાં સારાં જે વસ્ત્રાદિક પદાર્થ તેને ભેળાં કરી રાખે અને તેની તૃષ્ણા પણ ઘણી રાખે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેને વિષે પ્રીતિએ રહિત હોય એવો જે ત્યાગી તેને તો જે મોટા એકાંતિક સાધુ છે તે કંગાલ માણસની પેઠે પાપી જાણે છે, કેમ જે જો એ પાપી છે તો એને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેને વિષે પ્રીતિ થાતી નથી ને પરમેશ્વર વિના બીજા પદાર્થમાં પ્રીતિ થાય છે. (પ્ર.૩૬)

૨૪૭. જે ત્યાગી હોય તેને તો કચરો ને કંચન એ બે ય બરોબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી તો સમજણ હોય જ નહિ અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે. (પ્ર.૩૬)

૨૪૮. જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી, માટે દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને ને

પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને, સર્વે વાસનાનો ત્યાગ કરીને, સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. (પ્ર.૪૪)

૨૪૯. સાધુને તો મન, કર્મ, વચને કરીને કોઈનું ભૂંડું વાંછવું નહિ અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહિ ને સર્વના દાસાનુદાસ થઈને રહેવું અને ક્રોધેયુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે. (પ્ર.૬૯)

૨૫૦. મારા ઈષ્ટદેવ જે શ્રી પુરુષોત્તમ ભગવાન તે તો અનંતકોટી બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે તે ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે, એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુક્ત કહેવાય ને એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ. (પ્ર.૭૩)

૨૫૧. ત્યાગી થઈને ગૃહસ્થને ભોગવવા યોગ્ય ભોગની ઈચ્છા રાખે છે તે ખડ ખાય છે, કાં જે એને એ ભોગ પ્રાપ્ત થનારા છે નહિ ને તેની ઈચ્છા રાખે છે, માટે એના સમજ્યામાં એ વાત આવી નથી. (કા.૩)

૨૫૨. ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જે ત્યાગીના નિયમ તેને રાખે તથા આહારને નિયમમાં રાખે તથા તપ્તકૃચ્છ્ર, ચાંદ્રાયણાદિક વ્રત કરે ને જાણી જાણીને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું સહન કરે અને ભગવાનનાં કથા, કીર્તન, વાર્તા કરે તથા ભજન-સ્મરણમાં

બેસે તથા આસન જીતે ઈત્યાદિક સાધને કરીને બાહ્ય ઈન્દ્રિયો જીતાય છે અને ભગવાનના માહાત્મ્યનો વિચાર ને ભગવાનનું ધ્યાન તથા આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ જિતાય છે. (લો.૫)

૨૫૩. જ્યારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વે થકી વૈરાગ્ય પામે છે, ને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે. (મ.૧૦)

૨૫૪. જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ભારે ભારે વસ્ત્ર-આભૂષણ એ સર્વે પદાર્થ શોભારૂપ છે અને એ જ જે સર્વે પદાર્થ તે જે ત્યાગી હોય તેને દોષરૂપ છે. અને ત્યાગી છે તેને વનમાં રહેવું, વસ્ત્ર વિના ઉઘાડું એક કૌપિનભર રહેવું, માથામાં ટોપી ઘાલવી, દાઢીમૂછ મુંડાવી નખાવવી, ભગવાં વસ્ત્ર રાખવાં, અને કોઈ ગાળ્યું દે, ને કોઈ ધૂળ નાખે, તે અપમાનને સહન કરવું એ જ ત્યાગીને પરમ શોભારૂપ છે. અને એ ત્યાગીની જે શોભા તે ગૃહસ્થને પરમ દોષરૂપ છે. (મ.૫૨)

૨૫૫. પરમેશ્વર વિના બીજું જે જે પદાર્થ અધિક જણાય તેનો જે અતિશે ત્યાગ કરે તે ત્યાગ ખરો છે અને તે પદાર્થ નાનું હોય અથવા મોટું હોય પણ તેનો જે ત્યાગ કરવો તેનું જ નામ ત્યાગ કહેવાય, અને જે પદાર્થ ભગવાનના ભજનમાં આડું આવતું હોય તેને તો ન તજી શકે ને બીજો ઉપરથી તો ઘણો ત્યાગ કરે પણ તેનો તે ત્યાગ વૃથા છે. (મ.૫૭)

૨૫૬. જે ભગવાનનો ભક્ત ત્યાગી તેને તો પરમેશ્વરના નિયમમાં રહીને પ્રવૃત્તિ માર્ગને વિષે રહેવું, પણ પરમેશ્વરના નિયમથી અધિક પણ વર્તવું નહિ ને ન્યૂન પણ રહેવું નહિ. અને કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, સ્વાદ એ આદિક જે વિકાર તેને ત્યાગ કરીને ભગવાન ને ભગવાનના ભક્તની સેવાને અર્થે પ્રવૃત્તિ માર્ગને વિષે વર્તવું, તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. (વ.૧૭)

૨૫૭. ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા ને વૈરાગ્ય એ બેય અતિશે દૃઢ જોઈએ. તે શા સારુ જે વૈરાગ્યે કરીને તો ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકાર માત્ર ખોટા થઈ જાય છે, અને આત્મનિષ્ઠાએ કરીને માયિક જે સુખ ને દુઃખ તે ખોટાં થઈ જાય છે. (છે.૧)

૨૫૮. જેણે સંસારનો ત્યાગ કર્યો હોય એવા જે હરિભક્ત તેને બે કુલક્ષણ છે તે આ સત્સંગને વિષે શોભવા દેતાં નથી. તેમાં એક તો કામના ને બીજી પોતાના કુટુંબીને વિષે પ્રીતિ, એ બે કુલક્ષણ જેમાં હોય તે તો અમને પશુ જેવો જણાય છે. તેમાં પણ જેને પોતાના સંબંધીમાં વધુ હેત હોય તેનો તો અમારે અતિશે અવગુણ આવે છે. માટે જેણે સંસાર ત્યાગ કર્યો હોય તેને તો લેશમાત્ર પણ પોતાના સંબંધી સાથે હેત ન રાખ્યું જોઈએ, શા માટે જે પંચ મહાપાપ છે તે થકી પણ દેહના સંબંધીમાં હેત રાખવું તે વધુ પાપ છે. (છે.૧૯)

૨૫૯. જેમાં સેવા-ચાકરી રૂપ સ્વાર્થ ભળ્યો હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં પોતાનું સ્વાર્થ લેઈને હેત ન રાખવું, શા માટે જે પોતાના જીવને એ થકી બંધન થાય છે અને જેમ ભગવાનનું ચિંતવન થાય તેમ જ જેમાં પોતાનો સ્વાર્થ હોય તેનું પણ ચિંતવન થાવા માંડે એ જ એને ભગવાનના ભજનમાં વિઘ્ન કહેવાય. (છે.૧૯)

૨૬૦. મંદ વૈરાગ્યવાળાને ત્યાગ કરવો તે ઠીક નથી, ને ત્યાગ તો તીવ્ર વૈરાગ્યવાળાને કરવો તે ઠીક છે. અને મંદ વૈરાગ્યવાળો ત્યાગ કરે તો એનો ત્યાગ દેહ પર્યંત નભે નહિ; વર્ષે, બે વર્ષે, દશ વર્ષે તેના ત્યાગમાં વિઘ્ન જરૂર પડે. (છે.૨૯)

૨૬૧. પોતાને વિચારે તો કોઈ રીતે તીવ્ર વૈરાગ્ય થાય નહિ. અને જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા જે મોટા સાધુ તેની સાથે એને અતિશે હેત થાય, જેમ ભગવાન સાથે હેત થાય છે ત્યારે તો તે જુએ, સાંભળે, બોલે, ઈત્યાદિક જે જે ક્રિયા કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત છે તેની મરજી પ્રમાણે જ કરે, પણ તેની મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહિ અને તે સંતની મરજીથી બહાર વર્ત્યામાં તેના મનને વિષે નિરંતર ભય વર્તે, જે જો હું એમની મરજી પ્રમાણે નહિ વર્તું તો એ મારી સાથે હેત નહિ રાખે. તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે, માટે જો એવું સંત સાથે હેત થયું હોય તો વૈરાગ્ય ન હોય તો પણ એનો ત્યાગ પાર પડે. (છે.૨૯)

## (૧૭) પાપી, વિમુખ તથા આસુરી મતીવાળા

૨૬૨. જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો. અને કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું ને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત્ત કર્યું, ને વળી તેને તે પાપે યુક્ત જે કહે તેને પણ તે કૃતઘ્ની જેવો પાપી જાણવો. (પ્ર.૧૦)

૨૬૩. આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે ને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન ને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી, અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે, પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે, તેમ જ શ્રોત્ર ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષય સુખને ભોગવે છે, ને જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને એ જ ઘેલામાં અતિશે ઘેલો છે, ને એ જ મૂર્ખમાં અતિશે મૂર્ખ છે, ને એ જ સર્વે નીચમાં અતિશે નીચ છે. (પ્ર.૨૦)

૨૬૪. જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવે ને સંતને વિપે નાસ્તિકપણું આવે તેને એટલે જ નહિ રહે, એને તો જેનું ભજન - સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને વિષે

પણ નાસ્તિકપણું આવશે અને એ ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેને વિષે પણ નાસ્તિકપણું આવશે અને જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને પણ કાળે કરીને ને માયાએ કરીને ને કર્મે કરીને માનશે, પણ પરમેશ્વર વતે કરીને નહિ માને એવો પાકો નાસ્તિક થાશે. (પ્ર.૬૮)

૨૬૫. ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય પણ ગરીબ માત્રને લેશ માત્ર દુઃખાવવો નહિ અને જો ગરીબને દુઃખાડે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહિ અને જો ગરીબને દુઃખાડે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે અને તેમ જ કોઈકને માથે જૂઠું કલંક દેવું તે પણ બ્રહ્મહત્યા જેવું જ છે. (પ્ર.૭૨)

૨૬૬. મન, કર્મ, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય, માટે એવી રીતે મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો જેથી જીવનું કલ્યાણ થાય પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો. (પ્ર.૭૮)

૨૬૭. જે જીવ ભગવાનને સર્વ કર્તા-હર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો, કાં જે ભગવાન વિના બીજા જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે, માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ ને ભૂલમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ. (કા.૧૦)

૨૬૮. ભક્તને ક્યારેક અસત્ દેશ, અસત્કાળ, અસત્સંગ ને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનનાં ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ પૂર્ણમાસીના ચંદ્ર જેવો હતો, પણ પાછો અમાવસ્યાના ચંદ્ર જેવો થઈ જાય છે, માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ હોય તે એ જીવને ઝાઝી નડતી નથી, પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. (વ.૧૨)

૨૬૯. જે હરિજનને વિષે કુદૃષ્ટિ રાખે તે અતિશે પાપી છે, ને તેનો કોઈ કાળે છૂટકો થાય નહિ, માટે જેને રસિક ભક્ત થાવું હોય તેને આવી જાતનું પાપ તેનો ત્યાગ કરીને પછી રસિક ભક્ત થાવું. (છે.૨૨)

૨૭૦. કોટી ગૌહત્યા કરી હોય અથવા મદ્ય-માંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તે એ પાપ થકી તો કોઈ કાળે છૂટકો થાય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કોઈ કાળે એ પાપ થકી છૂટકો ન થાય. અને તે પુરુષ હોય તો રાક્ષસ થઈ જાય ને સ્ત્રી હોય તો રાક્ષસી થઈ જાય. પછી તે કોઈ જન્મમાં અસુર મટીને ભગવાનનો ભક્ત થાતો નથી. (છે. ૨૨)

# (૧૮) કામાદિક શત્રુ

૨૭૧. જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા ને પોતાના અવગુણને ત્યાગ કરવા; ને તેવું ન થવાય ને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વ પ્રકારે ત્યાગ કરવો. (પ્ર.૪)

૨૭૨. જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, અને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાત્યનો દોષ કલ્પે છે તે પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશે નિર્દોષ સમજે, તો પોતે પણ અતિશે નિર્દોષ થઈ જાય છે. (પ્ર.૨૪)

૨૭૩. ભગવાનના ભક્ત હોય તેને કોઈ પ્રકારે અભિમાન રાખવું નહિ, એ જ ભગવાનને રાજી કર્યાનો ઉપાય છે અને અંતર્દષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે

હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે, અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે, માટે ભગવાનના ભક્ત હોય તેને વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ઉદે થાવા દેવું નહિ. (પ્ર.૫૬)

૨૭૪. જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહિ ને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય એ ઈર્ષ્યાનું લક્ષણ છે. (પ્ર.૭૧)

૨૭૫. ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી ને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો ય પણ તે સાથે અમારે બને નહિ, અને ક્રોધ ને ઈર્ષ્યા એ બેય માનને આશરે રહે છે. અને કામીનો તો અમારે કોઈ કાળે વિશ્વાસ જ નથી, જે એ સત્સંગી છે અને કામી તો સત્સંગમાં હોય તો ય વિમુખ જેવો છે. (પ્ર.૭૬)

૨૭૬. જેના હૃદયમાં માન હોય તે માનમાંથી ઈર્ષ્યા પ્રવર્તે છે અને ક્રોધ, મત્સર ને અસૂયા તે પણ માનથી પ્રવર્તે છે. તે ઈર્ષ્યાનું એ રૂપ છે જે, પોતાથી જે મોટા હોય પણ તેનું જ્યારે સન્માન થાય ત્યારે તેને દેખી શકે નહિ એવો જેનો સ્વભાવ હોય તેને એમ જાણવો જે આના હૈયામાં ઈર્ષ્યા છે અને યથાર્થ ઈર્ષ્યાવાળો હોય તે તો કોઈની મોટાઈને દેખી શકે જ નહિ. (સા.૮)

૨૭૭. મદિરા ને ભાંગ્યરૂપ જે પ્રમાદ ને મોહ તે તો જેમ વિમુખ જીવને નડે તેમ જ ભગવાનના ભક્તને પણ નડે અને

વિમુખમાં ને હરિભક્તમાં એટલો જ ફેર છે જે, વિમુખને એ બે શત્રુ ટળે નહિ અને ભગવાનનો ભક્ત જો ખટકો રાખીને ટાળવાનો ઉપાય કરે તો એ બે શત્રુ નાશ પામી જાય. (સા.૧૪)

૨૭૮. જે શ્રદ્ધાવાન પુરુષ હોય ને તેને જો સાચા સંતનો સંગ મળે, ને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે ને કામ-ક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. (સા.૧૮)

૨૭૯. મોટા પુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે અને જો મોટા પુરુષના ગુણનું ગ્રહણ કરે અને એમ જાણે જે મોટા પુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે અને મોટા પુરુષ તો નિર્દોષ છે, અને મુને દોષ જણાણો તે તો મારી કુમતિએ કરીને જણાણો છે, એમ વિચારીને સત્પુરુષના ગુણને ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે તો તે પુરુષની મલિનતા મટી જાય છે. (સા.૧૮)

૨૮૦. પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, હું ભગવાનનો ભક્ત છું તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહિ, એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઈચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે. (સા.૧૮)

૨૮૧. ક્રોધ તો કેવો છે તો જેવું હડકાયું કૂતરું હોય તેવો છે, જેમ હડકાયા કૂતરાની જે લાળ તે ઢોર અથવા મનુષ્ય જેને અડે તે હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને મરી જાય, તેમ ક્રોધની જેને લાળ અડે તે પણ હડકાયા કૂતરાની પેઠે ડાચિયું નાખીને સંતના માર્ગ થકી પડી જાય. (લો.૧)

૨૮૨. ક્રોધ કેવો છે તો જેવા કસાઈ, આરબ, ભાવર, વાઘ, દીપડો, કાળો સર્પ તે જેમ સર્વને બીવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે તેમ ક્રોધ છે તે પણ સૌને બીવરાવે છે ને બીજાના પ્રાણને હરી લે છે એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તો તે અતિ ભૂંડો લાગે, કેમ જે સાધુ તો શાંત હોય પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે ને તે સાધુની આકૃતિ પણ ફરી જાય, કેમ જે એ ક્રોધનું નામ વિરૂપ છે. માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાખે. (લો.૧)

૨૮૩. એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત રાખવું એ આદિક જે પંચવર્તમાન તેને દૃઢ કરીને પાળે ને ભગવાનનો મહિમા અતિશે સમજે એ ઉપાયે કરીને કામનું મૂળ ઊખડી જાય છે, અને કામનું મૂળ ઊખડી જાય તો ય પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ અને અતિશે કામનું મૂળ ઊખડ્યાનો તો ઉપાય એ છે જે ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો. (લો.૧)

૨૮૪. ઈન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિયોને દંડ દે ને અંતઃકરણ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને દંડ દે. તેમાં ઈન્દ્રિયોને કૃચ્છ્રચાંદ્રાયણે કરીને દંડ દે ને અંતઃકરણને વિચારે કરીને દંડ દે તો એ કામાદિક શત્રુનો નાશ થઈ જાય ને પોતાને ભગવાનના નિશ્ચયે કરીને સંપૂર્ણ કૃતાર્થ માને. (લો.૧)

૨૮૫. જે પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય ને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય પણ ભગવાનનું બળ ન રાખે ને એમ સમજે જે, આ સાધને કરીને ભગવાનને રાજી કરવા છે તો તેનો પણ ત્યાગ કરવો. (લો.૬)

૨૮૬. ભગવાનનો દૃઢ આશ્રિત હોય ને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય તો પણ તે આગળ માન ન રાખવું અને જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય તેને આગળ તો માન રાખવું પણ તેથી દબાઈ જાવું નહિ. (લો.૬)

૨૮૭. દેહાભિમાનરૂપ દોષ છે તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે અને હું તો દેહથી નોખો જે આત્મા તે છું, એવો જે આત્મનિષ્ઠારૂપ એક ગુણ તે આવે તો સર્વ ગુણ માત્ર આવે છે. (લો.૬)

૨૮૮. જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ ઈત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય તે સાથે જ અમારે બેઠ્યા-ઊઠ્યાની સુવાણ થાય છે અને એવો

ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તો પણ તેની સાથે સુવાણ થાય નહિ તેની તો ઉપેક્ષા રહે છે. (લો.૧૪)

૨૮૯. માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે પણ માહાત્મ્ય સમજ્યા વિના તો માન જાતું નથી તે સારુ જેને માન ટાળવું હોય તેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજવું. (લો.૧૬)

૨૯૦. જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થાવું નહિ તે જ રૂડું છે; અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માન મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે. (પં.૫)

૨૯૧. આત્મસુખે કરીને માંહીલે કોરે પૂર્ણ રહેવું અને બહાર પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થાતો નથી. (મ.૨)

૨૯૨. જે વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશે સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, આ બિચારો વૈરાગ્ય રહિત છે તેને કામ-ક્રોધાદિક બહું પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો, તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને

તો બહુ કાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે અને તરત જે વિકાર માત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (મ.૭)

૨૯૩. જે મોક્ષને અર્થે યત્ન કરતા હોય ને તેમાં જે કામ, ક્રોધાદિક માંહેલા શત્રુ વિઘ્ન કરે તો તેની ઉપર પણ તેવી જ વૈરબુદ્ધિ થાય, અને તેનો ખટકો ક્યારેય પણ ટળે નહિ, એવો વિચાર જેને હાથ આવે તે એ વિચારે કરીને શત્રુ માત્રને ટાળે, અને જ્યારે કોઈક સંત એ કામાદિક શત્રુની નિંદા કરે તથા તે શત્રુને ખોદે તેમાં જેને મોરે કહ્યો એવો વિચાર હોય તેને તે સાધુનો અભાવ આવે નહિ ને સામો તે સાધુનો અતિશે ગુણ લેને એમ જાણે જે, આ સાધુ મારા શત્રુને માર્યાનો ઉપાય કરે છે માટે મારા પરમહેતુ છે. આવી જાતનો વિચાર જેના હૃદયને વિષે પ્રાપ્ત થયો હોય તે શત્રુ માત્રનો નાશ કરી નાખે અને કોઈ ભૂંડો સ્વભાવ તેના હૃદયને વિષે રહી શકે નહિ. અને એ વિના બીજા ગમે તેટલી જાતના વિચાર કરે પણ કામાદિક સ્વભાવરૂપી શત્રુ નાશ પામે નહિ. (મ.૧૫)

૨૯૪. જેને પોતાની પ્રકૃતિ ટાળ્યાની ઈચ્છા હોય, તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવ ટાળ્યા સારુ ગમે તેટલા તિરસ્કાર કરે, ને ગમે તેવાં કઠણ વચન કહે તો પણ કોઈ રીતે દુઃખાવું નહિ, ને કહેનારાનો ગુણ જ લેવો એવી રીતે વર્તે તો કોઈ રીતે ન ટળે એવી પ્રકૃતિ હોય તો ય પણ ટળી જાય છે. (મ.૩૭)

૨૯૫. ભગવાનનો ભક્ત હોય તો પણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે, ત્યારે કરે છે પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો. (મ.૪૧)

૨૯૬. સોનામાંથી સોનું કાઢીને ત્રાંબુ ભેળવે તો તે સોનું બારવલું થઈ જાય છે અને પછી તે સોનાને તાવી તાવીને પાછું સોળવલું કરે તો થાય છે, તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે ત્રાંબુ ભળ્યું છે તેને ગાળીને કાઢી નાખવું ને પછી કંચનરૂપ જે એક આત્મા તે જ રહે, પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહિ. (મ.૫૫)

૨૯૭. ભગવાનની મૂર્તિ વિના જેટલા માયિક આકાર છે તે સર્વે અતિશે દુઃખદાયક ને નાશવંત છે એમ જાણે, અને પોતાને દેહ, ઈન્દ્રિયોને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે પછી એને એવું કોઈ પદાર્થ નથી જે મોહ પમાડવાને અર્થે સમર્થ થાય કેમ જે એ તો સર્વે માયિક આકારને તુચ્છ કરી જાણે છે અને એવી રીતે જેના અંતરમાં સમજણની ઘેડ બેઠી હોય ને તેનાં ઈન્દ્રિયો પ્રવૃત્તિમાર્ગને વિષે સર્વે લોમપણે વર્તતાં હોય તો પણ તે કામાદિકે કરીને ક્ષોભને ન પામે એવો જે હરિભક્ત હોય તે ત્યાગી હોય અથવા ગૃહસ્થ હોય પણ તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે. (વ.૨૦)

૨૯૮. ભગવાનના ભક્ત જેવાં દેહ ને દેહનાં સગાં-સંબંધીને વહાલાં રાખવાં નહિ, એવી રીતે જે હરિભક્ત વર્તે તેને અતિ બળવાન એવા જે કામ-ક્રોધાદિક શત્રુ તે પણ પરાભવ કરી શકતા નથી. (છે.૭)

૨૯૯. માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ દોષ તે કામ કરતાં પણ અતિશે ભૂંડા છે. કેમ જે કામી ઉપર તો સંત દયા કરે, પણ માની ઉપર ન કરે. ને માનમાંથી ઈર્ષ્યા ને ક્રોધ ઉપજે છે. માટે માન મોટો દોષ છે. ને માને કરીને સત્સંગમાંથી પડી જાય છે એવો કામે કરીને નથી પડતો, કેમ જે આપણા સત્સંગમાં ગૃહસ્થ હરિભક્ત ઘણા છે તે સત્સંગમાં પડ્યા છે, માટે એ માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમારે અતિશે અભાવ રહે છે, ને અમારાં જે જે વચન લખેલાં હશે તેમાં પણ એમ જ હશે તે વિચારીને જુઓ તો જણાઈ આવશે, માટે ભગવાનનું માહાત્મ્ય સમજીને માનને ટાળવું. (છે.૨૭)

# (૧૯) અલૌકિક મૂર્તિ મહારાજની

૩૦૦. ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી; અને જેમ સૂર્યનું તેજ છે તેને આગળ દર્પણ ધરીએ, ત્યારે તે કિરણનું જે રૂપ તે સૂર્યના જેવું જ ભાસે છે, તેમ પુરુષોત્તમ ભગવાન મૂર્તિમાન છે તેની કિરણરૂપ જે સર્વત્ર વ્યાપક સચ્ચિદાનંદ બ્રહ્મ તેનું રૂપ પણ દર્પણ જેવું જેનું નિર્મળ અંતઃકરણ થયું હોય તેને પુરુષોત્તમ ભગવાનના જેવું સાકાર જ ભાસે છે, માટે ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે, પણ નિરાકાર નથી ને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી. (પ્ર.૪૫)

૩૦૧. ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ અને જ્યારે કોઈ ભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે, ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે કોટી કોટી સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે અને અનંત કોટી જે મુક્ત તે પણ મૂર્તિ ભેળા ભાસે છે અને અક્ષરધામ પણ એ ભગવાનની મૂર્તિ ભેળું જ ભાસે છે, માટે એ સર્વે ભગવાન ભેળું છે. (પ્ર.૭૧)

૩૦૨. ક્ષર-અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ

કરીને વિચરે છે, ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે. અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા ઈત્યાદિક માયિક સ્વભાવ હોય, તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે, તે સર્વે જીવોના કલ્યાણને અર્થે છે, પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને પરમપદને પામે છે; અને જે વિમુખ હોય તે દોષ પરઠે છે. (પ્ર.૭૨)

૩૦૩. અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, જ્ઞાની-અજ્ઞાની એવાં જે મર્ત્યલોકનાં મનુષ્ય તે સર્વે મુને દેખો, એમ ધારીને સત્ય સંકલ્પ એવા જે આ ભગવાન તે કૃપાએ કરીને મર્ત્યલોકનાં સર્વે મનુષ્ય દેખે એવા થાય છે. (પ્ર.૭૮)

૩૦૪. જો ભગવાનના સ્વરૂપનું દર્શન કરીને તેનું મનન ને નિદિધ્યાસ તે ન કર્યો હોય તો લાખ વર્ષ સુધી દર્શન કરે તો પણ તે સ્વરૂપનો સાક્ષાત્કાર ન થાય ને તે દર્શન તો કેવળ શ્રવણ માત્ર સરખું કહેવાય અને જેણે ભગવાનના અંગ અંગનું દર્શન કરીને પછી તે અંગ અંગનું મનન ને નિદિધ્યાસ તે કર્યો હશે તો તે અંગ આજ સહેજે સાંભરી આવતું હશે. (સા.૩)

૩૦૫. જે ભગવાનના ભક્ત હોય તેનાં જે દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ ને પ્રાણ તે સર્વે ભગવાનને જ્ઞાને કરીને ભગવાનને આકારે થઈ જાય છે ને દિવ્ય થઈ જાય છે, કાં જે ભગવાન

પોતે દિવ્યમૂર્તિ છે તેનાં ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહ તેને આકારે એ ભક્તનાં દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ થાય છે માટે દિવ્ય થઈ જાય છે. (કા.૧)

૩૦૬. પોતાના જે પ્રેમીભક્ત તેના મનોરથ પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે અને તે ભેળું અસંખ્ય જીવનું કલ્યાણ પણ કરે છે ને ધર્મનું સ્થાપન પણ કરે છે. (કા.૫)

૩૦૭. અમારે જે ખાવું-પીવું, ઓઢવું-પહેરવું છે તે સર્વે સંત અને સત્સંગીને અર્થે છે અને જો એમને અર્થે ન જણાય ને પોતાના અર્થે જણાય તો અમે એનો તત્કાળ ત્યાગ કરી દઈએ અને અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી. (કા.૬)

૩૦૮. મહારાજ તો આકાશ સરખા નિર્લેપ છે એમ નિરંતર અમારી પાસેના રહેનારા છે તે અમારા સ્વભાવને જાણે છે અને અમે તો જે મન-કર્મ-વચને પરમેશ્વરના ભક્ત છે તેને અર્થે અમારો દેહ પણ શ્રીકૃષ્ણાર્પણ કરી રાખ્યો છે, માટે અમારે તો સર્વ પ્રકારે જે કોઈ ભગવાનના ભક્ત છે તે સંગાથે સંબંધ છે અને ભગવાનના ભક્ત વિના તો અમારે ચૌદ લોકની સંપત્તિ તે તરખલા જેવી છે. (કા.૬)

૩૦૯. પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ. અને એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય જે પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો

પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે ને એ મૂર્તિ વિના બીજું અણુ માત્ર પણ ભાસે નહિ. (કા.૭)

૩૧૦. ભગવાનના એક એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ અણુની પેઠે રહ્યાં છે તે અષ્ટાવરણ ને ચૌદલોક સુધાં રહ્યાં છે, એવી રીતે કારણમાં અલૌકિકપણું છે ને મોટાઈપણું છે તેને સમજુ હોય તે જાણે જે ભગવાન મનુષ્ય જેવા જણાય છે તો પણ આ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે. (લો.૨)

૩૧૧. ભગવાનની મૂર્તિ તો સદા એક સરખી છે તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે અને પોતે તો સદા દ્વિભુજ છે તો પણ પોતાની ઈચ્છાએ કરીને ક્યાંય ચાર ભુજ, ક્યાંય અષ્ટ ભુજ, ક્યાંય અનંત ભુજને દેખાડે છે તથા મચ્છ-કચ્છાદિક રૂપે કરીને ભાસે છે, એવી રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે અને પોતે તો સદા એક રૂપે જ વિરાજમાન રહે છે. અને વળી એક ઠેકાણે રહ્યા થકા અનંતકોટી બ્રહ્માંડને વિષે અંતર્યામીરૂપે વ્યાપીને રહે છે. (લો. ૪)

૩૧૨. જેને ધ્યાન, ધારણા, સમાધિનું અંગ હોય તેને એની એ મૂર્તિ છે તે જ કોટી કોટી સૂર્યના પ્રકાશે યુક્ત દેખાય છે

પણ મશાલ-દીવાનું કામ પડતું નથી અને એવો પ્રકાશ એ ભગવાનને વિષે છે ને તે નથી દેખાતો તે તો એ ભગવાનની એવી ઈચ્છા છે અને એ ભગવાન ઈચ્છે જે, એવો પ્રકાશમાન હું આ ભક્તને દેખાઉં તો તે પ્રકાશે યુક્ત એવી એ જ મૂર્તિને દેખે છે. (લો.૧૮)

૩૧૩. ભગવાન જે તે આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સદા સાકાર છે, અને જો સાકાર ન હોય તો તેને વિષે કર્તાપણું કહેવાય નહિ, અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનના અંગનો પ્રકાશ છે અથવા એમને રહ્યાનું ધામ છે, એવા દિવ્યમૂર્તિ પ્રકાશમય ને સુખરૂપ જે ભગવાન તે જે તે માયાથકી જીવોને સૃજીને તેને બુદ્ધિ, ઈન્દ્રિયો, મન, પ્રાણ તે આપે છે. (પં.૧)

૩૧૪. મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે, અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે ને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી; અતિશે શ્વેત જણાય છે, ને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશે મનોહર છે, પણ ચાર ભુજા કે અષ્ટ ભુજા કે સહસ્ર ભુજા તે એ મૂર્તિને નથી; એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે, તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી દેખાય છે ને ક્યારેક હરતીફરતી દેખાય છે ને એ મૂર્તિને ચારે કોરે મુક્તનાં મંડળ ભરાઈને બેઠાં છે

તે સર્વ મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે, તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. (મ.૧૩)

૩૧૫. ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને તે ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા ખાનપાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંય પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે. અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વ અવતારનું કારણ છે અને સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (મ.૧૩)

૩૧૬. એક ભગવાન વિના બીજું કાંઈ પણ મનમાં ઈચ્છવું નહિ, અને જેમ હાથમાં ચિંતામણિ આવી ત્યારે તે ચિંતામણિને યત્ન કરીને રાખવી, કેમ જે જો હાથમાં ચિંતામણિ છે તો જે પદાર્થને ઈચ્છશે તે પદાર્થને આપશે તેમ ભગવાનના ભક્તને

ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણિને ઝાલી રાખવી, પણ તેને મૂકવી જ નહિ તો એને સર્વે વાતની સિદ્ધિ થાશે. (મ.૨૨)

૩૧૭. અમારે તો એ જ અંગ છે જે જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું, એ જ મારે વિષે મોટો ગુણ છે અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટપ શોભે નહિ. (મ.૨૮)

૩૧૮. જેને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતે થકે દેહ પડ્યો તેને કોટી કલ્પે દુઃખનો અંત આવતો નથી, માટે આવો અવસર આવ્યો છે તેને પામીને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન મૂકીને એક ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરવું. અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન થઈ ન શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તેણે યુક્ત એવા જે સાધુ તેને મધ્યે પડી રહેવું. (મ.૪૮)

૩૧૯. અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે આ દેહને મૂકશું. પછી કોઈ રીતનો જન્મ થાવાનું નિમિત્ત તો નથી, પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ ઈચ્છીએ છીએ. (મ.૪૮)

૩૨૦. ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય પણ અતિશે અલૌકિક મૂર્તિ છે, જેમ પૃથ્વીને વિષે સર્વે

પથરા છે તેમ ચમકપાણ પણ પથરો છે, પણ ચમકપાણમાં સહેજે એવો ચમત્કાર રહ્યો છે જે ચમકના પર્વતને સમીપે વહાણ જાય ત્યારે તેના ખીલા ચમકના પાણા પાસે તણાઈ જાય છે, તેમ ભગવાનની જે મૂર્તિ રાજારૂપે છે ને સાધુરૂપે છે તે મૂર્તિનું જ્યારે જે જીવ શ્રદ્ધાએ કરીને દર્શન કરે છે તેનાં ઈન્દ્રિયો ભગવાન સામાં તણાઈ જાય છે, ત્યારે સમાધિ થાય છે. (વ.૧૩)

૩૨૧. ભગવાન એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે. અને એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે અને સિદ્ધ હોય તેમાં દૂરશ્રવણ-દૂરદર્શન રૂપ ચમત્કાર હોય, તો પરમેશ્વરમાં હોય તેમાં શું આશ્ચર્ય છે ? અને ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થીએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વેને દર્શન આપે છે, એમ વ્યાપક કહ્યા છે, પણ આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી; ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં ભાસે છે. (વ.૧૩)

૩૨૨. ભગવાન કેવા છે તો જન્મ ધરતે થકે પણ અજન્મા છે અને દેહને મૂકતે થકે પણ અજર-અમર છે ને નિરંજન છે કહેતાં માયાના અંજન થકી રહિત છે ને મૂર્તિમાન છે અને સ્વપ્રકાશ છે, બ્રહ્મ છે, અક્ષર છે, અંતર્યામી છે ને અનંતકોટી બ્રહ્માંડના આધાર છે. અને મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે

તો નટવાની પેઠે ઈન્દ્રજાળ સરખું છે અને અનંતકોટી અક્ષરાતીત મુક્તના નિયંતા છે ને સર્વેના સ્વામી છે. (અ.૪)

૩૨૩. જીવનાં પ્રાણ-નાડી તેનો સંકેલો કરવો તે બીજાથી થાય નહિ, ને લાખું માણસ નિયમમાં રહ્યાં થકાં વશ થઈ રહે તે બીજા કોઈથી થાય નહિ, અને અક્ષર આદિક જે મુક્ત તેને પણ નિયમમાં રાખવાને સમર્થ છે એ અસાધારણ લક્ષણ કહ્યું. (અ.૫)

૩૨૪. જે ભગવાન આ બ્રહ્માંડને વિષે વિરાજે છે તે જ ભગવાન સર્વના સ્વામી છે ને અનંત કોટી બ્રહ્માંડને વિષે અસંખ્ય જીવોના કલ્યાણને અર્થે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે ભગવાન પોતે દેહને ધારણ કરે છે તેને શરણે અસંખ્ય જીવ થાય છે, તેણે કરીને અક્ષરધામમાં શ્રી પુરુષોત્તમના ચરણારવિંદને ઘણાક જીવ પામે છે. (અ.૫)

૩૨૫. આ સત્સંગને વિષે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી ચોવીસ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે, ને એ જ સર્વે જીવોના અંતર્યામીરૂપ છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્ય યુક્ત છે, ને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અ.૬)

૩૨૬. સર્વે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું. અને મારે તેજે કરીને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે તેજાયમાન

છે. ને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. એવો જે હું તે મારે વિષે એમ સમજીને નિશ્ચય કરે તો ભગવાન એવો જે હું તે મારે વિષે મન કોઈ કાળે વ્યભિચારને પામે નહિ. ને જે જે જીવ મારે શરણે આવ્યા છે ને આવશે ને એમ સમજશે તે સર્વેને હું સર્વોપરી એવું મારું ધામ છે તેને પમાડીશ ને સર્વેને અંતર્યામી જેવા કરીશ, ને બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરે એવા સમર્થ કરીશ. (અ.૭)

૩૨૭. કોટી કોટી ચંદ્રમા, સૂર્ય, અગ્નિ તેના જેવો તેજનો સમૂહ છે તે તેજનો સમૂહ સમુદ્ર જેવો જણાય છે, એવું બ્રહ્મરૂપ તેજોમય જે ભગવાનનું ધામ તેને વિષે આ પુરુષોત્તમ ભગવાનની આકૃતિ રહી છે. તે આકૃતિમાંથી પોતે ભગવાન અવતાર ધારે છે અને આ ભગવાન કેવા છે તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણના પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંત કોટી મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા છે. અને એવા જે ભગવાન તે જે પોતે દયાએ કરીને જીવોનાં પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વની દૃષ્ટિને ગોચર સાક્ષાત્‌પણે વર્તે છે. (છે.૩૧)

૩૨૮. ધ્યાનના કરતલને પ્રતિલોમપણે પોતાના જીવથી પર કોટી કોટી સૂર્ય, ચંદ્ર, અગ્નિના તેજના સમૂહને વિષે આ મૂર્તિ

જણાય છે, તે જેવી દૃષ્ટિ આગળ જણાતી હતી તેવી જ રીતની જણાય છે પણ લગાર ફેર નથી જણાતો. માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે મૂર્તિ આ પ્રત્યક્ષ છે; એ બેમાં ફેર નથી, જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્ય મૂર્તિ પણ ગુણાતીત છે. (છે.૩૧)

૩૨૯. ભગવાનનો જેવો આકાર છે તેવો આકાર બીજા દેવ-મનુષ્યાદિક જે પ્રકૃતિમાંથી આકાર થયા છે તે કોઈનો નથી, ને ભગવાન વિના બીજા સર્વેને કાળ ભક્ષણ કરી જાય છે ને ભગવાનના સ્વરૂપમાં કાળનું સામર્થ્યપણું નથી ચાલતું એવા ભગવાન છે ને ભગવાન જેવા તો એક ભગવાન જ છે પણ બીજો કોઈ નથી, અને ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર પણ ભગવાનના જેવો જ છે, તો પણ તે પુરુષ છે ને ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વેમાં શ્રેષ્ઠ છે, ને એમને ઉપાસ્ય છે ને એ સર્વેના સ્વામી છે ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી. એવા દિવ્ય મૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે ને ધ્યેય છે ને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય છે એવું ભગવાનનું સ્વરૂપ છે. (છે.૩૭)

૩૩૦. માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકાર માત્ર તે સર્વે મિથ્યા છે કેમ જે એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે અને ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે

તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશે પ્રકાશે યુક્ત છે અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે. (છે.૩૮)

૩૩૧. સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. ને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે ને ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. (છે.૩૮)

૩૩૨. જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે, ને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી ને જો ભગવાન જેવા જ થાય તો તો ભગવાન ઘણાક થાય, ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. (છે.૩૯)

# (૨૦) મૂર્તિનું દિવ્ય સુખ

૩૩૩. હું આત્મા છું, અને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તે પરમાત્મા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ તથા બ્રહ્મપુર તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક દેવ એ સર્વેના સ્વામી જે શ્રી પુરુષોત્તમ તે મુને પ્રત્યક્ષ મળ્યા છે અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે અને તે ભગવાનનું જે એક નિમિષ માત્રનું દર્શન તે ઉપર અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષય સુખ છે તે સર્વેને વારીફેરીને નાખી દેઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો અનંતકોટી બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ તેના કોટીમા ભાગની બરોબર પણ થાય નહિ અને જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષ ધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે, એવા જે ભગવાન તે મુને પ્રગટ મળ્યા છે તેને મૂકીને નરકના કુંડ જેવાં જે વિષયના સુખ તેને હું શું ઈચ્છું ? અને વિષય સુખ તો કેવળ દુઃખરૂપ જ છે, એવી રીતે ભગવાનનું માહાત્મ્ય જાણવે કરીને વિષયની નિવૃત્તિ થાય છે. (સા.૧)

૩૩૪. ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને તેજોમય મૂર્તિ છે અને જેના એક એક રોમને વિષે કોટી કોટી સૂર્ય જેવો પ્રકાશ છે ને કોટી કામદેવને પણ લજ્જા પમાડે એવા તે ભગવાન રૂપાળા છે ને અનંતકોટી બ્રહ્માંડના પતિ છે, રાજાધિરાજ છે, સર્વના

નિયંતા છે, સર્વના અંતર્યામી છે અને અતિશે સુખરૂપ છે ને જેના સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ તે તુચ્છ થઈ જાય છે અને આલોક-પરલોક સંબંધી જે પંચવિષયનાં સુખ તે ભગવાનની મૂર્તિના સુખ આગળ તુચ્છ થઈ જાય છે. (લો.૧૮)

૩૩૫. સંપૂર્ણ સુખ તો ભગવાનના સમીપમાં રહ્યું છે અને જેટલું ભગવાનથી છેટે થવાય છે, તેટલા સુખમાં ન્યૂનતા થાય છે, માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, જેટલું મારે ભગવાનથી છેટું થાશે તેટલું દુઃખ થાશે ને મહાદુઃખિયો થાઈશ ને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશે રાખવો છે ને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાશે. (પં.૧)

૩૩૬. પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠ લોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે ને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. (પં.૧)

૩૩૭. પૃથ્વી આદિક ચાર ભૂત વિના એકલો જ આકાશ હોય, અને જેટલા આકાશને વિષે તારા છે તેટલા ચંદ્રમા હોય, ને તેનો જેવો પ્રકાશ થાય, તેવો ચિદાકાશનો પ્રકાશ છે; અને તે ચિદાકાશને મધ્યે સદાય ભગવાનની મૂર્તિ વિરાજમાન છે, તે

મૂર્તિને વિષે જ્યારે સમાધિ થાય ત્યારે એક ક્ષણ માત્ર ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, તે ભજનના કરનારાને એમ જણાય જે હજારો વર્ષ પર્યંત મેં સમાધિને વિષે સુખ ભોગવ્યું. એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ તે જણાય છે, અને જે માયિક સુખ છે તે બહુ કાળ ભોગવ્યું હોય તો પણ અંતે ક્ષણ જેવું જણાય છે, માટે ભગવાનના સ્વરૂપ સંબંધી જે નિર્ગુણ સુખ છે તે અખંડ અવિનાશી છે, ને જે માયિક સુખ છે તે નાશવંત છે. (વ.૯)

૩૩૮. મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી અને કોઈક મોટા માણસને જો સમાધિ કરાવીએ તો કોઈક ગામ-ગરાસ આપે તેની અમારા હૈયામાં લાલચ નથી, કેમ જે ગામ-ગરાસ તો સુખને અર્થે ઈચ્છીએ તે અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. (વ.૧૬)

૩૩૯. જે ભગવાનને સુખે સુખિયો થયો હોય તેને તો બ્રહ્માંડને વિષે જે વિષયનું સુખ છે તે નરક તુલ્ય ભાસે છે. અને અમારે પણ ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે ને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે, માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ

વાતનો અંતરમાં આગ્રહ નથી, ને આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. (વ.૧૬)

૩૪૦. ભગવાનનો ભક્ત થયો તેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ રાખવી ઘટે નહિ, શા માટે જે ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે, અને જે નરકના કીડા છે તે તો નરકને વિષે પરમ સુખ માને છે, પણ જે મનુષ્ય હોય તે તો તે નરકને પરમ દુઃખદાયી જાણે છે. (વ.૧૯)

૩૪૧. ષડ્ઉર્મિએ રહિત ને માયિક ગુણે રહિત સર્વેને કરવા તેમાં તો કાંઈ વાર નથી, અને અસંખ્ય જન્મની સ્મૃતિ થઈ આવે ને અનંત બ્રહ્માંડની ક્રિયાને જુએ એવા સર્વેને કરવા તેમાં તો કાંઈ વાર નહિ, પણ અમારી ઈચ્છાએ કરીને એમ તમને રાખ્યા છે ને તમારા સામર્થ્યને રૂંધી રાખ્યું છે, તે પ્રત્યક્ષ ભગવાનના સુખને અર્થે છે. (જે.૪)

૩૪૨. એ ભક્ત ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કંઈ ઈચ્છતો નથી, અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઈચ્છાનો જો ઘાટ થઈ જાય ત્યારે અતિશે મનમાં દાઝે છે, માટે એ નિષ્કામ ભક્ત કહેવાય. તે જ્યારે દેહને મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે છે ને ભગવાનનો પાર્ષદ થાય છે. (છે.૫)

૩૪૩. જો ભગવાનની મૂર્તિનાં દર્શન કરતા હોઈએ તો રૂપનું સુખ પ્રાપ્ત થાય ને બીજા જે સ્પર્શાદિક ચાર વિષય તેનું સુખ

પણ પ્રાપ્ત થાય તે એક જ સમયને વિષે થાય છે. અને બીજા માયિક જે પંચવિષય છે તેમાં તો એક વિષયનો સંબંધ થાય ત્યારે એક વિષયનું જ સુખ પ્રાપ્ત થાય, પણ બીજાનું ન થાય. માટે માયિક વિષયમાં ભિન્નભિન્નપણે સુખ રહ્યાં છે, અને તે સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુઃખનું કારણ છે અને ભગવાનમાં તો સર્વે વિષયનું સુખ એક કાળે પ્રાપ્ત થાય છે ને તે સુખ મહા અલૌકિક છે અને અખંડ અવિનાશી છે. તે સારુ જે મુમુક્ષુ હોય તેને માયિક વિષયમાંથી સર્વ પ્રકારે વૈરાગ્ય પામીને અલૌકિક સુખમય એવી જે ભગવાનની દિવ્ય મૂર્તિ તેને વિષે સર્વ પ્રકારે જોડાવું. (છે.૨૭)

૩૪૪. સમાધિએ કરીને તથા દેહ મૂકીને જેવો ભગવાનના સુખનો અનુભવ થાય છે ને આનંદ થાય છે, તથા આત્માના સુખનો અનુભવ ને આનંદ થાય છે, તેવો એની કેવળ વાત કરે તેણે કરીને થાતો નથી. અને જો એ બેની વાર્તા સાંભળીને તેનું મનન ને નિદિધ્યાસ કરે તો એનો સાક્ષાત્કાર થાય ને સાક્ષાત્કાર થાય ત્યારે સમાધિએ કરીને જેવો એ બેનો અનુભવ ને આનંદ થાય તેવો જ થાય, માટે એ બેની વાર્તા સાંભળીને એનું મનન ને નિદિધ્યાસ કરવો. (છે.૨૭)

૩૪૫. સર્વ સુખમય મૂર્તિ તો એક ભગવાન જ છે ને બીજે પંચવિષયમાં જે સુખ તે તો એ ભગવાનના સુખનો કિંચિત્ લેશ છે. એમ ભગવાનને માહાત્મ્યે સહિત જે સમજ્યો હોય

તે કોઈ પદાર્થમાં બંધાય જ નહિ. અને એ ભગવાનના ધામના સુખ આગળ બીજા લોકનાં જે સુખ તે તો નરક જેવાં છે એમ મોક્ષ ધર્મમાં કહ્યું છે. આવી રીતે ભગવાનના ભક્તને સમજવું અને એમ ન સમજે તો એ બે પ્રકારે કરીને ભગવાનમાંથી પડી જાય છે. (છે.૨૮)

૩૪૬. જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાણું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂઆ જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહિ. અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે. (છે.૨૮)

૩૪૭. અનંત ઐશ્વર્યે યુક્ત એવા જે એ ભગવાન તે જ પોતે જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે તે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને આવી રીતે થયું હોય ને તે ભગવાનની ભક્તિ કરી હોય ને તે જ્ઞાન-ભક્તિના સુખનો પોતાના જીવમાં અનુભવ એકવાર યથાર્થ થયો હોય, તો તેની વિસ્મૃતિ ક્યારેય થાય નહિ તે ગમે તેવું સુખ દુઃખ પડે તો પણ તેને વિષે તે ભગવાનના સ્વરૂપના સુખનો જે અનુભવ તે વિસરી જાય નહિ. (છે.૩૭)

# ૨૧ પ્રાપ્તિ અક્ષરધામની

૩૪૮. વૈરાગ્ય, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, અહિંસાધર્મ ને આત્મનિષ્ઠા એમાંથી કોઈ અંગમાં ન્યૂનતા હોય તો આત્યંતિક મોક્ષ જે ભગવાનનું અક્ષરધામ તેને તો ન પામે અને તે વિના બીજાં જે ભગવાનનાં ધામ છે તેને પામે અથવા વધુ સવાસનિક હોય તો દેવલોકને પામે જે દેવલોકને ભગવાનના ધામ આગળ મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે. (સા.૧૧)

૩૪૯. જ્ઞાની એવો ભગવાનનો ભક્ત તેને તો અંતકાળે ભગવાન કે ભગવાનના સંત દેખાય છે ને એને પણ દેહની વિસ્મૃતિ થઈ જાય ને મૂર્છા અવસ્થા આવે છે પછી એ દેહને મૂકીને જુદો થાય છે ત્યારે એ ભક્તને ભગવાન ભાગવતીતનુ આપે છે ને તે દેહે કરીને એ ભગવાનના ધામને વિષે રહે છે. (સા.૧૪)

૩૫૦. જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઈત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ; એ તો ભગવાનના ધામને જ પામે અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે ને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચે યમપુરીમાં જાય. (લો.૩)

૩૫૧. સદા સાકાર મૂર્તિ એવા જે આ પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ ને અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે, એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે. (લો.૭)

૩૫૨. જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા શ્રી વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું ધ્યાન, સ્મરણ, કીર્તન, કથા એ જ છે ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે. (મ.૩૨)

૩૫૩. ધર્મ, અર્થ, કામ સારુ જે જે ભગવાને ચરિત્ર કર્યાં તેનું જે ગાન કરે અથવા શ્રવણ કરે તે સર્વે જીવ સર્વ પાપથકી મુકાઈને પરમપદને પામે છે. (મ.૩૯)

૩૫૪. જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને પોતાનું જે દેહ, ધન, ધામ, કુટુંબ પરિવાર એ સર્વેને ભગવાનની સેવામાં જોડી દેવાં ને ભગવાનની સેવામાં જે પદાર્થ કામ ન આવે તો તેનો ત્યાગ કરી દેવો એવી રીતે જે ભગવાન પરાયણ વર્તે તે ગૃહસ્થાશ્રમી હોય, તો પણ મરે ત્યારે ભગવાનનાં ધામમાં નારદ-સનકાદિકની પંક્તિમાં ભળે, અને પરમ મોક્ષને પામે. (મ.૬૨)

૩૫૫. મહાપાપવાળો જીવ હશે ને અમારે આશરે આવશે ને ધર્મ-નિયમમાં રહેશે તેને અમે અંતકાળે દર્શન દેઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ. (જે.૫)

૩૫૬. ભગવાનનો ભક્ત હોય તે ભગવાનનું નામ-સ્મરણ કરતો થકો દેહ મૂકે અથવા બાધિતાનુવૃત્તિને યોગે કરીને બેશુદ્ધ થઈને દેહ મૂકે તો પણ એ ભગવાનનો ભક્ત ભગવાનના ચરણારવિંદને જ પામે છે. (છે.૪)

૩૫૭. જે ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિ વિરાજમાન છે, અને ભગવાનના ભક્ત પણ એ ભગવાનના ધામમાં મૂર્તિમાન થકા ભગવાનની સેવાને વિષે રહે છે, તે ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે હું રખે મરીને ભૂતપ્રેત થાઉં કે રખે ઈન્દ્રલોકને જ પામું, કે રખે બ્રહ્મલોકને જ પામું, એવી આશંકા મનમાં રાખવી નહિ, કેમ જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે, પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ. (છે.૭)

૩૫૮. ભક્તજનને પણ પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દઢ કરીને રાખવું, જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દઢ રાખવું અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી, એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (છે.૭)

## (૨૨) માહાત્મ્ય શ્રીજીમહારાજનું

૩૫૯. જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય ને એમ સમજતો હોય જે જેવા આ પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે, તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ રહે છે, અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ સમજતો હોય ને ગમે તેવા વેદાંતના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ, અને એમ જાણે જે આ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ, અને એમ જાણે જે આ ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી, એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય, ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે તે એને માથે કાળ, કર્મ ને માયા તેનો હુકમ નથી અને જો એને દંડ દેવો હોય તો ભગવાન પોતે દે છે પણ બીજા કોઈનો એને માથે હુકમ નથી. (પ્ર.૩૭)

૩૬૦. બીજા સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય તે તો એમ સમજે જે, ગમે તેવો પાપી હોય ને અંતસમે જો તેને સ્વામિનારાયણ એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છૂટીને,

બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે એવો ભગવાનનો પ્રતાપ મોટો છે માટે ભગવાનનું બળ રાખવું. (પ્ર.૫૬)

૩૬૧. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને ભગવાનનું માહાત્મ્ય જાણવું એ બે અસાધારણ મોક્ષના હેતુ છે. (પ્ર.૫૭)

૩૬૨. જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશે બળ છે તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતાં નથી અને જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તો ય પણ રૂડું થાતું નથી. (પ્ર.૭૨)

૩૬૩. જેને માહાત્મ્યે સહિત નિશ્ચય હોય તો તેને તો એમ સમજાય જે, જે દિવસે ભગવાનનું દર્શન થયું, તે દિવસથી જ કલ્યાણ તો થઈ રહ્યું છે, અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય તો મારે કલ્યાણનો શો સંશય છે ? હું તો કૃતાર્થ છું. અને જે કાંઈ સાધન કરું છું, તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરું છું, એમ સમજે તેને ભગવાનનો માહાત્મ્યે સહિત નિશ્ચય જાણવો. (પ્ર.૭૨)

૩૬૪. ભગવાનની ઈચ્છાએ કરીને જેવી જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થાતી જાય તેવી તેવી રીતે રાજી રહેવું. પછી ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા સર્વે સત્સંગી

મટી જાઓ પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહિ. આ ભગવાનનું કર્યું સર્વે થાય છે, માટે સૂકું પાંદડું જેમ વાયુને આધારે ફરે તેમ ભગવાનને આધીન રહીને આનંદમાં ભજન કરવું. અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહિ. (પ્ર.૭૪)

૩૬૫. જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય, અને દૃઢ વૈરાગ્ય હોય, અને ભક્તિ ને સ્વધર્મ પણ અતિ દૃઢ હોય, તેને પરિપૂર્ણ નિશ્ચય જાણવો અને એમાંથી જો એકે વાનું ઓછું હોય તો તે નિશ્ચય છે, તો પણ માહાત્મ્ય વિનાનો છે અને એ ચાર વાનાં સંપૂર્ણ હોય તે માહાત્મ્ય સોતો ભગવાનનો નિશ્ચય જાણવો. (પ્ર.૭૫)

૩૬૬. જેવી પાસે ભગવાનની મર્યાદા રહે છે, તેવી છેટે જાય તો પણ રહે, જો ભગવાનનું પૂરું માહાત્મ્ય સમજે તો, તે માહાત્મ્ય એમ સમજવું જે, અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને અનંત કોટી બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે, અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે, અને તે ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે, અને અન્વય થકા પણ વ્યતિરેક છે, અને તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે, તેવા ને તેવા અણુ અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે. અને તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી, અને અનંતકોટી બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે, અને તેને વિષે સુખદુઃખનો જીવોને સંબંધ થાય છે,

તે સર્વે પુરુષોત્તમના હાથમાં છે જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે, એવા જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પધારે છે ત્યારે પોતે ઘોડે ચડીને ચાલે ત્યારે ઘોડો ભગવાનને ઉપાડી ચાલે છે, પણ એ તો ઘોડાના આધાર છે. અને પૃથ્વી ઉપર બેઠા હોય ત્યારે એમ જણાય જે પૃથ્વી ભગવાનને ધરી રહી છે પણ એ તો સ્થાવર-જંગમ સોતી સમગ્ર પૃથ્વીને ધરી રહ્યા છે. અને જ્યારે રાત્રિ હોય ત્યારે ચંદ્રમા કે દીવો કે મશાલ તેને અજવાળે કરીને ભગવાનનું દર્શન થાય, અને દિવસે સૂર્યને અજવાળે કરીને દર્શન થાય પણ આ ભગવાન તો સૂર્ય, ચંદ્રમા, અગ્નિ એ સર્વેને પ્રકાશના દાતા છે એવી અદ્ભુત સામર્થી છે, તો પણ જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મુને દર્શન આપે છે, એવી રીતે માહાત્મ્ય સમજે તો જેવી પાસે રહ્યે મર્યાદા રહે છે તેવી ને તેવી છેટે જાય તો ય પણ રહે. (પ્ર.૭૮)

૩૬૭. ભગવાનનું જેવું માહાત્મ્ય છે, તેવું એને સમજ્યામાં આવ્યું નથી. અને જો યથાર્થ ભગવાનનું માહાત્મ્ય સમજાય તો ભગવાન વિના બીજામાં હેત રાખે તો પણ રહે નહિ, ને એક ભગવાન ને ભગવાનના સંત અને ભગવાનની કથા-કીર્તન તેને વિષે જ અચળ હેત થાય છે. (પ્ર.૭૮)

૩૬૮. ચિત્ત નિર્મળ છે માટે જેમ દર્પણને વિષે બધી સભા જણાય છે તેમ ચિત્તને વિષે સર્વે આકૃતિઓ જણાય છે એમ એ જીવ છે તે અતિ નિર્મળ છે, માટે જીવને વિષે ભગવાન જણાય છે

ને ભગવાન પણ અતિશે નિર્મળ છે, માટે તે ભગવાનને વિષે સર્વ વિશ્વ જણાય છે, એવી રીતે વિશ્વ ભગવાનમાં રહ્યું છે ને વિશ્વમાં ભગવાન રહ્યા છે. (કા.૪)

૩૬૯. ભગવાન પોતાની ઈચ્છાએ કરીને પોતાનામાંથી નિર્ગુણ ને સગુણ રૂપ જે ઐશ્વર્ય તેને પ્રગટ કરીને પાછું પોતાને વિષે લીન કરે છે અને એવા જે ભગવાન તે મનુષ્ય જેવા જણાતા હોય પણ તેના મહિમાનો પાર કોઈ પામતા નથી. અને જે ભક્ત એવી રીતે ભગવાનની મૂર્તિમાં નિર્ગુણપણું ને સગુણપણું સમજે તે ભક્તને કાળ, કર્મ ને માયા તે બંધન કરવાને સમર્થ થાતાં નથી. અને તેને આઠે પહોર અંતરમાં આશ્ચર્ય રહ્યા કરે છે. (કા. ૮)

૩૭૦. જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોક-લાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. (લો.૩)

૩૭૧. પોતાના સ્વરૂપનો તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે તે માટે એને સોનું, કુચો, લોઢું, પાષાણ એ સર્વેને વિષે સમબુદ્ધિ વર્તે છે, તથા માન, અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી, કેમ જે એની દૃષ્ટિ તો અતિ મોટી થઈ ગઈ છે ને માયિક સર્વે પદાર્થને તુચ્છ જાણ્યાં છે. (લો.૧૦)

૩૭૨. સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય પણ મૂર્તિમાન ન સમજે એ મોટો દોષ છે એણે કરીને એના બીજા સર્વ ગુણ દોષરૂપ થઈ જાય છે. (લો.૧૬)

૩૭૩. તે ભગવાન એને વિષે ભાગ-ત્યાગ કર્યાનો માગ નથી. એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જે પુરુષને ભગવાનને વિષે એવી દૃઢ મતિ છે તેને ભગવાન સર્વે પાપ થકી મુકાવે છે. (મ.૧૭)

૩૭૪. મું જેવા અનંત ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે, તો પણ ભગવાન જેવો કોઈ થાવાને સમર્થ થાતો નથી, શા માટે જે ભગવાનનો મહિમા, ગુણ, કર્મ, જન્મ ને સામર્થી તથા સુંદરતા, સુખદાયકપણું એ આદિક જે અનંત કલ્યાણકારી ગુણ તેના પારને શેષ, શારદા, બ્રહ્માદિક દેવતા તથા ચાર વેદ એ પામતા નથી અને ભગવાન પોતે પણ પોતાના મહિમાના પારને પામતા નથી. માટે ભગવાન તો સર્વે સામર્થીએ કરીને અપાર છે, અને એ ભગવાનને ભજીને અનંતકોટી વૈષ્ણવ ભગવાન સરખા થયા છે, તો પણ ભગવાનમાંથી કોઈ જાત્યનો પ્રતાપ અણુ જેટલો પણ ન્યૂન થયો નથી. (મ.૬૭)

૩૭૫. ભગવાનનો જે સાચો ભક્ત તેને ભગવાનનું માહાત્મ્ય સમજ્યાની કેવી રીત છે ? તો જે ભગવાન છે, તે તેજોમય

એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે ને સર્વના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે, અનેક કોટી બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અલૌકિક દિવ્ય સુખમય મૂર્તિ છે ને માયાના ગુણ થકી રહિત છે, એવી રીતે આ પ્રત્યક્ષ ભગવાનને જાણીને ભગવાન વિના જે બીજા સર્વે માયિક પદાર્થ માત્ર તેને અતિશે તુચ્છ ને નાશવંત સમજે, ને એક ભગવાનને વિષે જ પ્રીતિ કરે ને નવ પ્રકારની ભક્તિને કરે અને વળી એમ સમજે જે આવા અતિશે મોટા જે ભગવાન તેની મર્યાદાને વિષે કાળ, માયા, બ્રહ્મા, શિવ, સૂર્ય, ચંદ્રમા ઈત્યાદિક સર્વે સમર્થ છે તે પણ નિરંતર વર્તે છે, એવું જાણીને ભગવાને બાંધી જે ધર્મ મર્યાદા તેને વિષે ભગવાનની પ્રસન્નતાને અર્થે પોતે નિરંતર વર્તે, પણ તે ધર્મ મર્યાદાનો ક્યારેય લોપ ન કરે. (છે.૩૨)

૩૭૬. આ દેહથી નોખો જે આત્મા તે હું છું ને તે હું પ્રકાશમાન સત્તારૂપ છું. ને તે મારા સ્વરૂપને વિષે પ્રત્યક્ષ ભગવાન અખંડ વિરાજમાન છે, અને તે ભગવાનના આકાર વિના બીજા જે પ્રાકૃત આકાર માત્ર તે અસત્ય છે ને અનંત દોષે યુક્ત છે એવો વૈરાગ્ય હોય, ને ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણતો હોય તેને કોઈ જાતનો બુદ્ધિમાં ભ્રમ થાય નહિ. (છે.૩૩)

## ૨૩ શ્રીજીમહારાજનો નિશ્ચય

૩૭૭. મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિષે વર્તવે કરીને છે ને એ બે વાનાં જેને ન હોય, ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તો પણ એ નાનો જ છે. (પ્ર.૩૧)

૩૭૮. ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને આ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઈન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે, ત્યારે તેમણે કરીને આ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરે કરીને જ હીરો વેંધાય છે પણ બીજા વતે નથી વેંધાતો, તેમ ભગવાનનો નિશ્ચય તે ભગવાન વતે જ થાય છે ને ભગવાનનું દર્શન પણ ભગવાન વતે જ થાય છે પણ માયિક એવાં જે ઈન્દ્રિયો-અંતઃકરણ તેણે કરીને નથી થાતો. (પ્ર.૫૧)

૩૭૯. જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચયે કરીને સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, પછી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે ને જે ચહાય તે કરવાને સમર્થ છે તેમ એ ભક્ત પણ અતિશે સમર્થ થાય છે ને નિર્બંધ થાય છે. (પ્ર.૬૨)

૩૮૦. ભગવાન પણ પોતાની સામર્થી છુપાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્યની પેઠે વર્તે છે અને જે મૂર્ખ હોય તે તો એમ જાણે જે, ભગવાન કાંઈ સામર્થી કેમ પ્રગટ કરતા નથી પણ ભગવાન તો મૂળગી જીવના કલ્યાણને અર્થે પોતાની સામર્થી ઢાંકીને વર્તે છે અને જો પોતાની મોટ્યપ પ્રગટ કરે તો બ્રહ્માંડ પણ નજરમાં ન આવે તો જીવની શી ગણના ? એવી રીતે મહિમાએ સોતો જે આ ભગવાનનો નિશ્ચય તે જેને હૃદયમાં દૃઢપણે થયો હોય તેને કાળ, કર્મ, માયા કોઈ બંધન કરવા સમર્થ નથી. માટે એવી રીતે તત્ત્વે કરીને ભગવાનને જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી. (પ્ર.૬૩)

૩૮૧. ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો તો એને ભગવાનનો નિશ્ચય જ નથી. (પ્ર.૬૮)

૩૮૨. જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારે દુઃખ થાવાનું લખ્યું હોય તે થાય નહિ તો ય પણ પદાર્થ નાશવંત છે માટે એ પદાર્થની ઈચ્છાએ સત્સંગ કરે તો એને નિશ્ચયમાં સંશય થયા વિના રહે જ નહિ, માટે સત્સંગ કરવો તે તો એકલો નિષ્કામપણે પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો તો અડગ નિશ્ચય થાય. (પ્ર.૭૦)

૩૮૩. જ્યારે સમાધિ થાય છે ને તેમાં બ્રહ્મનું દર્શન થાય છે, ત્યારે કોટી કોટી સૂર્ય સરખો બ્રહ્મનો પ્રકાશ દેખીને જો થોડી સમજણ હોય તો પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની જે મૂર્તિ છે, તેને વિષે ન્યૂનપણું સમજે અને બ્રહ્મમાં અધિકપણું માની લે

એટલે ઉપાસનાનો ભંગ થયો, માટે પ્રત્યક્ષ મૂર્તિને વિષે અતિ દૃઢ નિશ્ચય થયો જોઈએ તો સર્વે કામ સરે, અને અમે પણ એમ નિશ્ચય કર્યો છે જે કોઈ અમને સાચો થઈને મન અર્પે અને લેશમાત્ર અંતરાય રાખે નહિ તો તેમાં અમે કોઈ વાતની કસર રહેવા દઈએ નહિ. (પ્ર.૭૩)

૩૮૪. જેને ભગવાનનો આશરો હોય તેમાં તો ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે, અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં તો એકાદશ સ્કંધમાં કહ્યાં એવાં જે સાધુનાં બત્રીશ લક્ષણ તે આવે છે, માટે જેમાં બત્રીશ લક્ષણ સંતનાં ન હોય તેને પૂરો સાધુ ન જાણવો, અને જેને ભગવાનનો નિશ્ચય હોય તેના હૈયામાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે, અને પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ બત્રીશ લક્ષણે યુક્ત હોય. (પ્ર.૭૭)

૩૮૫. જેને અચળ નિશ્ચય હોય તેને ભગવાન સારી ક્રિયા કરે અથવા નરસી ક્રિયા કરે તે સર્વે કલ્યાણકારી ભાસે અને ભગવાન જીતે અથવા હારે અથવા કોઈક ઠેકાણે ભાગે અથવા ક્યારેક રાજી થાય, ક્યારેક શોક કરે ઈત્યાદિક અનંત પ્રકારની ભગવાનની ક્રિયાઓ તેને જોઈને નિશ્ચયવાળો ભક્ત હોય તે એમ કહે જે, પ્રભુની સર્વે ક્રિયા કલ્યાણને અર્થે છે તે જ્યારે બોલે ત્યારે એવું ને એવું બોલતો હોય તો તેને પરિપક્વ નિશ્ચયવાળો જાણવો. (પ્ર.૭૮)

૩૮૬. આ જગતને વિષે જે જે પદાર્થ છે તે દીઠામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં, અડ્યામાં આવે છે તેમાં કેટલાંક શુભ છે ને કેટલાંક

અશુભ છે, ને કેટલાંક સુખરૂપ છે ને કેટલાંક દુઃખરૂપ છે, ને કેટલાંક પ્રિય છે ને કેટલાંક અપ્રિય છે, ને કેટલાંક યોગ્ય છે ને કેટલાંક અયોગ્ય છે એ સર્વે ભગવાનમાં જણાય તેણે કરીને કાંઈ સંશય ન થાય તો એને ઈન્દ્રિયોમાં નિશ્ચય જાણવો. (કા.૧)

૩૮૭. સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણનાં જે કાર્ય છે તેમાં આળસ-નિદ્રાદિક તમોગુણનું કાર્ય છે ને કામ, ક્રોધાદિક રજોગુણનું કાર્ય છે અને જેમ નરનારાયણ પિતૃદેવ કર્મ કરતા હવા તે શમદમાદિક સત્ત્વગુણનું કાર્ય છે, એ સર્વે ભગવાનમાં દેખાય પણ તેમાં કાંઈ સંશય ન થાય તો એને અંતઃકરણમાં ભગવાનનો નિશ્ચય જાણવો. (કા.૧)

૩૮૮. જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તો ય ખબર ન રહી, એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય ને તેમાં કાંઈ સશય ન થાય તો એને જીવને વિષે નિશ્ચય જાણવો. (કા.૧)

૩૮૯. ધર્મ સંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન આવે. અને ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. (લો.૬)

૩૯૦. ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે ને સર્વના ભોક્તા છે માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિષે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે. (લો.૧૨)

૩૯૧. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટી કોટી બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તેને વિષે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. (લો.૧૨)

૩૯૨. પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વ કારણ છે, સર્વ નિયંતા છે અને અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે ને કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્ છે તે જો પોતાની ઈચ્છામાં આવે તો એ અક્ષરધામને વિષે રહ્યા જે મુક્ત તે સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે ને સૂઝે તો એ સર્વ મુક્ત તેમણે સેવ્યા થકા એમની ભક્તિને અંગીકાર કરે ને એ સોતા વિરાજમાન રહે અને જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટી મુક્તોને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે. (લો.૧૩)

૩૯૩. સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેમની મૂર્તિને વિષે સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહિ ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન, ઉપાસના, ભક્તિ કરવી પણ કાંઈ પૃથક્ ન સમજવું. (પં.૭)

૩૯૪. શુભ વાસના રાખતાં રાખતાં બ્રહ્મલોકમાં કે ઈન્દ્રલોકમાં જવાણું તો એમ જાણવું જે, માથાભર નરકના ખાડામાં પડ્યા

છીએ એમ જાણીને શુભ વાસનાને બળે કરીને બ્રહ્મલોક-ઈન્દ્રલોકના ભોગને ત્યાગ કરીને ભગવાનના ધામમાં પૂગવું, પણ વચમાં ક્યાંય ન રહેવું એમ નિશ્ચય રાખવો. (મ.૪૭)

૩૯૫. પરમેશ્વરને યથાર્થપણે કરીને પરમેશ્વર જાણ્યા જે એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિકભાવ નથી અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે. (વ.૫)

૩૯૬. ભગવાનના સ્વરૂપનો જેને સંત-સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે. (વ.૧૨)

૩૯૭. જેને પરિપૂર્ણ નિશ્ચય હોય તે તો એમ સમજે જે મુંને આ ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચૂક્યું છે, અને જે મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ પણ સર્વ પાપ થકી મુકાઈને પરમપદને પામશે, માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું. (વ.૧૨)

૩૯૮. એક તો પાંચ વર્તમાન પાળવાં, ને બીજું પોતાનું સ્વરૂપ સાક્ષી માનવું જે સંકલ્પ તથા નાના પ્રકારના જે તર્ક તે થકી પર જે આત્મા તે હું છું, અને મને સહિત જે દેહ તે હું નહિ એમ વિચારે, ને ત્રીજું ભગવાન કોઈના સામું જોઈને હસતા

હોય વા કોઈને બોલાવતા હોય વા બીજાં ગમે તેવાં ચરિત્ર કરે તેમાં કોઈ દહાડે અભાવ ન આવે એવી રીતનો નિશ્ચય રાખવો એટલું સમજ્યા તો સર્વે સમજ્યા છો. (જે.૩)

૩૯૯. જે જે પદાર્થનો નિશ્ચય થયો છે તે શાસ્ત્રે કરીને થયો છે. ને શાસ્ત્ર ન સાંભળ્યાં હોય તો લોકમાં જે શબ્દ તે શાસ્ત્રથી જ પ્રવર્ત્યા છે તેણે કરીને તેનો નિશ્ચય કર્યો છે તેમ શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ. (છે.૨૭)

૪૦૦. જે ભક્તને એક ભગવાનને વિષે જ મોટપ હોય ને ભગવાનથી બીજું કોઈ પદાર્થ અધિક ન જાણતો હોય, ને ભગવાન વિના બીજા સર્વેને તુચ્છ જાણતો હોય, તથા પોતાની જે પ્રકૃતિ હોય તેને ભગવાન તથા સાધુ તે મરોડે ને પ્રકૃતિ પ્રમાણે ન ચાલવા દે ને પ્રકૃતિ હોય તેથી બીજી રીતે વર્તાવે, ત્યારે જે મૂંઝાય નહિ ને પ્રકૃતિ મરોડે તેમાં કચવાઈ જાય નહિ ને પોતાની પ્રકૃતિ ગમે તેવી કઠણ હોય તેને મૂકીને જેમ ભગવાન તથા સાધુ તે કહે તેમ જે સરલપણે વર્તે, એવી બે પ્રકારે જેની સમજણ હોય તેને ગમે તેવો આપત્કાળ પડે તો પણ ભગવાનનો આશ્રય ન ટળે. (છે.૩૫)

# (૨૪) શ્રીજીમહારાજની ઉપાસના

૪૦૧. ટાઢ-તડકો, ભૂખ-તરસ, માન-અપમાન, સુખ-દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય પણ મૃત્યુસમો તો સમુદ્ર જેવો છે માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે, માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી, તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી. (પ્ર.૬૧)

૪૦૨. જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થયું જોઈએ, જે ભગવાન જેમ જેમ મુને વધુ દુઃખ દેશે તેમ તેમ વધુ મારે વશ થાશે અને પળમાત્ર મુજથી છેટે નહિ રહે, એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થાવું પણ કોઈ રીતે દુઃખ દેખીને અથવા દેહના સુખ સારુ પાછો પગ ભરવો નહિ. (પ્ર.૬૧)

૪૦૩. જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય ને તે ગ્રંથ જો શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય તે ગ્રંથ સુધા બુદ્ધિમાનના કરેલા હોય તો પણ તે

ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ અને જો રણછોડ ભક્તના જેવાં કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન હોય તેને ગાવવાં ને સાંભળવાં તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા. (લો.૬)

૪૦૪. બ્રહ્મથકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે એમ સમજીને પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી - સેવકભાવે ઉપાસના કરવી, એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે તે પણ પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે. (મ.૩)

૪૦૫. જેને એમ હોય જે એક ચૈતન્યના તેજનો રાશિ છે ને તેના મધ્યને વિષે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે એવો દૃઢ નિશ્ચય હોય, ને તે ભગવાનની ઉપાસના - ભક્તિ કરતો હોય તે વાત ગમે. પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના ન કરતો હોય તો તે ન ગમે. (છે.૩૦)

## (૨૫) સ્વરૂપનિષ્ઠા

૪૦૬. ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય તો એ કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંતમાં આવે છે. તે નિશ્ચય કેવો હોય તો જે ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે ને એ સર્વથકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે અને એ સર્વને કર્તા થકા પણ નિર્લેપ છે એમ ભગવાનને જાણે અને એવી રીતે આ પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે તે કોઈ રીતે કરીને ડગે નહિ. (પ્ર.૬૨)

૪૦૭. જે પરિપક્વ જ્ઞાની તેને તો આત્માનું જ અભિમાન દૃઢ રહે છે. ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માને છે અને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તે અખંડ વિરાજમાન છે અને તે ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ એને અખંડ ને અખંડ રહે છે. (સા.૧૨)

૪૦૮. જેને ભગવાનનો નિશ્ચય થઈને ટળી જાય છે તેને તો શાસ્ત્રના વચનની પ્રતીતિ જ નથી એ તો કેવળ મનમુખી છે ને નાસ્તિક છે. ને જો શાસ્ત્રની પ્રતીતિ હોય તો કોઈ કાળે પરમેશ્વરથી વિમુખ થાય જ નહિ, કાં જે શાસ્ત્રમાં તો અનંત

જાતનાં ભગવાનનાં ચરિત્ર છે માટે પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે પણ શાસ્ત્રથી બહાર હોય જ નહિ, માટે જેને શાસ્ત્રનાં વચનનો વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે ને કલ્યાણ પણ તેનું જ થાય છે. (સા.૧૩)

૪૦૯. આ દેહથકી નોખો જે આત્મા તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ અને જ્ઞાન-વૈરાગ્યાદિક સાધને યુક્ત છીએ તો પણ એ નારાયણને પ્રસન્ન કરવાને અર્થે રાતદિવસ ઉજાગરા કરીએ છીએ ને કીર્તન-નામસ્મરણ તે તાળીઓ વજાડી વજાડીને હાથની આંગળીઓ ફાટી જાય એમ કરીએ છીએ તથા કથા-વાર્તા રાતદિવસ કરીએ કરાવીએ છીએ તે જો એ નારાયણ સરખા થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ? માટે એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થાતો નથી. (લો.૧૩)

૪૧૦. ભગવાનનું સ્વરૂપ છે તે સ્વરૂપ સદા દ્વિભુજ છે ને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ પણ જણાય છે, અષ્ટભુજ પણ જણાય છે ને સહસ્ત્રભુજ પણ દેખાય છે ને તે જ ભગવાન મચ્છ, કચ્છ, વારાહાદિક રૂપને તથા રામકૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને અર્થે ધારણ કરે છે, પણ જે પોતાનું મૂળરૂપ છે તેને તજીને એ અવતારનું ધારણ નથી કરતા તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્ય ને અનંત શક્તિ સોતા જ મચ્છ-કચ્છાદિક રૂપને ધારણ કરે છે અને જે કાર્ય નિમિત્ત જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે છે ત્યારે તે દેહનો ત્યાગ પણ કરે છે. (લો.૧૮)

૪૧૧. કોઈક કાળે ભગવાનના વચનનો લોપ થાતો હોય તો તેની ચિંતા નહિ પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાવા દેવો નહિ ને જો ભગવાનનું વચન કાંઈક લોપાણું હોય તો તે ભગવાનની પ્રાર્થના કરીને પણ છૂટકો થાય, પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ કર્યો હોય તો તેનો કોઈ રીતે છૂટકો થાય નહિ. (મ.૯)

૪૧૨. હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે ને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જાશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જાશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. (મ.૯)

૪૧૩. દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, ઉપદેશ ને દેવતા એટલાં વાનાં શુભ ને અશુભ એ બે પ્રકારનાં છે તેમાંથી જો અશુભનો યોગ થાય ને એને કાંઈક વિઘ્ન પડે તો પણ જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહિ. (મ.૯)

૪૧૪. ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય. (મ.૧૩)

૪૧૫. ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહિ એવો જે નિરુત્થાનપણે ભગવાનનો નિશ્ચય એને અમે તદાત્મકપણું કહીએ છીએ; અને એને જ નિર્વિકલ્પ સમાધિ

કહીએ છીએ, ને એવી જાતની જેને નિર્વિકલ્પ સમાધિ થઈ હોય તે સંતનું સ્વરૂપ પણ નિર્ગુણ બ્રહ્મ જ છે, અને એવા અડગ નિશ્ચયવાળા જે સંત તે નિવૃત્તિ માર્ગને વિષે વર્તે અથવા પ્રવૃત્તિ માર્ગને વિષે વર્તે તો પણ એનું નિર્ગુણ જ સ્વરૂપ છે. (મ.૧૪)

૪૧૬. જેને ભગવાનના સ્વરૂપનો એવો નિશ્ચય છે ને જો તેમાં કાંઈક થોડી ઘણી ખોટ રહી ગઈ હશે તો પણ તે ભૂંડી ગતિને નહિ પામે; તે તો અંતે જાતો નિર્ગુણપણાને જ પામશે અને જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય, ને કામ, ક્રોધ, લોભાદિકને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય, તો પણ એના ટાળ્યા કામાદિક નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જાશે, અને આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ એને મોટી બુદ્ધિવાળો જાણવો. અને આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય ને તેને જો ઝાઝી બુદ્ધિ હોય તો પણ તેને બુદ્ધિહીન જાણવો. (મ.૧૪)

૪૧૭. જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે એટલે તેના હૃદયમાં ધર્મ પણ રહે, માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહેજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે, તે કારણપણા માટે બુદ્ધિમાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે. (મ.૧૬)

## (૨૬) કલ્યાણ તથા પરમપદની પ્રાપ્તિ

૪૧૮. કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ યત્ન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર-પુરાણ-ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય, તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ પણ યત્ન કરે નહિ, માટે એને કુશાગ્ર બુદ્ધિવાળા ન જાણવા; એને તો જાડી બુદ્ધિવાળા જાણવા; અને જે કલ્યાણને અર્થે યત્ન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્ર બુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે, તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. (પ્ર.૫૦)

૪૧૯. જેના કુળમાં ભક્ત થયો હોય ને તેના કુટુંબી સર્વે એમ માને જે, આપણું મોટું ભાગ્ય છે જે, આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો છે, એવી રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને હેત રાખે તો તે સર્વે કુટુંબીનું કલ્યાણ થાય અને મરીને પિત્રી જે સ્વર્ગમાં ગયા હોય તે પણ જો એમ જાણે જે, આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો, તે આપણું મોટું ભાગ્ય છે, એમ સમજીને ભગવાનના ભક્તમાં હેત રાખે તો પિત્રીનું પણ કલ્યાણ થાય. (પ્ર.૭૫)

૪૨૦. ભગવાનનું તપ છે તે જે જીવ જેવું કર્મ કરવાને ઈચ્છે તેને તેવાનો પ્રકાશ કરી આપે છે તેમાં જેની અલ્પબુદ્ધિ છે તે

અલ્પ એવું જે વિષય સુખ તેને ઇચ્છે છે અને જેની મોટી બુદ્ધિ છે તે કલ્યાણને ઇચ્છે છે અને ભગવાનની તો સૌ ઉપર સમદૃષ્ટિ છે, માટે જે જીવ જેવું કર્મ કરે છે તેને તેવા ફળને પમાડી દે છે. (સા.૧૬)

૪૨૧. જીવનું કલ્યાણ તો આટલી વાતમાં છે જે પ્રગટ પ્રમાણ એવા જે શ્રી સ્વામિનારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થાતું નથી, એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે. (કા.૧૦)

૪૨૨. ચાર પ્રકારના હરિભક્ત હોય તેને મૃત્યુનો ભય નાશ પામે છે અને કૃતાર્થપણું મનાય છે તે ચાર પ્રકારના હરિભક્તની વિક્તિ : એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર, ચોથો પ્રીતિવાળો એ ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યુનો ભય નથી રહેતો ને દેહ છતે કૃતાર્થપણું મનાય છે. (લો.૨)

૪૨૩. થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે ને એને જ બુદ્ધિવાળો કહીએ. (પં.૩)

૪૨૪. જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થાતો હોય ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધ કર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ

તેનું કલ્યાણ થાય; અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહા ત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે. (પં.૭)

૪૨૫. જેમ પોતાની માતા હોય અથવા બેન હોય તથા દીકરી હોય તે ઘણી રૂપવાન હોય તો પણ તેને દેખીને મનને વિષે વિકાર થાતો નથી, તેમ જ તેની સાથે બોલે છે, સ્પર્શ કરે છે તો પણ મનને વિષે લેશમાત્ર વિકાર થાતો નથી, એવી રીતે ભગવાનના ભક્ત જે બાઈઓ હોય તેને વિષે મા, બેન ને દીકરી તેની બુદ્ધિ રહે તો કોઈ રીતે વિકાર થાય નહિ અને રસિક માર્ગે કરીને ભગવાનને ભજીને અભયપદને પામે. (મ.૩)

૪૨૬. પુરુષોત્તમ ભગવાન છે તે બ્રહ્મરૂપ જે પોતાની શક્તિ તેણે કરીને સર્વેને વિષે વ્યાપક છે ને મૂર્તિમાન થકા સર્વથી જુદા છે અને બ્રહ્મ છે તે તો પુરુષોત્તમ ભગવાનની કિરણ છે ને પોતે ભગવાન તો સદા સાકાર મૂર્તિ જ છે, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને તો ભગવાનને મૂર્તિમાન સમજીને તેનો આશ્રય દૃઢ રાખવો. અને વાત પણ એવી કરવી જે, કોઈને ભગવાનનો આશ્રય હોય તે ટળે નહિ. (મ.૧૦)

૪૨૭. ધર્મ, અર્થ ને કામ સંબંધી જે ફળની ઈચ્છા તેનો ત્યાગ કરીને તેના તે શુભ કર્મ જો ભગવાનની પ્રસન્નતાને અર્થે કરે, તો એ જ શુભ કર્મ છે તે ભક્તિ રૂપ થઈને કૈવલ્ય મોક્ષને અર્થે થાય છે. (મ.૧૧)

૪૨૮. પુરુષપ્રયત્ને યુક્ત જે વર્તે ને નાદારપણાનો સારી પેઠે ત્યાગ કરે એ જ કલ્યાણને માર્ગે ચાલ્યો તેને સ્વભાવ જીત્યાનો અતિશે મોટો ઉપાય છે ને એ પુરુષપ્રયત્ન રૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે સર્વે પુરુષપ્રયત્ન રૂપી સાધનને વિષે આવે છે માટે પુરુષપ્રયત્ન તે જ કલ્યાણને અર્થે સર્વે સાધન થકી મોટું સાધન છે. (મ.૧૨)

૪૨૯. નિયમમાં છે ઈન્દ્રિયો જેનાં ને શ્રદ્ધાવાન એવો જે પુરુષ તે જ્ઞાનને પામે છે ને જ્ઞાનને પામીને તત્કાળ પરમપદને પામે છે. માટે જે અતિશે શ્રદ્ધાવાન હોય તેને વહેલી સાધનની સમાપ્તિ થાય છે. (મ.૧૬)

૪૩૦. ભગવાનની મૂર્તિનો આશ્રય હોય, ને ભગવાનનાં ચરિત્રને ગાતો - સાંભળતો હોય, ને ભગવાનનું નામ-સ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો તે માથે પાણો લેઈને સમુદ્રને તરવાને ઈચ્છે એવો જાણવો, ને તેને ચાંડાળ જેવો જાણવો. માટે એ ચાર વાનાંએ કરીને જ જીવનું કલ્યાણ જરૂર થાય છે, પણ એ વિના બીજું કોઈ એવું સાધન નથી જે જેણે કરીને કલ્યાણ થાય. (મ.૩૫)

૪૩૧. ભગવાન ને ભગવાનના સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જાવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને પરમપદને પામે માટે જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું. (મ.૪૫)

૪૩૨. જેને આવી રીતે અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થાતું હોય, ને એવી વાસનાએ યુક્ત જો દેહ મૂકે તો તેને ફરીને ગર્ભવાસમાં આવવું પડે જ નહિ, અને એવી રીતે ભગવાનનું ચિંતવન કરતાં જીવતો હોય તો પણ એ પરમપદને પામ્યો જ છે, અને જેવા શ્વેતદ્વીપમાં નિરન્ન મુક્ત છે તેવો જ એ પણ નિરન્ન મુક્ત થઈ રહ્યો છે, અને દેહ ક્રિયા તો યોગ્ય હોય એટલી સહેજે જ થાય છે, અને જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે, ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી. (મ.૪૮)

૪૩૩. જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરનારા છે, ને ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે. (મ.૪૯)

૪૩૪. કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે, પણ ભગવાન છે તે અતિ સમર્થ છે ને તેની આજ્ઞાને બ્રહ્માદિક સમગ્ર દેવ પાળે છે, તથા કાળ-માયાદિક જે સર્વે બ્રહ્માંડના કારણ તે પણ ભગવાનના ભય થકી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે, માટે ભગવાનનો ભક્ત હોય તેને એ ભગવાનની આજ્ઞા છે તે દૃઢ કરીને માનવી, એ જ ભગવાનના ભક્તનું લક્ષણ છે તે સારુ સાધન સર્વે અતિ દૃઢ કરીને રાખવાં; એટલે એક ભગવાન વતે જ કલ્યાણ છે, અને એ સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે. (મ.૬૬)

૪૩૫. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તે લક્ષણે કરીને તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થાવું. અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનના મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ એ જીવનું કલ્યાણ થાય છે. અને જ્યારે એવા સાધુ પણ ન હોય ત્યારે ભગવાનની પ્રતિમાને વિષે દૃઢ પ્રતીતિ રાખવી ને સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. (વ.૧૦)

૪૩૬. મોટા પુરુષનો જે ઉપર કોપ થાય તે જીવ આસુરી થઈ જાય છે, અને જે ઉપર મોટા પુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે. પણ બીજું દૈવી-આસુરી થવાનું કારણ નથી, માટે જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું હોય તેને ભગવાન ને ભગવાનના ભક્ત તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ, અને જે રીતે ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું. (વ.૧૫)

૪૩૭. જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ, જે હું ઊંચા કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ, અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. (છે.૧૨)

૪૩૮. જો સંબંધી પણ ન હોય ને જો તેને એ ભક્તને વિષે હેત હોય તો તેનું પણ સારું થાય, કેમ જે એને મૂઆટાણું થાય ત્યારે તે ભક્ત તેને સાંભરી આવે ને તે ભક્તની વૃત્તિ તો ભગવાન સાથે નિરંતર લાગી છે ને તે ભક્તનું તેને સ્મરણ થાય, માટે તેનું કલ્યાણ થાય છે. (છે.૨૭)

# ૨૭ ભગવાનને વિષે પ્રીતિ

૪૩૯. સાધુનો સંગ રાખવો ને કુસંગનો ત્યાગ કરવો. અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે, ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, અને દેહના સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે, ને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે, ને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે. (પ્ર.૮)

૪૪૦. પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાનાં જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઈચ્છે જ નહિ, અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ; એવો જે હોય તે હરિનો દાસ કહેવાય. (પ્ર.૧૪)

૪૪૧. ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ કહીએ ને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજા સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે અને જેને પરિપૂર્ણ ભગવાનમાં સ્નેહ હોય ને તેને જો જાણે અજાણે ભગવાનની મૂર્તિ વિના બીજો કાંઈક ઘાટ થાય તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ કાંકરા તથા ધૂળનો ખોબો ભરીને નાખે ને જેવું વસમું લાગે અથવા કપાળમાં બળબળતો ડામ દે ને જેવો વસમો લાગે તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય

તે વસમો લાગે, એવી રીતે જેને વર્તતું હોય તેને ભગવાનને વિષે પ્રીતિ છે એમ જાણવું. (પ્ર.૪૪)

૪૪૨. સ્નેહનું રૂપ તો એ છે જે સ્નેહમાં કોઈ જાતનો વિચાર ન જોઈએ, અને જ્યારે જે ગુણ વિચારીને સ્નેહ કરે તે તો જ્યારે અવગુણ દેખે ત્યારે તેનો સ્નેહ તૂટી જાય, માટે હેત તો જેમ થયું હોય તેમ ને તેમ રહેવા દેવું, પણ વિચાર કરીને વારે વારે સ્થાપન - ઉત્થાપન કરવું નહિ ને મૂઢપણે ભગવાનને વિષે હેત કરવું ને જે ગુણને વિચારીને હેત કરે તે હેતનો વિશ્વાસ નહિ, માટે હેત તો જેમ દેહના સંબંધી સંગાથે છે તેવું ભગવાનને વિષે હેત કરવું ને એ હેતને મૂઢપણાનું હેત કહીએ; અને ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે તે તો બીજી જ રીતનું છે એમ જાણવું. (પ્ર.૫૭)

૪૪૩. ભગવાનનો વિશ્વાસ હોય જે, આ મુંને મળ્યા છે તે નિશ્ચે જ ભગવાન છે તથા આસ્તિકપણું હોય તથા ભગવાનનાં જે ઐશ્વર્ય તેને જાણે જે, આ ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક, શ્વેતદ્વિપ એ આદિક સર્વે ધામના પતિ છે તથા અનંતકોટી બ્રહ્માંડના પતિ છે તથા સર્વના કર્તા છે અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીશ તત્ત્વ, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ; એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે અને સર્વના અંતર્યામી જાણે, એવી રીતની સમજણ સોતો જે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપને વિષે નિશ્ચય તે જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહનું કારણ છે. (પ્ર.૫૯)

૪૪૪. જે પુરુષને પરમેશ્વર વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, આ પુરુષ તો અતિશે મોટા છે ને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી અને હું તો અતિશે પામર છું, જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મુને ધિક્કાર છે એવી રીતે અનુતાપ કરે, અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે, પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે ને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે. (પ્ર.૬૭)

૪૪૫. જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય, અને ગમે તેવા વચનના ભીડામાં લેઈએ ને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મૂંઝાય નહિ એવો હોય, તે પાકો સત્સંગી છે, અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે અને એવા ગુણ ન હોય તો હેત કરવા જઈએ તો પણ હેત થાય નહિ, અને અમારી તો એ જ પ્રકૃતિ છે જે, જેના હૃદયમાં ભગવાનની એવી પરિપૂર્ણ ભક્તિ હોય, તે ઉપર જ હેત થાય છે. (પ્ર.૭૬)

૪૪૬. સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે, તથા કામે કરીને પણ થાય છે, તથા લોભે કરીને પણ થાય છે, તથા સ્વાર્થે કરીને પણ થાય છે, તથા ગુણે કરીને પણ થાય છે. તેમાં રૂપે કરીને જે સ્નેહ થાય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત નીસરે અથવા કોઢ નીસરે

ત્યારે સ્નેહ થયો હોય તે નાશ પામે છે, તેમ જ લોભ, કામ ને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે. (સા.૨)

૪૪૭. જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ; જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (કા.૧૧)

૪૪૮. જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક પંચવિષય તેને હરામ કરી નાખ્યા છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સંગાથે દૃઢપણે જોડાણો છે તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી, માટે એ ભક્તને પાંચે પ્રકારે ભગવાન સંગાથે અખંડ સંબંધ રહે છે. (કા.૧૧)

૪૪૯. ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી ને દિવ્યભાવ જણાવે તો વિજાતિપણું થાય. માટે ભક્તને પોતામાં હેત ને સુવાણ થાય નહિ તે સારુ મનુષ્યરૂપે એ ભગવાન થાય છે ત્યારે પોતાનો દિવ્યભાવ છે તેને છૂપાવી રાખવો તે ઉપર જ પોતાની દૃષ્ટિ

રહે છે. અને છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે ને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈક ભક્તને જણાવે છે. (પં.૪)

૪૫૦. જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી, એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ અને જેને ભગવાનને વિષે અતિશે પ્રીતિ હોય તેને તો આ વાર્તા સમજાય અથવા ન સમજાય તો પણ તેને તો કાંઈ કરવું રહ્યું નથી. (મ.૯)

૪૫૧. જે ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય જ નહિ અને એમ સમજે જે, ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના જે વૈભવ છે તે સર્વે નાશવંત છે એમ જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે, માટે એવા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી. (મ.૨૪)

૪૫૨. ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય, અથવા ગમે તેવું અપમાન થયું હોય, ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વે દુઃખ થકી રહિત થઈ જાય, અને વળી ગમે તેવી રાજ્ય સમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો

જણાતો હોય, અને જે ઘડીએ એ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો. એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય, એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય તેને એ ભગવાનને વિષે દૃઢ આસક્તિ થઈ જાણવી. (મ.૨૯)

૪૫૩. ભગવાનને વિષે પ્રીતિ તો તેની જ સાચી જે જેને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે પ્રીતિ જ ન થાય, અને સર્વે સદ્‌ગ્રંથનું પણ એ જ રહસ્ય છે જે ભગવાન છે એ જ પરમ સુખદાયક છે, ને પરમ સાર વસ્તુ છે, ને તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે અતિશે તુચ્છ છે ને અતિ અસાર છે, અને જેને ભગવાન જેવી બીજા પદાર્થમાં પણ પ્રીતિ હોય તેનો તો ઘણો જ પાયો કાચો છે. (મ.૫૬)

૪૫૪. જે ભગવાનનો ભક્ત હોય તેને તો ભગવાનને રાજી કર્યા સારું પંચવિષયનો અતિશે ત્યાગ કર્યો જોઈએ, પણ ભગવાનને વિષે જે પ્રીતિ તેમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહિ. (મ.૫૬)

૪૫૫. ભગવાનની મોટપ સામું જોઈએ ત્યારે તો એવું કોઈ પદાર્થ છે નહિ જે તેની કોટીમા ભાગના પાસંગમાં પણ આવે એવા ભગવાનને યથાર્થ જાણીને જો હેત કર્યું હોય તો માયિક પદાર્થ જે પિંડ-બ્રહ્માંડાદિક તેમાં ક્યાંય પણ પ્રીતિ રહે નહિ. (મ.૫૭)

૪૫૬. જેને ભગવાન કે ભગવાનના ભક્ત સંગાથે હેત હોય તેને ભગવાન કે ભગવાનના ભક્ત ઉપર ક્રોધ કે ઈર્ષ્યા આવે

જ નહિ અને અવગુણ પણ કોઈ રીતે આવે જ નહિ. એવું જેને હોય તેને હેતનું અંગ કહીએ. અને જેને જ્ઞાન કે હેત એ બેમાંથી એકેય અંગ નથી તેને ચાળાચૂંથણો કહીએ. (છે.૧)

૪૫૭. બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થાતી નથી. (છે.૨)

૪૫૮. કેવળ જે આત્મજ્ઞાની છે તે બ્રહ્મરૂપ થાય છે તો પણ તેને કુસંગનો પાશ જાતો નથી ને ભગવાન ને ભગવાનના ભક્તમાં દયા ને સ્નેહ થાતો નથી, માટે ભગવાનના ભક્તને તો માયિક ઉપાધિનો સંગ મટી જાય છે, તો પણ ભગવાન તથા ભગવાનના ભક્ત તેને વિષે અતિશે દયા ને પ્રીતિ વૃદ્ધિને પામે છે, પણ કોઈ રીતે દયા તથા પ્રીતિ ટળતી નથી, અખંડ રહે છે. (છે.૩)

૪૫૯. ભગવાનનો ભક્ત હોય, ને તે જ્ઞાન-વૈરાગ્યે યુક્ત હોય ને વિચારને બળે કરીને પોતાને બંધન કરે એવી જે માયિક પદાર્થમાં પ્રીતિ તેને ટાળી નાખી હોય, તો પણ એ ભક્તને જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધિ થાય નહિ ત્યાં સુધી બાધિતાનુવૃત્તિ રહી જાય છે. (છે.૪)

૪૬૦. જે ભગવાનના ભક્તને એક તો દૃઢ વૈરાગ્ય હોય અને બીજો અતિશે સ્વધર્મ હોય, અને જેણે એ બે સાધને કરીને સર્વ ઈન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યાં હોય, અને જેને ભગવાન

ને ભગવાનના ભક્તને વિષે અતિશે પ્રીતિ હોય, અને જેને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે અતિશે મિત્રભાવ વર્તતો હોય, અને જે કોઈ દિવસ ભગવાન કે ભગવાનના ભક્ત થકી ઉદાસ થાય નહિ, અને જે ભગવાન ને ભગવાનના ભક્તને સંગે જ રાજી રહે પણ કોઈ વિમુખ જીવની સોબત ગમે નહિ, એવાં જે હરિભક્તનાં લક્ષણ હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે. (છે.૮)

૪૬૧. હરિભક્તને ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન, સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરના ચરણારવિંદને પામવા ઈચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું, ને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહિ. (છે.૯)

૪૬૨. જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દૃઢ પ્રીતિ રહે તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે. (છે.૧૧)

૪૬૩. પોતાના દેહનાં જે સગાં-સંબંધી હોય ને તે સત્સંગી હોય તો પણ તેમાં અતિશે હેત રાખવું નહિ, જેમ દૂધ-સાકર

હોય ને તેમાં સર્પની લાળ પડી હોય તેનું જે પાન કરે તેના પ્રાણ જાય, તેમ પોતાના દેહના જે સગાં-સંબંધી હોય ને તે હરિભક્ત હોય તો પણ તેમાં દેહના સંબંધરૂપ સર્પની લાળ પડી છે માટે તેમાં હેતના કરનારાનું જરૂર અકલ્યાણ થાય છે. એમ જાણીને જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને દેહના જે સગાં-સંબંધી હોય તે સાથે હેત રાખવું નહિ. એમ સંસારમાંથી નિસ્પૃહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું. (છે.૧૨)

૪૬૪. ભૂંડા દેશ, કાળ, ક્રિયા ને સંગ તેને યોગે કરીને ભૂંડા કર્મનો ચિત્તમાં પાશ બેઠો છે તેવી રીતે અતિશે પવિત્ર દેશ, પવિત્ર કાળ, પવિત્ર ક્રિયા ને પવિત્ર સંગ તેને યોગે કરીને અતિશે તીક્ષ્ણ જો સુકૃત કર્મ થાય તો તેને યોગે કરીને અતિ તીક્ષ્ણ જે ભૂંડા પાપકર્મ તેનો નાશ થઈ જાય છે ત્યારે એને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ થાય છે. (છે.૧૪)

૪૬૫. જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ, અને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ, કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેને સંગાથે જ પ્રીતિ રહે ને તેની મરજી પ્રમાણે જ વર્તે, ને બીજાને જે કાંઈક માને તે તો તેના જાણીને માને એવી જેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેને વિષે

પતિવ્રતાના જેવી દૃઢ ભક્તિ હોય ને તે ગમે તેવા બીજા ગુણવાનને દેખે પણ તેને વિષે પ્રીતિ થાય જ નહિ. (છે.૧૬)

૪૬૬. અનંત પ્રકારનાં પાપ છે, પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે અતિ મોટું પાપ છે. (છે.૧૭)

૪૬૭. જેનો જે સ્વભાવ હોય તેની ઉપર વારંવાર અમે કઠણ વચનના ડંક માર્યા હોય ને કચવાવ્યો હોય તો પણ કોઈ રીતે પાછો ન પડ્યો હોય, તે ઉપર તો અમારે એવું હેત રહે છે તે જાગ્રત-સ્વપ્નમાં સંભાર્યા વિના તે હેત એમનું એમ રહ્યું જાય છે ને ગમે તેમ થાય પણ તે હેત ટળતું નથી. (છે.૨૪)

૪૬૮. પંચવિષયના ત્યાગ સંબંધી નિયમને દૃઢપણે સાવધાન થકો પાળે, તથા ભગવાન ને ભગવાનના ભક્ત તેની દેહે કરીને પરિચર્યા કરે, તથા ભગવાનની કથા સાંભળે, ઈત્યાદિક નવ પ્રકારની ભક્તિ સંબંધી જે નિયમ તેને પાળે, ત્યારે એના મનમાં પણ શુભ સંકલ્પ થવા લાગે એવી રીતે બે પ્રકારના નિયમમાં જે વર્તે તો તેને વૈરાગ્ય ને ભગવાનને વિષે પ્રીતિ એ બે ન હોય તો પણ તે થાય, ને અતિશે બળિયો થઈ જાય ને એને પદાર્થમાં અશુભ વાસના ટળીને એક ભગવાનની વાસના દિવસે દિવસે વૃદ્ધિ પામતી જાય છે. (છે.૩૪)

## (૨૮) સત્સંગ અને કુસંગ

૪૬૯. આ સત્સંગમાં જે વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે ને ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે ને ભગવાન ને સાધુ પોતાના હિતને અર્થે કઠણ વચન કહે છે તેને પોતાના હિતકારી માને છે ને દુઃખ નથી લગાડતો તે તો દિવસે દિવસે સત્સંગને વિષે મોટપને પામે છે. (પ્ર.૬)

૪૭૦. ભરતજીએ દયાએ કરીને મૃગલામાં પ્રીતિ કરી તો પોતે મૃગલું થયા, માટે ગમે તેવા મોટા હોય તેનું પણ કુસંગે કરીને તો ભૂંડું જ થાય છે. અને ગમે તેવો પાપી જીવ હોય ને તે જો સત્ય સ્વરૂપ એવા જે ભગવાન તેનો પ્રસંગ કરે તો પરમ પવિત્ર થઈને અભયપદને પામે. (પ્ર.૪૨)

૪૭૧. જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ ભગવાનના ભક્તને વિષે થાય તો એ ભગવાનના માર્ગથકી કોઈ દિવસ પાછો પડે નહિ. (પ્ર.૫૪)

૪૭૨. સમજ્યા વિના ગમે તેટલો વૈરાગ્ય હોય અથવા ભગવાનમાં પ્રીતિ હોય તો પણ અગ્નિની જ્વાળાની પેઠે કુસંગરૂપી જળે કરીને સર્વે નાશ થઈ જાય છે અને સમજીને જે વૈરાગ્ય ને પ્રીતિ હોય તે તો વિજળીના અગ્નિ જેવી છે તે થોડી હોય તો પણ નાશ ન પામે. (સા.૧૮)

૪૭૩. ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે તો પણ અનંતકોટી બ્રહ્માંડના કર્તા-હર્તા છે અને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ઈત્યાદિક જે ધામ તે સર્વેના સ્વામી છે, અને અનંતકોટી એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વેના સ્વામી છે, એવો ભગવાનનો મહિમા જાણીને વિશેષે શ્રવણાદિક ભક્તિને દંઢ કરીને રાખે અને તે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તેવી રીતે જે વર્તે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ. (લો.૧)

૪૭૪. જેને આળસ બહુ હોય ને નિદ્રા બહુ હોય ને સ્નાન-ધ્યાનાદિક જે નિયમ તેને પાળવાનું કોઈક કહે તો કહે જે, હમણાં કરશું; શી ઉતાવળ છે; ધીરેધીરે થાશે એમ બોલે તે સુધો સારો હોય તો પણ તેનો સંગ ન કરવો. (લો.૬)

૪૭૫. જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ ને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહિ માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે. અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ. (લો.૧૭)

૪૭૬. દુષ્ટનો જે સંગ તેનું જ નામ કુસંગ છે, ને જેમ સત્પુરુષનો જે સંગ તેથી કોઈ મોટું પુણ્ય નથી તેમ ચાંડાળ એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી, માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને નાસ્તિક તથા વેદાંતીનો સંગ કરવો જ નહિ. (મ.૧૮)

૪૭૭. સંસારી જીવ છે તેને તો કોઈ ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તુરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જે હરિભક્ત હોય ને જંત્ર-મંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો. (મ.૩૮)

૪૭૮. જેને ભગવાનના સંતને વિષે જ આત્મબુદ્ધિ છે, જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે પછી તે છોકરો તેને ગાળો દે, મૂછો તાણે તો પણ અભાવ આવે નહિ અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહિ. શા માટે જે એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ છે, એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે. (મ.૫૪)

૪૭૯. જેવી શ્વેતદ્વિપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હઈએ તો આ સંતસભાના સમ છે. (છે.૨)

૪૮૦. જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે

સત્સંગમાંથી મન પાછું હઠે નહિ. એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે, ને તે જ અમારી નાત છે, ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે. (છે.૨૧)

## (૨૯) પંચવિષય

૪૮૧. પંચે ઈન્દ્રિયોને યોગ્ય - અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જશે. અને પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે, તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે. અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચે ઈન્દ્રિયોના આહારમાંથી એકે ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનને વિષે જે કાંઈ વિક્ષેપ થઈ આવે છે તેવું કારણ તે પંચ ઈન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી. (પ્ર.૧૮)

૪૮૨. જ્યારે કોઈક સારા વિષયની પ્રાપ્તિ થાય, ત્યારે ભગવાનને પડ્યા મૂકીને વિષયમાં પ્રીતિ કરે અથવા પુત્રકલત્રાદિકને વિષે પ્રીતિ કરે અથવા રોગાદિક સંબંધી પીડા થાય અથવા પંચ વિષયનું સુખ હોય તે મટી જાય, ત્યારે ભગવાનને વિષે પ્રીતિ રહે નહિ ને વિકળ જેવો થઈ જાય ને જેમ કૂતરાનું ગલુરિયું હોય તે પણ નાનું હોય ત્યારે સારું દીસે તેમ એવાની ભક્તિ પ્રથમ સારી દીસે પણ અંતે શોભે નહિ. (સા.૧)

૪૮૩. તપ્તકૃચ્છ-ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાખે તો પણ જેવું આવી ભગવદ્વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થાતું નથી અને આવી વાત સાંભળીને જેવું તમારું

સર્વેનું મન નિર્વિકલ્પ થાતું હશે તેવું ધ્યાન કરતા હશો તથા માળા ફેરવતા હશો ત્યારે નહિ થાતું હોય, માટે વિશ્વાસ રાખીને પ્રીતિએ સહિત જે ભગવાન પુરુષોત્તમ નારાયણની વાત સાંભળવી એથી બીજું મનને સ્થિર થવાનું ને નિર્વિષયી થવાનું કોઈ મોટું સાધન નથી. (કા.૧૨)

૪૮૪. ભગવાન સંબંધી જે પંચવિષય તેને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે અને જગત સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે. (લો.૬)

૪૮૫. વિષયનો અભાવ થયાનું મુખ્ય સાધન તો પરમેશ્વરનું માહાત્મ્ય છે ને તે પછી આત્મનિષ્ઠા ને વૈરાગ્ય છે. (લો.૧૭)

૪૮૬. મોહને ઉદય થયાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે. અને જેને એ વિષયમાંથી ચિત્તને ઉખેડવું હોય તેને પ્રથમ તો આત્મનિષ્ઠા અતિ દૃઢ કરીને રાખવી જે હું આત્મા છું પણ દેહ તે હું નહિ એક તો એ વિચાર દૃઢ કરવો, અને બીજું જે પ્રકારે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે તે વાર્તા પણ સારી પેઠે સમજવી, અને ત્રીજું ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અતિશેપણે સમજવું, તે એમ વિચારવું જે, પંચવિષય છે તે તો ભગવાનના કર્યા થાય છે માટે ભગવાનમાં તો એથી અતિ ઝાઝું સુખ છે. (મ.૧)

૪૮૭. ભગવાનના ભક્તને હિંમત રાખીને ધીરે ધીરે મોહનું મૂળ ઉખાડ્યાનો આદર રાખવો. અને જ્યાં સુધી સારા ને નરસા

એ બે વિષય તુલ્ય ન જણાય ત્યાં સુધી એ ભગવાનનો ભક્ત સાધનદશામાં કહેવાય અને જ્યારે સારા-નરસા વિષય તુલ્ય ભાસે ત્યારે એ ભક્ત સિદ્ધદશાને પામ્યો જાણવો અને જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો. (મ.૧)

૪૮૮. નિયમે કરીને પંચવિષય જિતાય છે અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ, માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલ નિયમ તે જ છે. (મ.૧૬)

૪૮૯. ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્કથા-વાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસી પૂજા કરવી હોય ઈત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહ ક્રિયા તેને અતિશે ઉતાવળો થઈને કરે; અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને અર્થે પણ આકળો થઈ જાય. અને મોટું માણસ હોય તો પણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે; એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો. અને જે આવી શ્રદ્ધાવાળો હોય તે સર્વે ઈન્દ્રિયોને પણ તત્કાળ વશ કરે છે. (મ.૧૬)

૪૯૦. શ્રોત્ર, ત્વક્, ચક્ષુ, રસના ને ઘ્રાણ એ પાંચે ઈન્દ્રિયોને જ્યારે કુમાર્ગમાં ન જાવા દે ત્યારે ઈન્દ્રિયોના આહાર શુદ્ધ થાય

છે, તે કેડે અંતઃકરણ પણ શુદ્ધ થાય છે; માટે વૈરાગ્યનું બળ હોય અથવા ન હોય તો પણ જો ઈન્દ્રિયોને વશ કરીને પરમેશ્વરના નિયમમાં રાખે તો જેમ તીવ્ર વૈરાગ્યે કરીને વિષય જિતાય છે તે થકી પણ તે નિયમવાળાને વિશેષ વિષય જિતાય છે માટે પરમેશ્વરના બાંધેલ જે નિયમ છે તેને અતિ દૃઢ કરીને રાખવા. (મ.૧૬)

૪૯૧. ભૂંડા દેશ, કાળ, સંગ ને ક્રિયા તેને યોગે કરીને જીવને પંચવિષયના જે ઘા લાગ્યા છે તે જ્યારે નવધા ભક્તિ માંહીલી જે ભક્તિ કરતાં થકાં એ પંચવિષયના ઘાની પીડા ન રહે ને પંચવિષયનું સ્મરણ ન થાય એ જ એને પાટો ગોઠ્યો જાણવો અને એ જ એને ભજન-સ્મરણનું અંગ દૃઢ જાણવું. (છે.૧૫)

# (૩૦) દેશ-કાળાદિક

૪૯૨. દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દીક્ષા, ઉપદેશ ને દેવતા એટલાને યોગે કરીને શુભ અથવા અશુભ આચરણ થાય છે. તે જો રૂડા દેશ, કાળ, સંગાદિક પ્રાપ્ત થયા હોય તો ભગવાનને વિષે પણ તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે અને જો ભૂંડા દેશાદિકનો યોગ થાય તો ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ થાય છે. (લો.૧૦)

૪૯૩. જ્યારે જે સ્થળમાં કાળનું વિષમપણું હોય ત્યારે તે ઠેકાણેથી અન્ય સ્થળમાં ભાગી જાવું પણ વિષમ કાળમાં રહેવું નહિ. તે કાળ સત્યયુગ, ત્રેતા, દ્વાપર ને કળિરૂપે કરીને બહાર વર્તે છે ને પોતાના અંતરમાં પણ વર્તે છે, તે જ્યારે હૈયામાં કળિ વર્તતો હોય ત્યારે ભગવાનની મૂર્તિ હૈયામાં ધારવી નહિ બહાર નેત્રને આગળ ધારવી. (લો.૧૦)

૪૯૪. એકલું કાળનું જે બળ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું કર્મનું બળ કહે તે પણ પ્રમાણ નહિ ને એકલું પરમેશ્વરનું બળ કહે તે પણ પ્રમાણ નહિ; એ તો જ્યારે જેનું પ્રધાનપણું હોય તે સમે શાસ્ત્રમાં તેનું જ પ્રધાનપણું કહ્યું હોય પણ સર્વે ઠેકાણે એનું એ લેવું નહિ અને જ્યારે જેવી પરમેશ્વરની ઈચ્છા હોય ત્યારે તેવું જ કાળનું સામર્થ્ય પ્રવર્તે છે તે કાળે કરીને પરમેશ્વર

જે તે જીવના દેહ, ઇન્દ્રિય, મન, પ્રાણને સૃજે છે. પછી તો જે જીવ જેવું કર્મ કરે તેને તેવા દેહની પ્રાપ્તિ થાય છે. (વ.૬)

૪૯૫. જીવને પૂર્વ જન્મને વિષે અથવા આ જન્મને વિષે કોઈક અતિશે ભૂંડા જે દેશ, કાળ, સંગ ને ક્રિયા તેનો યોગ થઈ ગયો છે તેણે કરીને અતિશે તીક્ષ્ણ કર્મ થયાં છે, તે ભૂંડા કર્મનો એના ચિત્તમાં પાશ લાગ્યો છે, માટે સાર-અસારને જાણે છે તો પણ એને અસારનો ત્યાગ કરીને પરમેશ્વરને વિષે દૃઢ પ્રીતિ થાતી નથી. (છે.૧૪)

## (૩૧) આજ્ઞા

૪૯૬. ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે ને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું સુખ-દુઃખ થાય છે તે કર્મનું પ્રેર્યું થાતું નથી; ભગવાનના ભક્તને તો જેટલું દુઃખ થાય છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે. (પ્ર.૩૪)

૪૯૭. ભગવાન તો ગરીબના અંતરને વિષે પણ વિરાજમાન રહ્યા છે તે એ ગરીબના અપમાનના કરતલનું ભૂંડું કરી નાખે છે, એવું જાણીને કોઈ અલ્પ જીવને પણ દૂભવવો નહિ, અને જો અહંકારને વશ થઈને જેને તેને દૂભવતો ફરે તો ગર્વગંજન એવા જે ભગવાન તે અંતર્યામીરૂપે સર્વમાં વ્યાપક છે તે ખમી શકે નહિ, પછી ગમે તે દ્વારે પ્રગટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનને સારી પેઠે નાશ કરે છે. (પ્ર.૬૨)

૪૯૮. જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો, ને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે એમ જાણશો, તો પણ તમારે મારે વિષે હેત રહેશે તેણે કરીને તમારું પરમ કલ્યાણ થાશે અને આ વાતને નિત્યે

નવી ને નવી રાખજ્યો પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા, આજ છે તેવી જ કાલ નવી ને નવી રાખજ્યો, અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો, અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો. (મ.૧૩)

૪૯૯. તમારો સર્વેનો આચાર્ય ને ગુરુ ને ઉપદેષ્ટા ને ઈષ્ટદેવ એવો જે હું તે મારા દેહનાં જે આચરણ તે પ્રમાણે પણ તમારે ન કરવું, અને અમારા સંપ્રદાયને વિષે જેમ જેના ધર્મ કહ્યા છે તે જે અમારાં વચન તે પ્રમાણે તમારે સર્વેને રહેવું, પણ અમારા આચરણ પ્રમાણે ન રહેવું. (વ.૧૮)

૫૦૦. મુંને તો પ્રગટ પુરુષોત્તમ મળ્યા છે, તે કુરાજી થાશે તો મોટી ખોટ આવશે, એમ જાણીને કામ વાસનાનો ત્યાગ કરવો અને ભગવાન સબંધી સુખનું ગ્રહણ કરવું, ને દેહના સંબંધીમાં પ્રીતિ હોય તેનો ત્યાગ કરવો ને ભગવાન ને ભગવાનના દાસ જે સંત તે સંગાથે પ્રીતિ કરવી એ ગ્રહણ કરવું. ને દેહને વિષે અહંબુદ્ધિ હોય તો તેનો ત્યાગ કરીને ભગવાનના દાસપણાની બુદ્ધિનું ગ્રહણ કરવું. (અ.૫)

૫૦૧. જે જે ક્રિયાને વિષે ક્રોધ ઊપજે તે મોટા સાધુને ઊપજે અથવા નાના સાધુને ઊપજે, તો જેની ઉપર ક્રોધ ઊપજે તેને એક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો. અને ગદ્ગદ હૃદય થઈને દીનતાએ કરીને રૂડાંરૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો. (અ.૮)

૫૦૨. અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે અમારું જો વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું, અને તમે પણ એમ જાણજ્યો જે અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમારે મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાતદકાળી જેવું પડશે તે થકી રક્ષા કરશું, અને કોઈએ ઊગર્યાનો આરો નથી એવું કષ્ટ આવી પડશે તો ય પણ રક્ષા કરશું, જો અમારા આ સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહા દુઃખ પામશો તેમાં અમારે લેણા દેણા નથી. (જે.૫)

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

સર્વજીવહિતાવહ
બ્રહ્મયજ્ઞના
૨૫
વર્ષ
રજત પર્વે અમૃત સમિપે
૧૯૮૧ - ૨૦૦૬

સ્વભાવ જીત્યા વિના મહાપ્રભુજીના
સુખની ઈચ્છા રાખવી તે તો વલખાં છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ